અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08

ભોજપુરી સ્ટાર ખેસારી લાલ યાદવ પર ભડકી મલાઈકા અરોરા:ફોટો માટે ડોગને.....



પેજ-09

ભારત ઝિમ્બાબ્વે ટી૨૦ જીત, વૈભવ સૂર્યવંશી તોફાની ફિફ્ટી

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 28.00 | 26.00 |
| વડોદરા | 29.00 | 26.00 |
| સુરત | 29.00 | 26.00 |

પેજ 5



તહેવારો સમયે ખાંડના ભાવ વધારાને રોકવા સરકારની વિચારણા

25 JULY-2026 SATURDAY

US ઈરાન મહાયુદ્ધ ખતરો, પશ્ચિમ એશિયા મહાયુદ્ધ સંકટ



પેજ 10

**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 76059.77 | ▼ | 331.62 |
| નિફ્ટી | 23767.45 | ▼ | 102.15 |
| સોનું | 142690.00 | ▼ | 131.00 |
| ચાંદી | 220202.00 | ▲ | 827.00 |


વર્ષ-15 । અંક-251 । વિક્રમ સંવત-2082 । અષાઢ સુદ - 11 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# 'અનશન પૂર્ણ થયા છે, આંદોલન નહીં!'

## વાંગચુકના પારણાં બાદ અભિજિત દીપકેની મોટી જાહેરાત

(એજન્સી) નવી દિલ્હી | તા.24

NEET પેપર લીક મુદ્દે 26 દિવસથી ભૂખ હડતાલ પર રહેલા સોનમ વાંગચુકે સરકારના આશ્વાસન બાદ પારણાં કર્યા. ગુરુગ્રામની હોસ્પિટલમાં કેન્દ્રીય મંત્રીઓ J.P. નડ્ડા અને જીતેન્દ્ર સિંહે મુલાકાત લીધી હતી. જોકે, અભિજિત દીપકેએ શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા સુધી જંતર-મંતર પર આંદોલન ચાલુ રાખવાની જાહેરાત કરી છે.NEET પેપર લીક અને દેશની શિક્ષણ વ્યવસ્થામાં વ્યાપક સુધારાની માંગ સાથે છેલ્લા 26 દિવસથી અનિશ્ચિતકાલીન ભૂખ હડતાલ પર બેઠેલા જાણીતા સામાજિક કાર્યકર્તા સોનમ વાંગચુકે કેન્દ્ર સરકારના આશ્વાસન બાદ પોતાના પારણાં કરી લીધા છે. જોકે, સોનમ વાંગચુકના અનશન વિરામ બાદ તરત જ અભિજિત દીપકેએ સ્પષ્ટ કરી દીધું છે કે તેમનું આંદોલન પૂરું થયું નથી અને શિક્ષણ મંત્રીના રાજીનામા સુધી આ લડાઈ ચાલુ જ રહેશે.સોનમ વાંગચુકે અનશન સમાપ્ત કર્યા બાદ અભિજિત દીપકેએ પોતાની પ્રતિક્રિયા આપી હતી. તેમણે સોનમ વાંગચુકના ત્યાગની પ્રશંસા કરવાની સાથે આંદોલન ચાલુ રાખવાની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. અમને આ વાતની રાહત અને આનંદ છે કે સોનમ સરે 26 દિવસ પછી પોતાની ભૂખ હડતાલ પૂરી કરી છે. સર, તમારી જબરદસ્ત હિંમત અને કુરબાની માટે ખૂબ-ખૂબ આભાર. પોતાનો જીવ જોખમમાં મૂકીને તમે આખા દેશની ચેતનાને જગાડી છે. તમારો જીવ આ દેશ માટે અત્યંત કિંમતી છે. કોકરોચ જનતા પાર્ટીનો જંતર-મંતર પર શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન ત્યાં સુધી ચાલુ રહેશે જ્યાં સુધી ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામું ન આપી દે. સોનમ વાંગચુકની તબિયત લથડતા તેમને ગુરુગ્રામની મેદાંતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. કેન્દ્રીય મંત્રી જે.



પી. નડ્ડા અને જીતેન્દ્ર સિંહ પોતે મેદાંતા હોસ્પિટલ પહોંચ્યા હતા અને સરકાર વતી તેમની સાથે મુલાકાત કરી હતી. હોસ્પિટલમાં થયેલી ચર્ચા દરમિયાન સરકારે વિરોધ પ્રદર્શન કરી રહેલા આંદોલનકારીઓ પ્રત્યે સકારાત્મક વલણ અપનાવવાની ખાતરી આપી હતી. સરકારે આશ્વાસન આપ્યું છે કે દિલ્હીના જંતર-મંતર પર શાંતિપૂર્ણ પ્રદર્શન કરનારાઓ અને 20 જુલાઈના રોજ સંસદ માર્ચમાં સામેલ લોકો સામે નોંધાયેલા કેસો પર સકારાત્મક વિચારણા કરીને રાહત આપવામાં આવશે.પરીક્ષા સુધાર અને પીડિત પરિવારો માટે વળતરની ખાતરી.કેન્દ્રીય મંત્રીઓ સાથેની મુલાકાતમાં બે અત્યંત મહત્વપૂર્ણ મુદ્દાઓ પર પણ ચર્ચા થઈ હતી:

**સંસદમાં ચર્ચા:** સંસદમાં પ્રશ્નપત્ર લીક અને સમગ્ર પરીક્ષા પ્રણાલીમાં સુધારા કરવા અંગે ગંભીરતાથી ચર્ચા કરાવવામાં આવશે.

**પીડિતોને વળતર:** તાજેતરમાં NEET પેપર લીકના વિવાદ અને તેનાથી માનસિક તણાવમાં આવીને આત્મહત્યા કરનારા વિદ્યાર્થીઓના પીડિત પરિવારોને યોગ્ય આર્થિક વળતર આપવાના પ્રસ્તાવ પર પણ સરકાર સકારાત્મક વિચારણા કરી રહી છે.પોતાના અનશનના અંત અંગે સોશિયલ મીડિયા પર માહિતી આપતા સોનમ વાંગચુકે જણાવ્યું કે, કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડા, જીતેન્દ્ર સિંહ અને લેહ-લદ્દાખ એપેક્સ બોડીના નેતાઓની સત્તાવાર હાજરીમાં તેમણે 26 દિવસ બાદ ભૂખ હડતાલ સમેટી છે.

**અત્યાર સુધીની પરિસ્થિતિ અને હોસ્પિટલની મુલાકાત :** સોનમ વાંગચુકની તબિયત સતત લથડી રહી હતી અને તેમને તાત્કાલિક ધોરણે ગુરુગ્રામની મેદાંતા હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા. તેમની ગંભીર સ્વાસ્થ્ય સ્થિતિને ધ્યાનમાં રાખીને કેન્દ્રીય મંત્રીઓ હોસ્પિટલ પહોંચ્યા હતા અને સરકાર તરફથી તેમની માંગણીઓ પર ગંભીરતાથી વિચારણા કરવાની ખાતરી આપી હતી. લેહ-લદ્દાખ એપેક્સ બોડીના નેતાઓની સત્તાવાર હાજરીમાં આ ચર્ચા પૂર્ણ થઈ હતી, ત્યારબાદ સોશિયલ મીડિયાના માધ્યમથી સોનમ વાંગચુકે પોતાના અનશન સમાપ્ત કરવાની સત્તાવાર જાહેરાત કરી હતી.

**કાનૂની રાહત અને ભવિષ્યની રૂપરેખા :** સરકાર સાથે થયેલી બેઠકમાં એ પણ નક્કી કરવામાં આવ્યું છે કે દિલ્હીના જંતર-મંતર પર શાંતિપૂર્ણ પ્રદર્શન કરનારાઓ અને વીસ જુલાઈના રોજ સંસદ માર્ચમાં સામેલ થયેલા નાગરિકો સામે નોંધાયેલા પોલીસ કેસો પાછા ખેંચવા કે તેમાં રાહત આપવા બાબતે સકારાત્મક વિચારણા કરવામાં આવશે. જો કે, આંદોલનકારીઓનું એક જૂથ હજુ પણ પોતાની અડગ માંગણીઓ સાથે મક્કમ ઊભું છે, જેના કારણે આગામી દિવસોમાં રાજકીય અને શૈક્ષણિક ક્ષેત્રે વધુ ચર્ચાઓ થવાની પૂરી સંભાવના છે. આ ઉપરાંત, તાજેતરના વિવાદમાં માનસિક તણાવના કારણે આત્મહત્યા કરનાર વિદ્યાર્થીઓના પીડિત પરિવારોને યોગ્ય આર્થિક વળતર આપવાના પ્રસ્તાવ પર પણ સકારાત્મક વિચારણા ચાલી રહી છે.

## વિપક્ષી નેતાઓનો પ્રહાર

### માફી માંગો અને ધર્મેન્દ્ર પ્રધાનની હકાલપટ્ટી કરો: PM મોદીના વીડિયો પર રાહુલ ગાંધીનો પ્રહાર



(એજન્સી) નવી દિલ્હી | તા.24

પેપર લીક મુદ્દે પીએમ મોદી દ્વારા મોડી રાત્રે જાહેર કરવામાં આવેલા વીડિયો સંદેશ બાદ વિપક્ષી નેતાઓએ સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ પીએમ મોદીના આ વીડિયોને 'લાચાર' ગણાવીને કહ્યું કે, 'પીએમ મોદી દેશના વિદ્યાર્થીઓનું અપમાન કરવાનું બંધ કરે અને વિદ્યાર્થીઓ પર થયેલા પોલીસ લાઠીચાર્જ બદલ માફી માંગે.' રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરીને વડાપ્રધાન સામે ત્રણ મુખ્ય માંગણીઓ મૂકી છે. તેમણે લખ્યું કે વિદ્યાર્થીઓ કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ કરી રહ્યા છે. રાહુલ ગાંધીએ સરકાર સમક્ષ માંગ કરી છે કે શિક્ષણ મંત્રીને તાત્કાલિક પદ પરથી હટાવવામાં આવે, વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે અને વડાપ્રધાન આ મામલે વિદ્યાર્થીઓની માફી માંગે. કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ અને રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ પણ પીએમ મોદી પર નિશાન સાધતા કહ્યું કે, જ્યારે સંસદનું સત્ર ચાલુ હોય ત્યારે વડાપ્રધાને મોડી રાત્રે વીડિયો સંદેશ જાહેર કરવાના બદલે સંસદમાં આવીને પોતાનો પક્ષ રાખવો જોઈએ. તેમણે સંસદમાં આવતા પહેલાં જ શિક્ષણ મંત્રીને પદ પરથી હટાવવાની માંગ કરી હતી.

## CJIએ મીડિયા રિપોર્ટિંગ પર નારાજગી વ્યક્ત કરી

- **સુનાવણીની ના નથી પાડી, સુપ્રીમ કોર્ટમાં કોઈ અરજી દાખલ જ નહોતી થઈ**

(એજન્સી) નવી દિલ્હી | તા.24

ભારતના ચીફ જસ્ટિસ (CJI) સૂર્યકાંતે શુક્રવારે તે મીડિયા રિપોર્ટ્સને 'બેદરકાર અને બિનજવાબદાર રિપોર્ટિંગ' ગણાવ્યા હતા, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે તેમણે CJPના પ્રદર્શન દરમિયાન કથિત પોલીસ અત્યાચાર સંબંધિત કેસની સુનાવણી કરવાનો ઈનકાર કર્યો હતો. CJIએ સ્પષ્ટ કર્યું કે આ મામલે સુપ્રીમ કોર્ટમાં કોઈ રિટ અરજી દાખલ જ થઈ ન હતી. CJIએ આ ટિપ્પણી ખુલ્લી અદાલતમાં કરી, જ્યારે સિનિયર એડવોકેટ શોએબ આલમે અન્ય એક કેસની લિસ્ટિંગનો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું- મીડિયાએ ખોટી રીતે રિપોર્ટ કર્યો કે મેં કેસને સૂચિબદ્ધ કરવાનો ઈનકાર કર્યો.તેમણે કહ્યું- છેલ્લા બે દિવસથી સંપૂર્ણપણે ખોટી વાત કહેવામાં આવી રહી છે કે કેસ દાખલ કરવામાં આવ્યો હતો. સવારે 10 વાગ્યા સુધી એક પણ પાનું દાખલ થયું ન હતું. આ માત્ર એક રજૂઆત હતી, જેને મિશ્રા કે અન્ય કોઈ વ્યક્તિએ મોકલી હતી.આ પહેલા બુધવારે વકીલ નરેન્દ્ર મિશ્રાએ દિલ્હીમાં CJPના નેતૃત્વ હેઠળના પ્રદર્શન દરમિયાન કથિત પોલીસ અત્યાચારના આરોપો પર તાત્કાલિક સુનાવણીની માગ મૌખિક રીતે કરી હતી. તે સમયે CJI, જસ્ટિસ જોયમાલ્ય બાગચી અને જસ્ટિસ વી. મોહનાની બેન્ચ સમક્ષ આ વિનંતી રજૂ કરવામાં આવી હતી.સુપ્રીમ કોર્ટે કોકરોચ જનતા પાર્ટીના સમર્થકો પર થયેલા લાઠીચાર્જ વિરુદ્ધ દાખલ કરાયેલી અરજી પર તાત્કાલિક સુનાવણી કરવાનો ઈનકાર કર્યો હતો. બુધવારે એક વકીલે CJIની આગેવાની હેઠળની 3 જજોની બેન્ચ સમક્ષ જનહિત અરજી દાખલ કરી હતી.

### ગંગવારને પર્યાવરણ અને પશુપાલન વિભાગનો બહોળો અનુભવ

## NEET વિવાદ અને વિરોધ પ્રદર્શન વચ્ચે દિલ્હીમાં મોટો નિર્ણય, હાયર એજ્યુકેશન સેક્રેટરી બદલાયા

(એજન્સી) નવી દિલ્હી | તા.24

કેબિનેટની નિમણૂક સમિતિએ કેન્દ્રીય વહીવટીતંત્રમાં મોટો ફેરફાર કર્યો છે. 1994 બેચના IAS અધિકારી નરેશપાલ ગંગવારની શિક્ષણ મંત્રાલયના ઉચ્ચ શિક્ષણ વિભાગના સચિવ તરીકે નિમણૂક કરાઈ છે. તેઓ વિનીત જોશીનું સ્થાન લેશે, જેમની પંચાયતી રાજ વિભાગમાં બદલી કરાઈ છે. ગંગવારને પર્યાવરણ અને પશુપાલન વિભાગનો બહોળો અનુભવ છે. કેબિનેટની નિમણૂક સમિતિ (ACC) દ્વારા કેન્દ્રીય વહીવટીતંત્રમાં ઉચ્ચ સ્તરે મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. 1994ની બેચના રાજસ્થાન કેડરના IAS અધિકારી નરેશપાલ ગંગવારની શિક્ષણ મંત્રાલય હેઠળના ઉચ્ચ શિક્ષણ વિભાગ (Department of Higher Education)ના સચિવ તરીકે નિમણૂક કરવામાં આવી છે. તેઓ વિનીત જોશીનું સ્થાન લેશે, જેમની બદલી પંચાયતી રાજ વિભાગના સચિવ તરીકે કરવામાં આવી છે.ઉચ્ચ શિક્ષણ વિભાગમાં



આવ્યા પહેલા ગંગવાર પશુપાલન અને ડેરી વિભાગમાં સચિવ તરીકે સેવા આપી રહ્યા હતા. આ ઉપરાંત, તેઓ પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયમાં એડિશનલ સેક્રેટરી તરીકે પણ કામ કરી ચૂક્યા છે, જ્યાં તેમણે પ્રદૂષણ નિયંત્રણ અને જોખમી પદાર્થોના વ્યવસ્થાપનની જવાબદારી સફળતાપૂર્વક નિભાવી હતી.નરેશ પાલ ગંગવાર શૈક્ષણિક રીતે ટેકનિકલ અને આર્થિક ક્ષેત્રનું બહોળું જ્ઞાન ધરાવે છે. તેમણે યુનિવર્સિટી ઓફ રૂરકીમાંથી ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશનમાં B.Tech, IIT દિલ્હીમાંથી કોમ્યુનિકેશન અને રડાર એન્જિનિયરિંગમાં M.Tech તથા રાજસ્થાન યુનિવર્સિટીમાંથી ઈકોનોમિક્સમાં M.A. કર્યું છે. પોતાના લાંબા વહીવટી કરિયરમાં તેમણે રાજસ્થાન સરકારમાં શાળા શિક્ષણ, ઊર્જા, કૃષિ, ઉદ્યોગ અને માહિતી ટેક્નોલોજી જેવા અનેક મહત્ત્વના વિભાગોમાં પ્રિન્સિપલ સેક્રેટરી તરીકે મહત્ત્વની ભૂમિકા ભજવી છે. આ સિવાય, તેમણે જયપુર ડિસ્કોમના ચેરમેન અને રાજસ્થાન સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનના CMD તરીકે પણ સેવાઓ આપી છે. નોંધનીય છે કે, 2010થી 2014 દરમિયાન નેશનલ સોલર મિશનના પ્રારંભિક તબક્કામાં રાજસ્થાનની સોલર એનર્જી પોલિસી ઘડવામાં તેમણે ખૂબ જ મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

## સરકારનું ડેમેજ કંટ્રોલ

### પેપરલીકના નવા કાયદામાં 10 વર્ષની જેલ-1 કરોડનો દંડ કરવાની તૈયારી



(એજન્સી) નવી દિલ્હી | તા.24

કેન્દ્ર સરકારે પેપર લીક અને પરીક્ષા ગેરરીતિઓ રોકવા 'સાર્વજનિક પરીક્ષા અધિનિયમ, 2024'માં મોટા સુધારાનો નિર્ણય કર્યો છે. શુક્રવારે કેબિનેટમાં મંજૂરી બાદ સંસદના મોનસૂન સત્રમાં બિલ રજૂ થશે. દોષિતોને 5થી 10 વર્ષની જેલ અને 1 કરોડ સુધીના દંડની જોગવાઈ કરાશે. ફાસ્ટ-ટ્રેક કોર્ટ દ્વારા કેસોની ઝડપી સુનાવણી થશે. કેન્દ્ર સરકાર દેશમાં પેપર લીક અને પરીક્ષાઓમાં થતી ગેરરીતિઓ અટકાવવા માટે વર્તમાન નકલ-વિરોધી કાયદાને વધુ સખત બનાવવાની તૈયારી કરી રહી છે. પીએમ મોદી દ્વારા મોડી રાત્રે જાહેર કરવામાં આવેલા વીડિયો સંદેશ બાદ સરકારે આ દિશામાં ઝડપી કાર્યવાહી હાથ ધરી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સરકાર કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકારની વિવિધ સંસ્થા-એજન્સીઓ દ્વારા યોજાતી સરકારી ભરતી અને પ્રવેશ પરીક્ષાઓ એટલે કે સાર્વજનિક પરીક્ષા (અનૈતિક સાધનોની અટકાયત) અધિનિયમ, 2024'માં મહત્ત્વના સુધારા લાવવાની યોજના બનાવી રહી છે. શુક્રવારે મળનારી કેબિનેટ બેઠકમાં આ પ્રસ્તાવિત સુધારાઓને મંજૂરી મળી શકે છે, જેના પછી આગામી સપ્તાહે સંસદના મોનસૂન સત્ર દરમિયાન આ સુધારા બિલ રજૂ કરવામાં આવશે. રસ્તાવિત સુધારા મુજબ, પેપર લીક કે પરીક્ષામાં ગેરરીતિ આચરનારા દોષિતો સામેની સજામાં નોંધપાત્ર વધારો કરવામાં આવશે. હાલમાં વ્યક્તિગત મામલાઓમાં 3થી 5 વર્ષની જેલની સજા અને 10 લાખ સુધીના દંડની જોગવાઈ છે, જેને વધારીને 5થી 10 વર્ષ સુધીની જેલ અને ઓછામાં ઓછો 1 કરોડ સુધીનો દંડ કરવામાં આવી શકે છે.

## અન્ના હજારેનું વિદ્યાર્થી આંદોલનના સમર્થનમાં મૌન

(એજન્સી) નવી દિલ્હી | તા.24

દેશભરમાં ચાલી રહેલા વિદ્યાર્થી આંદોલન અને યુવા રોષ વચ્ચે જાણીતા સામાજિક કાર્યકર અણ્ણા હઝારેએ મહારાષ્ટ્રના પોતાના વતન ગામ રાલેગણ સિદ્ધિ ખાતે એકાંતમાં બેસીને મૌન ધારણ કરી લીધું છે. દિલ્હીમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનો અને વિદ્યાર્થીઓની માંગણીઓના સમર્થનમાં તેમણે આ માર્ગ અપનાવ્યો છે, સાથે જ સરકારને સ્પષ્ટ અપીલ કરી છે કે તાત્કાલિક ધોરણે આંદોલનકારીઓ સાથે બેસીને વાતચીતનો દોર શરૂ કરવો જોઈએ જેથી પ્રશ્નોનો યોગ્ય ઉકેલ આવી શકે. અગાઉના સમયમાં જ્યારે દેશમાં નિર્ભયા આંદોલન જેવી ગંભીર ઘટનાઓ બની હતી, ત્યારે અણ્ણા હઝારેએ દિલ્હીમાં જાહેરમાં ઉપવાસ કરીને સરકાર સામે મોરચો ખોલ્યો હતો. પરંતુ વર્તમાન પરિસ્થિતિમાં તેમણે સીધા વિરોધ પ્રદર્શનને બદલે મૌન ધારણ કરીને પોતાની નૈતિક સંમતિ અને ચિંતા વ્યક્ત કરી છે. મીડિયા અહેવાલ અનુસાર, તેઓ પોતાના ગામના ઘરમાં જ રહીને સમગ્ર સ્થિતિ પર ઊંડી નજર રાખી રહ્યા છે અને દેશના યુવાનોના ભવિષ્યને લઈને ચિંતિત છે. 'લોકશાહીમાં કોઈપણ પ્રશ્નનો ઉકેલ વાતચીત અને સંવાદના માધ્યમથી જ આવી શકે છે, તેથી સરકારે યુવાનોની વાત સાંભળવી જ પડશે.' - સ્થાનિક સૂત્રો જાણો સમગ્ર ઘટનાક્રમ અને સરકાર સમક્ષ અપીલ દેશની રાજધાની દિલ્હી સહિત અનેક જગ્યાએ વિદ્યાર્થીઓ શિક્ષણ વ્યવસ્થા અને અન્ય મહત્વપૂર્ણ મુદ્દાઓને લઈને આંદોલન ચલાવી રહ્યા છે.



## યુપીમાં ગંગા, યમુના સહિત 10 નદીઓ ગાંડીતૂર

### બિહારના 19 જિલ્લાઓમાં ભારે વરસાદનું એલર્ટ; આસામમાં પૂરથી 6.53 લાખ લોકો પ્રભાવિત

(એજન્સી) નવી દિલ્હી | તા.24

સમગ્ર દેશમાં ચોમાસાનો વરસાદ ચાલુ છે. દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદને કારણે ઘણા જિલ્લાઓ પૂરની ઝપેટમાં છે. ઉમરગામ તાલુકામાં 16 કલાકમાં 43 ઈંચ વરસાદ પડ્યો, જેના કારણે નીચાણવાળા વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા છે. શુક્રવારે રાજ્યના 11 જિલ્લાઓમાં ભારે વરસાદનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. યુપીમાં છેલ્લા 10 દિવસથી થઈ રહેલા વરસાદને કારણે ગંગા, યમુના સહિત 10 નદીઓ ગાંડીતૂર બની છે. શુક્રવારે 54 જિલ્લાઓમાં વરસાદનું એલર્ટ છે. આસામમાં પૂરથી 6.53 લાખ લોકો પ્રભાવિત છે. પટના, ભોજપુર, બક્સર, ગોપાલગંજ, સારણ, વૈશાલી અને સિવાન સહિત બિહારના 19 જિલ્લાઓમાં આજે ભારે વરસાદનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ઔરંગાબાદ અને બક્સર ગુરુવારે વીજળી પડવાથી 2-2 લોકોના મોત થયા.

**કાવતરાનો પર્દાફાશ** | **NEET-UG 2024 પેપર લીક મામલે ચોંકાવનારો વળાંક**

## એક સમયે જેને 'મુખ્ય સૂત્રધાર' ગણાવાયો હતો, તેને CBIની ક્લિન ચિટ!



(એજન્સી) નવી દિલ્હી | તા.24

વર્ષ 2024માં સમગ્ર દેશને હચમચાવી દેનાર NEET-UG પેપર લીક કેસમાં એક મોટો ખુલાસો થયો છે. બિહાર પોલીસ દ્વારા આ પેપર લીક રેકેટના કથિત મુખ્ય સૂત્રધાર ગણાવાયેલા સંજીવ કુમાર ઉર્ફે સંજીવ મુખિયાને CBI દ્વારા ક્લિન ચિટ આપી દેવામાં આવી છે. બિહાર પોલીસ પાસેથી આ કેસની તપાસ હાથમાં લીધા બાદ CBIએ આ પગલું ભર્યું છે. NEET-UG 2024 પેપર લીક કેસમાં મોટો વળાંક આવ્યો છે. બિહાર પોલીસે કથિત મુખ્ય સૂત્રધાર ગણેલા સંજીવ મુખિયાને CBIએ ક્લીન ચિટ આપી છે. CBIને તપાસમાં સંજીવ વિરુદ્ધ કોઈ પુરાવા મળ્યા નથી. બિહાર પોલીસની શંકાના આધારે FIRમાં નામ હતું. CBIએ 45 લોકો સામે પટણા કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી છે. સંજીવ મુખિયા અન્ય કેસોમાં હજુ કસ્ટડીમાં છે.CBI દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે 2024ની NEET-UG પરીક્ષાના પેપર લીક અથવા તેની વહેંચણીમાં સંજીવ મુખિયા સામેલ હોવાના કોઈ પુરાવા તપાસ દરમિયાન મળ્યા નથી. વર્ષ 2024માં જ્યારે બિહાર પોલીસે આ કેસની પ્રાથમિક તપાસ શરૂ કરી હતી, ત્યારે સંજીવ મુખિયા ભૂતકાળમાં અન્ય પેપર લીક કેસોમાં સંકળાયેલો હોવાથી તેના પર શંકા ગઈ હતી. આ શંકાના આધારે જ બિહાર પોલીસે એફઆઈઆર (FIR) માં તેને આરોપી તરીકે દર્શાવ્યો હતો.

કેસની તપાસ પોતાના હાથમાં લીધા પછી CBIએ પ્રશ્નપત્રની ચોરી કરવાથી લઈને, તેની વહેંચણી કરવા અને તેનો ફાયદો ઉઠાવનારા તમામ લોકોની ઓળખ કરી લીધી છે. CBI દ્વારા પટણા કોર્ટમાં 45 લોકો વિરુદ્ધ પૂરતા પુરાવા સાથે અલગ-અલગ ચાર્જશીટ પણ રજૂ કરવામાં આવી છે. આ સમગ્ર ષડયંત્રમાં સામેલ તમામ ગુનેગારોની ઓળખ થઈ ગઈ છે અને એજન્સીએ એ વાત સુનિશ્ચિત કરી છે કે આ કૌભાંડમાં સામેલ એક પણ દોષિત કાયદાની પકડમાંથી બચીને છટકી ન શકે.

તપાસ દરમિયાન સંજીવ મુખિયા ફરાર થઈ ગયો હતો અને પાછળથી બિહાર પોલીસે તેની અટકાયત કરી હતી. એફઆઈઆરમાં નામ હોવાને કારણે CBIએ પૂછપરછ માટે તેને પોલીસ કસ્ટડીમાં લીધો હતો. પરંતુ, ઊંડાણપૂર્વકની તપાસ બાદ પણ કોઈ પુરાવા ન મળતા CBIએ તેની સામે કોઈ ચાર્જશીટ દાખલ કરી ન હતી, જેના પગલે તેને NEET-UG કેસમાં જામીન મળી ગયા હતા. જોકે, બિહાર પોલીસ દ્વારા ચલાવાતા અન્ય કેસોમાં પણ આરોપી હોવાના કારણે તે હજુ પણ ન્યાયિક કસ્ટડીમાં છે.

## દેશનો યુવા પીડાય છે, બાળકો આત્મહત્યા કરે છે અને સરકાર માફિયાઓને બચાવે છે! : કેજરીવાલ

# PMની ફાસ્ટ ટ્રેક કોર્ટની જાહેરાત માત્ર એક પોકળ દાવો : કેજરીવાલ

અમદાવાદ | આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જવાબ આપતા જણાવ્યુ હતુ કે ગઈકાલે રાત્રે બાર વાગ્યે પ્રધાનમંત્રીજીએ એક વીડિયો જાહેર કરીને સમગ્ર દેશને કહ્યું કે પેપર લીક કેસો માટે ફાસ્ટ ટ્રેક કોર્ટ બનાવવા સોમવારે સંસદમાં કાયદો લાવવામાં આવશે. પ્રધાનમંત્રીજીની આ ખાતરી કેટલી પોલાણવાળી અને કેટલી જૂઠી છે, તે ગઈકાલે જ સાબિત થઈ ગયું. ૨૦૨૪માં નીટ (NEET)નું પેપર લીક થયું હતું, તે સમયે તેમણે કહ્યું હતું કે સંજીવ મુખિયા નામનો વ્યક્તિ આનો માસ્ટરમાઈન્ડ છે. સરકારે પોતે ભારે તામઝામ સાથે તેની ધરપકડ કરી હતી. પરંતુ અટકાયતના ત્રણ મહિનાની અંદર જ સરકારે તેને જામીન અપાવી દીધા અને તે જેલમાંથી બહાર આવી ગયો. તેના પર કેસ ચાલવા લાગ્યો, અને ગઈકાલે તમને વિશ્વાસ નહીં થાય કે બપોરે દોઢ વાગ્યે પીટીઆઈ (PTI)ના સમાચાર આવ્યા કે સીબીઆઈ (CBI)એ કોર્ટમાં કહ્યું છે કે સંજીવ મુખિયા નિર્દોષ છે! સીબીઆઈએ કહ્યું કે સંજીવ મુખિયા વિરુદ્ધ કોઈ પુરાવા મળ્યા નથી અને તેને છોડી દેવામાં આવે. તો જો સીબીઆઈના મતે સંજીવ મુખિયા માસ્ટરમાઈન્ડ નથી, તો પછી માસ્ટરમાઈન્ડ કોણ છે? સીબીઆઈએ માસ્ટરમાઈન્ડનું નામ ન બતાવ્યું. આનો અર્થ એ થયો કે ૨૦૨૪માં જે પેપર લીક થયું, તે કોઈએ લીક જ નહોતું કર્યું! શું તમે ફાસ્ટ ટ્રેક કોર્ટ બનાવીને આ રીતે કામ કરશો? ગઈકાલે રાત્રે સાડા નવ વાગ્યે પ્રધાનમંત્રીજીએ ટ્વીટ કરીને પણ કહ્યું હતું કે હું ફાસ્ટ ટ્રેક કોર્ટ બનાવીશ, અને માત્ર ગણતરીના કલાકો પછી જ મીડિયામાં સમાચાર આવ્યા કે સીબીઆઈએ મુખ્ય માસ્ટરમાઈન્ડને છોડી દીધો.

અરવિંદ કેજરીવાલે વધુમાં જણાવ્યું હતુ કે જો તમારી સીબીઆઈ કોર્ટમાં પુરાવા જ રજૂ નહીં કરે, તો પ્રધાનમંત્રીજી આ ફાસ્ટ ટ્રેક કોર્ટોનું શું મહત્વ રહે છે? તમે પેપર લીક માફિયાઓને કેમ બચાવવા માંગો છો? તમે દેશને આ પ્રકારની જૂઠી અને પોલાણવાળી ખાતરીઓ શા માટે આપી રહ્યા છો? આખા દેશનો યુવા પીડિત છે, બાળકોએ આત્મહત્યાઓ કરી લીધી છે અને તમે આવા ખોટા વચનો આપી રહ્યા છો. આવતા વર્ષે નીટનું પેપર લીક ન થાય તે માટે તમે શું પગલાં લીધાં? કોઈ પગલાં નથી લીધાં. આ વખતે પેપર લીક થયું, કેટલાય બાળકોએ આત્મહત્યા કરી અને આગામી વખતે ફરી પેપર લીક થશે. તમે ફાસ્ટ ટ્રેક કોર્ટ બનાવતા ફરી રહ્યા છો, પણ આ ફાસ્ટ ટ્રેક કોર્ટોથી શું થશે? ફાસ્ટ ટ્રેક કોર્ટો તો અત્યારે પણ પોક્સો (POCSO) અને રેપ કેસ માટે ઘણી બનેલી છે, છતાં તેમાં વર્ષોના વર્ષો નીકળી જાય છે. જો તમારે પેપર લીક માફિયાના માસ્ટરમાઈન્ડ્સને છોડાવવા જ હોય, જો તમારે પુરાવા જ એકઠા ન કરવા હોય, જો તમારે તપાસ જ ન કરવી હોય અને તેમને જામીન અપાવીને જેલમાંથી છોડાવવા જ હોય, તો ફાસ્ટ ટ્રેક કોર્ટ શું કરશે? પ્રધાનમંત્રીજી, તમારી દાનતમાં જ ખોટ છે.

# પેપર લીકના વિરોધમાં ગુજરાતના Gen-Z યુવાનો રસ્તા પર : ધાર્મિક માથુકિયા AAP

## ૨૫ જુલાઈથી ગાંધીનગરના સત્યાગ્રહ છાવણી ખાતે દિલ્હીના જંતર-મંતર જેવું જ શાંતિપ્રિય આંદોલન શરૂ થવા જઈ રહ્યું છે: ધાર્મિક માથુકિયા AAP

અમદાવાદ |આમ આદમી પાર્ટીના વિદ્યાર્થી પાંખ ASAPના ગુજરાત પ્રદેશ પ્રમુખ ધાર્મિક માથુકિયાએ જણાવ્યું હતું કે, સમગ્ર ગુજરાતના Gen-Z યુવાનો અને વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું હતું કે, જે રીતે દેશમાં NEETની પરીક્ષાનું પેપર લીક થયું અને ત્યારબાદ સમગ્ર દેશના યુવાનોનો આક્રોશ ફાટી નીકળ્યો, તેમણે દિલ્હીના જંતર-મંતર પર શાંતિપ્રિય રીતે આંદોલનની શરૂઆત કરીને દેશ સમક્ષ એક ઉત્તમ દાખલો પૂરો પાડ્યો છે. ગુજરાતમાં પણ છેલ્લાં ૫-૭ વર્ષોમાં અસંખ્ય પેપરો લીક થયાં છે. આ મુદ્દે ઘણા ગુજરાતીઓ દિલ્હી આંદોલનમાં સહભાગી બન્યા હતા, પરંતુ લાંબા અંતર કે અન્ય કારણોસર ઘણા વિદ્યાર્થીઓ ત્યાં જઈ શક્યા નહોતા. તેથી, ગુજરાતના તમામ વિદ્યાર્થીઓની આસ્થા અને તેમના જુસ્સાને માન આપીને, આવતીકાલે એટલે કે ૨૫ જુલાઈથી ગાંધીનગરના સત્યાગ્રહ છાવણી ખાતે દિલ્હીના જંતર-મંતર જેવું જ શાંતિપ્રિય આંદોલન શરૂ થવા જઈ રહ્યું છે. 'આપ' નેતા ધાર્મિક માથુકિયાએ વધુમાં ઉમેર્યું કે, "ગુજરાત કોક્રોચ આંદોલન"ના નામે આવતીકાલે સવારે ૧૦ વાગ્યે ગાંધીનગર ખાતે આ લડત શરૂ થશે. હું સમગ્ર ગુજરાતના યુવાનો, વિદ્યાર્થીઓ અને Gen-Zને આહ્વાન કરું છું કે તમે સ્વયંભૂ આ આંદોલનમાં જોડાઓ. કોઈ રાજકીય પક્ષના ઝંડા સાથે નહીં, પરંતુ દેશના ભવિષ્ય અને શિક્ષણ વ્યવસ્થામાં વિશ્વાસ ટકી રહે તે આશા સાથે શાંતિપૂર્ણ રીતે આપણે આપણી માંગણીઓ રજૂ કરીએ. જે રીતે કેન્દ્રીય શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગ થઈ રહી છે, તે જ માંગ સાથે જે વિદ્યાર્થીઓ દિલ્હી નથી જઈ શક્યા, તે તમામ ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે આવીને પોતાનું સમર્થન જાહેર કરે

# ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં AAPનું શક્તિ પ્રદર્શન

અમદાવાદ : આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં મહાસભા અને મહારેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહારેલી બાદ ધારાસભ્ય ચૈત્ર વસાવાના સમર્થનમાં લોકોએ જે દોઢ લાખ સિગ્નેચરો કરી હતી તેને કલેકટરના માધ્યમથી રાષ્ટ્રપતિને મોકલવામાં આવી. આ કાર્યક્રમમાં આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા, નર્મદા જિલ્લા પ્રમુખ નિરંજન વસાવા, ધારાસભ્ય ચૈતર વસાવાના ધર્મપત્ની શકુંતલાબેન વસાવા અને ધારાસભ્ય ચૈતર વસાવાના ધર્મપત્ની વર્ષાબેન વસાવા, છોટા ઉદેપુર જિલ્લા પ્રમુખ રાધિકા રાઠવા સહિત AAPના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ તેમજ મોટી સંખ્યામાં આદિવાસી સમાજ અને તમામ સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ઉપસ્થિત હજારો લોકોએ સાબિતી આપી હતી કે તેઓ હર હંમેશ ચૈતર વસાવાના સમર્થનમાં છે અને આશા છે કે ઝડપથી તેઓ બહાર આવશે અને ફરી એકવાર પોતાની ગર્જના કરશે. આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ સભામાં જણાવ્યું હતું કે, મને ગર્વ છે કે આદિવાસી સમાજના દિકરા ચૈતરભાઈ વસાવાને બચાવવા માટે આપ તમામ લોકોએ 1.5 લાખ સિગ્નેચરો કરી આપી, નરેન્દ્ર મોદીની તાકાત નથી કે આ કામ કરી બતાવે. ચાર દિવસ પહેલા આપણે પંજાબનો વિડીયો જોયો હતો અને એનાથી આપણને ખ્યાલ આવી ગયો કે ચૈતરભાઈને ફક્ત લોકલ ભાજપના નેતાઓએ નહીં પરંતુ ઉપરના નેતાઓએ જેલમાં નખાવ્યા છે. એક તાજા સમાચાર છે કે ગુજરાતની કોર્ટમાં 16 લાખ કેસો પેન્ડિંગ છે, આ બધા કેસો વર્ષોથી પેન્ડિંગ છે પરંતુ ચૈતરભાઈનો કેસ તો હમણાં થોડા સમય પહેલા થયો હતો જો ચૈતરભાઈને તમે ફટાફટ કેસ ચલાવીને સજા કરાવી શકો છો તો આ 16 લાખ પેન્ડિંગ છે એમને કેમ નથી કરાવતા? આનાથી સ્પષ્ટ થાય છે કે ભાજપે ચૈતરભાઈ વસાવાને ખતમ કરવા માટે ષડયંત્ર કર્યું હતું. ચૈતરભાઈનો ગુનો એ હતો કે આદિવાસી સમાજ પર જે આફત આવતી હતી એની સામે તેઓ લડતા હતા. શકુંતલાબેનના આંખમાં હમણાં આંસુ આવી ગયા હતા તો આપણે આંસુઓનો બદલો લેવાનો છે.

# અબજોનું બજેટ અને સમીક્ષા બેઠકો છતાં અમદાવાદ ડૂબ્યું : ડો. કરન બારોટ

અમદાવાદ : આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી અને મુખ્ય પ્રદેશ પ્રવક્તા ડૉ. કરન બારોટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ની પોલ ખોલતા જણાવ્યું હતું કે, ઓલિમ્પિક્સ તો જ્યારે આવશે ત્યારે આવશે, પરંતુ એ પહેલાં જે લોકોને સ્વિમિંગ શીખવું હોય કે તરવાની સ્પર્ધામાં ભાગ લેવો હોય, તેમના માટે કોર્પોરેશન દ્વારા જોરદાર 'સ્વિમિંગ પૂલ'ની તૈયારી કરી દેવામાં આવી છે! એવું મારું નહીં, પણ અમદાવાદના લોકોનું કહેવું છે. બોપલ જેવા પોશ વિસ્તારમાં, જ્યાં પહેલા ક્યારેય આટલું પાણી નહોતું ભરાતું, ત્યાં એક જ વરસાદમાં રસ્તાઓ બેટમાં ફેરવાઈ ગયા છે. આટ-આટલો ટેક્સ ચૂકવ્યા પછી પણ કોર્પોરેશન પ્રજાને શું આપી રહ્યું છે? પ્રી-મોન્સૂન કામગીરીઓ, સમીક્ષા બેઠકો અને કરોડના બજેટો માત્ર કાગળ પર જ રહી ગયા છે. પાણી ભરાવાને કારણે લોકોની ગાડીઓ અને જનજીવન ઠપ્પ થઈ ગયું છે, દુકાનોમાં પાણી ઘૂસી ગયાં છે, છતાં AMC પાસે કોઈ જવાબ નથી. મુખ્યમંત્રી અને મંત્રીઓ માત્ર સ્થળ તપાસ કરીને જતા રહ્યા, પરંતુ રસ્તાઓને સ્વિમિંગ પૂલ બનાવી દેવા પાછળ આખરે જવાબદાર કોણ?'આપ' નેતા ડો.કરન બારોટે આગળ ઉમેર્યું કે, આજે મારે અમદાવાદની જનતાને કહેવું છે કે આપણા કરતાં તો દેશના Gen-Z યુવાનો સારા છે, જેમણે નક્કી કર્યું કે શિક્ષણ મંત્રીનું રાજીનામું લેવું છે અને એના માટે લાકડીઓ ખાવી પડે તો પણ ખાઈશું, પણ ઉકેલ લાવીને જ રહીશું! અમદાવાદીઓએ હવે આ યુવાનો પાસેથી શીખવાની જરૂર છે. જ્યાં સુધી આપણે સવાલો નહીં પૂછીએ, ત્યાં સુધી પાણી ભરાવાની આ સમસ્યા ક્યારેય નહીં ઉકેલાય. ગયા વર્ષે તમે મૌન રહ્યા એટલે આ વર્ષે વધુ પાણી ભરાયું, અને જો આ વખતે પણ કંઈ નહીં બોલો તો આગામી વર્ષે આનાથી પણ ખરાબ સ્થિતિ થશે. પ્રજા પૂરેપૂરો ટેક્સ ભરે છે છતાં કોઈ પરિણામ મળતું નથી. હવે જાગવાની અને કોર્પોરેશન પાસે એકાઉન્ટેબિલિટી (જવાબદેહી) માંગવાની જરૂર છે. આ સમસ્યા પાછળ કોની ઉપર પગલાં લેવાશે અને કોને જવાબદાર ઠેરવવામાં આવશે, એ પ્રશ્ન જ્યાં સુધી અમદાવાદના લોકો નહીં પૂછે ત્યાં સુધી આવા કૃત્રિમ સ્વિમિંગ પૂલો દર વર્ષે બનતા જ રહેશે.

## News Brief

### ચૈતર વસાવાની રાહ પર ચાલનારા હજારો યુવાનો આજે તૈયાર થયા છે : મનોજ સોરઠીયા

અમદાવાદ : આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ જણાવ્યું હતું કે,આપણી બહુ સામાન્ય માંગણીઓ છે આપણને શું જોઈએ? આપણને બાળકો માટે સારું શિક્ષણ જોઈએ, યુવાનો માટે રોજગારી જોઈએ અને ખેતરમાં કે મહેનત કરીને પરિવારનું ભરણપોષણ કરી શકીએ તેવો સુરક્ષિત માહોલ જોઈએ. પરંતુ ભારતીય જનતા પાર્ટીએ સાબિત કરી દીધું છે કે ગમે તે ભોગે, સામ-દામ-દંડ-ભેદની નીતિ અપનાવીને અને અત્યાચાર કરીને પણ તેમને માત્ર ને માત્ર સત્તામાં બેસી



રહેવું છે. આજે દિલ્હીના જંતર-મંતર પર બેઠેલા યુવાનોએ મોદીજીની કિડની નથી માંગી, તેમણે તો માત્ર શિક્ષણ વ્યવસ્થા સુધરે તે માટે શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગ કરી છે. આ બહુ સામાન્ય માંગણી છે કે જો તમે નિષ્ફળ જાઓ તો તમારે જવાબદારી લેવી જ પડશે. છેલ્લા ૧૪ વર્ષથી ગુજરાતમાં ડબલ એન્જિન સરકાર છે, છતાં અહીં ૩૫ જેટલાં પેપરો લીક થયાં છે અને આપણાં બાળકોનું ભવિષ્ય રોળવાનું કામ આ સરકારે કર્યું છે. 'આપ' નેતા મનોજ સોરઠીયાએ આગળ ઉમેર્યું કે, આપણને ગર્વ છે કે હવે ધીમે ધીમે ચૈતરભાઈ વસાવાની રાહે ચાલનારા હજારો લોકો ગુજરાતમાં પેદા થઈ રહ્યા છે. જે ક્રાંતિનું બીજ વાવવામાં આવ્યું હતું, તેનાથી આજે સમગ્ર ગુજરાત જાગૃત થઈ રહ્યું છે. આપણે સૌએ ભેગા થઈને ગુજરાતમાંથી આ તાનાશાહી માનસિકતાને ઉખાડી ફેંકવાની છે. ચૈતરભાઈ જેલમાં ગયા ત્યારબાદ, નર્મદા જિલ્લાના આમ આદમી પાર્ટીના કાર્યકરોએ ઘરે-ઘરે જઈને આશરે દોઢ લાખ જેટલી સહીઓ એકઠી કરી છે. આ પત્રો કલેક્ટરના માધ્યમથી દેશના રાષ્ટ્રપતિ સુધી પહોંચાડવામાં આવશે. આપણે રાષ્ટ્રપતિજી પાસે ન્યાય માગીએ છીએ કે ચૈતરભાઈ વસાવા પર કરાયેલો કેસ સંપૂર્ણપણે ખોટો છે, તેઓ નિર્દોષ છે અને માત્ર તેમના અવાજને દબાવવા માટે જ આ સરકારી નાટક રચવામાં આવ્યું છે.

### સત્તા ભૂખી ભાજપ જવાબદારી સ્વીકારવા તૈયાર નથી : મનોજ સોરઠીયા

અમદાવાદ| આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ જણાવ્યું હતું કે, દિલ્હીમાં આંદોલન કરી રહેલા વિદ્યાર્થી નેતાઓ સાથે આજે કેટલાક મંત્રીઓએ મુલાકાત કરીને તેમની માંગણીઓ પર ચર્ચા કરી હતી. આપણી મુખ્ય માંગણી એ જ હતી કે NEET પેપર લીક માટે સીધા જવાબદાર એવા શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન પોતાની જવાબદારી સ્વીકારીને તરત જ રાજીનામું આપે. પરંતુ સત્તાને સર્વોપરી ગણનારા અને ખુરશી સાથે ચોંટી રહેનારા ભાજપના નેતાઓ રાજીનામું આપવા તૈયાર નથી. સરકારના આ અહંકારી વલણને કારણે આ આંદોલન હવે વધુ ઉગ્ર બની રહ્યું છે અને સમગ્ર દેશમાં ફેલાઈ રહ્યું છે. દેશના યુવાનોની બહુ સીધી માંગણી છે તેમણે કોઈ નરેન્દ્ર મોદીજીની કિડની નથી માંગી, તેમણે તો માત્ર શિક્ષણ મંત્રી રાજીનામું આપે અને ગડબડ માટે જવાબદેહી નક્કી થાય તે જ માગ્યું છે. તેમણે આગળ ઉમેર્યું કે, આજે ગુજરાતના યુવાનો પણ આ માંગ સાથે સતત સંઘર્ષ કરી રહ્યા છે. આવતીકાલે એટલે કે ૨૫મી જુલાઈએ, સવારે ૧૦ વાગ્યે ગાંધીનગરના સત્યાગ્રહ છાવણી મેદાન ખાતે સમગ્ર ગુજરાતના યુવાનો એકઠા થઈને સરકાર સમક્ષ પોતાનો અવાજ રજૂ કરશે. ભારતીય જનતા પાર્ટીનો અહંકાર હવે તૂટવો જોઈએ, કારણ કે લોકશાહીમાં આખરે લોકોની મરજી જ સર્વોપરી હોય છે. જ્યારે પ્રજા રસ્તા પર ઉતરીને માંગણી કરતી હોય, ત્યારે તેને સ્વીકારવાની નૈતિક જવાબદારી સરકારની છે. આપણે આશા રાખીએ છીએ કે ભાજપ યુવાનોના આ આક્રોશને સમજીને આ માંગણીઓ સ્વીકારશે. તો ચાલો, આવતીકાલે સવારે ૧૦ વાગ્યે ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે મોટી સંખ્યામાં ભેગા થઈએ.

### સાયબર ફ્રોડનો આરોપી મુંબઈથી ઝડપાયો

ભરૂચ | ભરૂચ શહેર સી ડિવિઝન પોલીસે મોબાઈલ ફોન હેક કરીને બેંક ખાતામાંથી રૂ. 1.48 લાખની ઓનલાઈન નાણાકીય છેતરપિંડીનો ભેદ ઉકેલ્યો છે. પોલીસે ટેકનિકલ એનાલિસિસના આધારે મુંબઈના કાંદિવલી પૂર્વ વિસ્તારમાંથી એક આરોપીની ધરપકડ કરી છે.આ અંગે 17 માર્ચ, 2026ના રોજ ભરૂચ શહેર સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ઈસમ વિરુદ્ધ BNS કલમ 318(4) તથા IT એક્ટની કલમ 66(C) અને 66(D) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. ફરિયાદીના મોબાઈલ ફોનને હેક કરીને આરોપીએ તેમની જાણ બહાર ઝાડેશ્વર સ્થિત સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાના ખાતામાંથી ફોન-પે UPI દ્વારા 5 માર્ચે રૂ. 50 હજાર અને 6 માર્ચે રૂ. 98 હજાર, એમ કુલ રૂ. 1.48 લાખ ઉપાડી લીધા હતા.ગુનો અનડિટેક્ટ હોવાથી તપાસ અધિકારી પોલીસ ઈન્સ્પેક્ટર એન.આર. ચૌધરીએ ટેકનિકલ એનાલિસિસના આધારે ઝીણવટભરી તપાસ શરૂ કરી હતી. તપાસમાં છેતરપિંડીથી ઉપાડવામાં આવેલી રકમ મુંબઈની એક બેંકમાં જમા થઈ હોવાનું સામે આવ્યું હતું. આથી ભરૂચ શહેર સી ડિવિઝન પોલીસની એક ટીમ મુંબઈ રવાના કરવામાં આવી હતી.પોલીસ ટીમે ટેકનિકલ તપાસ અને અન્ય પાસાઓની ઊંડાણપૂર્વક તપાસ કર્યા બાદ બેંક એકાઉન્ટ ધારક અવિનાશ રામઅવધ યાદવને કાંદિવલી પૂર્વ, મુંબઈથી ઝડપી પાડ્યો હતો. આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## શેલાની આકાશ રેસિડેન્સીના બેઝમેન્ટમાં 200 વાહનો ડૂબી ગયા, કર્ણાવતી ક્લબ પાછળ આવેલા કરોડોના બંગલા જળમગ્ન

# બાવળાના 'ગેલોપ્સ પાર્ક'માં ફસાયેલા 900 લોકોનું રેસ્ક્યૂ

અમદાવાદ | અમદાવાદ શહેરમાં 23 જુલાઈએ ધોધમાર વરસાદ વરસ્યા બાદ આજે સવારથી પણ વરસાદ વરસી રહ્યો છે.શહેરના થલતેજ, બોપલ, આંબલી, શેલા સહિતના વિસ્તારમાં ક્યાંક કેડસમા તો ક્યાંક છાતીસમા પાણી ભરાયેલા છે. સતત બીજા દિવસે પણ વરસાદ વરસી રહ્યો હોવાના કારણે પાણી ન ઓસરતા આર્મીને ઉતારવાની ફરજ પડી છે.

કર્ણાવતી ક્લબ પાછળ આવેલા કરોડો રૂપિયાના બંગલાોમાં છાતીસમા પાણી ભરાયા છે. ગઈકાલથી લોકો અહીં ફસાયા હોય આર્મીએ બોટની મદદથી લોકોનું રેસ્ક્યૂ કર્યું હતું. આનંદનગર વિસ્તારમાં એક સોસાયટીની દીવાલ ધરાશાયી થતા સલામતીના ભાગરૂપે 16 ફ્લેટ ખાલી કરાવવામાં આવ્યા હતા.

પાંજરાપોળ ચાર રસ્તા પર સહજાનંદ કોલેજ પાસે ભૂવો પડ્યો છે. પાણી ભરાઈ જતા હેલ્મેટ સર્કલ તરફ ન જવા AMCએ અપીલ કરી છે તો શાંતિપુરા સર્કલથી બોપલ તરફ જતો રસ્તો પણ બંધ થઈ ગયો છે.

અમદાવાદ શહેરમાં ભારે વરસાદના કારણે જનજીવનને માઠી અસર પડી હોય મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉચ્ચ અધિકારીથે બોપલ-આંબલી વિસ્તારમાં પહોંચ્યા હતા. જ્યારે અમિત શાહે પણ ગાંધીનગર અને અમદાવાદમાં ભારે વરસાદની સ્થિતિની સમીક્ષા કરી હતી. અમદાવાદ રેન્જ આઈજી રાઘવેન્દ્ર વત્સ અને SP ઓમ પ્રકાશ જાટ ઘુમા વિસ્તારમાં પાણી ભરાયેલા વિસ્તારમાં ટ્રેક્ટરમાં બેસીને નિકળ્યા છે.સ્થાનિકોની મુલાકાત કરી મદદ કરવામાં આવી રહી છે.

શહેરના બોપલ-આંબલી, શેલા સહિતના વિસ્તારોની સોસાયટીમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હોય મુખ્યમંત્રીએ અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ સમીક્ષા કરી હતી. ત્યારબાદ દક્ષિણ-પશ્ચિમ ઝોન કચેરી પર રાજ્ય સરકારના અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ સાથે બેઠક યોજી જરુરી સૂચના આપી હતી.

ગુરુવારે શહેરમાં 12 ઈંચથી વધુ વરસાદ ખાબકતા કરોડો રૂપિયાના જ્યાં બંગલા આવેલા છે તે શેલાના એપલવુડ વિલામાં પાણી ભરાયા છે. લોકોના બંગલામાં પાણી ભરાવાના કારણે લોકો સગાસંબંધીના ઘરે અને હોટલમાં રહેવા ચાલ્યા ગયા છે. એક બીમાર વ્યકિત ઘરમાં ફસાયા ફાયર બ્રિગેડની ટીમે ઝોળી બનાવી રેસ્ક્યૂ કર્યું હતું.

શેલા વિસ્તારમાં આવેલી આકાશ રેસીડેન્સીમાંથી લોકોને રેસ્ક્યૂ કરીને બહાર કાઢવામાં આવી રહ્યા છે. ટ્રેક્ટર મારફતે લોકોનું રેસ્ક્યુ કરવામાં આવી રહ્યું છે.



વેજલપુરમાં ઘૂંટણસમાં પાણીમાં નોકરી જતો યુવક

### વેજલપુરની શ્રીનંદનગર સોસાયટીમાં કેડસમા પાણી ભરાયા

વેજલપુર વિસ્તારમાં વરસાદના કારણે તમામ રોડ રસ્તા પાણીમાં ગરકાવ થઈ ગયા છે. વેજલપુર વિસ્તારમાં આવેલા શ્રી નંદનગરમાં પાણી ભરાવાથી 20 હજાર કરતા વધુ લોકોને અસર થઈ છે. દિવ્યભાસ્કરની ટીમ જ્યારે પહોંચી ત્યારે અંદર જવામાં પણ લોકોને ભારે આ લોકોનો સામનો કરવો પડ્યો હતો. ગઈકાલ સાંજ બાદ લોકોને બહાર નીકળવું પણ મુશ્કેલ બન્યું છે. પાણી ભરાયેલા હોવાથી વાહન લઈને તો દૂર ચાલીને પણ લોકો જઈ શકતા નથી. કર્ણાવતી ક્લબની પાછળના ભાગમાં અનેક સોસાયટીઓમાં પાણી ફરી વળ્યા છે.

આખો વિસ્તાર જળમગ્ન થઈ જતા સ્થાનિકોને બહાર નીકળવા માટે આર્મીની ટીમ ઉતારવામાં આવી છે. બોટ મારફતે આર્મીની ટીમ દ્વારા લોકોને બહાર નીકાળવા માટેના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. 5 જેટલી ટ્રક ભરીને આર્મીની ટીમ ઉતારવામાં આવી છે. અમદાવાદ-રાજકોટ હાઈવે પર ચાંગોદર પાસે પાણી ભરાયા છે. કેટલાક યુવકો સ્વિમિંગ પૂલ હોય તેમ પાણીમાં તરી રહ્યા છે. સમરસ ગર્લ્સ હોસ્ટેલની મેસમાં વિદ્યાર્થિનીઓ જમવા બેઠી હતી, ત્યાં ઢીંચણ સુધીના પાણી ભરાયા છે. પાણી ભરાયેલી મેસમાં વિદ્યાર્થીનીઓ જમવા મજબૂર બની છે. ચાંદખેડાના IOC રોડ પર ડમરુ સર્કલ પાસે પાણી ભરાયા છે. રોડ પર આવેલી શિવમ રો હાઉસ નામની સોસાયટીમાં પાણી ઘૂસી ગયા છે

બાવળામાં ભારે વરસાદના પગલે સ્થિતિ ખૂબ ખરાબ બની છે. ગેલોપ્સ પાર્ક પાસે 900 લોકો ફસાયા હતા જેને તાત્કાલિક ધોરણે પોલીસ અને SDRF ટીમ દ્વારા બચાવ કામગીરી કરવામાં આવી રહી છે. અમદાવાદના બાવળાથી સરખેજ હાઈવે પર કેડસમા પાણી ભરાઈ જતા વાહનવ્યવહાર ઠપ્પ થયો છે. સેના દ્વારા હાલ બચાવ કામગીરી હાથ ધરવામાં આવી છે. SDM, ડીવાયએસપી સહિતના અધિકારીઓ ઘટનાસ્થળ પર પહોંચ્યા છે.

શહેરના પૂર્વ વિસ્તારમાં ઓઢવ વિસ્તારમાં પામ હોટલ પાસે ખૂબ પાણી ભરાયા છે. ઓઢવ પાસે રીંગ રોડ પર બ્રિજ બનાવવાની કામગીરી ચાલી રહી છે જ્યાં પાણી ભરાયા છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મચારીઓ અને અધિકારીઓ સ્થળ પર ઉભા રહી અને પાણી નિકાલની કામગીરી કરી રહ્યા છે.

પારસનગરમાં આવેલી સૂર્યા-2 સોસાયટીની રિડેવલપમેન્ટની કામગીરી ચાલી રહી છે. ધોધમાર વરસાદના કારમે સેફ્ટી વોલ ધસી પડી હતી.

ધોધમાર વરસાદના કારણે શહેરના બોપલ-આંબલી વિસ્તારની સોસાયટીઓ જળમગ્ન બની છે. સ્થિતિ જાણવા માટે ખુદ મુખ્યમંત્રી અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે પહોંચ્યા છે. શહેરના ચાંદખેડા વિસ્તારમાં ડમરુ સર્કલ પાસે સત્યમ રો હાઉસ સોસાયટી સુધી પાણી પહોંચી ગયા છે જેના કારણે થઈને લોકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આનંદનગર વિસ્તારમાં સેફ્રોન બીનોરી ફ્લેટ અને જય જલિયાણ ફ્લેટની કોમન ભાગની દિવાલ ધરાશાયી થઇ છે. જેના લીધે મોટાભાગનું પાણી સેફ્રોન બીનોરીના ભોંયરામાં ભરાઈ ગયેલ છે. બિલ્ડીંગની સાઇડમાં માટીનું ધોવાણ થયું છે. બાજુના બ્લોકમાં આવેલ 16 ફ્લેટ સલામતીના ભાગરૂપે સ્વૈચ્છિક ખાલી કરેલ છે. તમામ રહીશોને સલામત અને સાવચેત રહેવા માટે જણાવ્યું છે.

કરોડો રૂપિયાના બંગલો ધરાવતો સેન્ટોસા પાર્ક વિસ્તાર પાણી પાણી થઈ ગયો છે. કરોડો રૂપિયા ખર્ચી બંગલા બનાવ્યા છતાં પાણી ભરાઈ જતા આર્મીની ટીમ તેમને બહાર કાઢવા માટે અને તેમની મદદ કરવા માટે પહોંચી છે.

# ભારે વરસાદ વચ્ચે ડીઆરએમ શ્રી વેદ પ્રકાશે પાણી ભરાયેલા વિભાગનું નિરીક્ષણ કર્યું







અમદાવાદ | અમદાવાદમાં સતત ભારે વરસાદને કારણે શહેરના વિવિધ વિસ્તારોમાં રેલ્વે ટ્રેક પર પાણી ભરાઈ ગયું, જેના કારણે સલામતીના કારણોસર રેલ કામગીરી અસ્થાયી રૂપે ખોરવાઈ ગઈ. પશ્ચિમ રેલ્વેના અમદાવાદ ડિવિઝન, મુસાફરોની સલામતીને પ્રાથમિકતા આપતા, પાણીના નિકાલ, ટ્રેક મોનિટરિંગ અને રેલ કામગીરી ઝડપથી શરૂ થાય તે સુનિશ્ચિત કરવા માટે યુદ્ધના ધોરણે રાહત અને પુનઃસ્થાપન કાર્યમાં રોકાયેલા છે.આ સંદર્ભમાં, અમદાવાદ ડિવિઝનના ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી વેદ પ્રકાશે અસારવા ખાતે રોડ ઓવર બ્રિજ (ROB) નજીક પાણી ભરાયેલા વિભાગનું નિરીક્ષણ કર્યું. તેમણે અસરગ્રસ્ત વિસ્તારમાં રાહત અને ડ્રેનેજ કામગીરીની વિગતવાર સમીક્ષા કરી અને હાજર વરિષ્ઠ અધિકારીઓ અને સ્ટાફને પાણીના નિકાલને ઝડપી બનાવવા, ટ્રેક અને રેલ માળખાગત સુવિધાઓની સલામતી સુનિશ્ચિત કરવા અને શક્ય તેટલી વહેલી તકે રેલ કામગીરી ફરી શરૂ કરવા સૂચના આપી. તમામ નિર્ધારિત સલામતી ધોરણોનું પાલન કરીને. નિરીક્ષણ દરમિયાન, ડીઆરએમએ સંબંધિત વિભાગોના અધિકારીઓ સાથે સંકલન કર્યું અને રાહત અને પુનઃસ્થાપન કાર્યનું સતત નિરીક્ષણ કર્યું. તેમના માર્ગદર્શન હેઠળ, એન્જિનિયરિંગ, ઓપરેશન્સ, ઈલેક્ટ્રિકલ અને અન્ય સંબંધિત વિભાગોની ટીમોએ સંકલિત અને ત્વરિત કાર્યવાહી કરી, નિર્ધારિત સમયમાં જરૂરી કાર્ય પૂર્ણ કર્યું.યોગ્ય ડ્રેનેજ અને તમામ જરૂરી ટ્રેક સલામતી પરીક્ષણો પછી, અસરગ્રસ્ત વિભાગ પર ટ્રેન કામગીરી ફરી શરૂ કરવામાં આવી, જે નિર્ધારિત રેલ્વે સલામતી ધોરણોનું પાલન કરે છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## સાત મહિનામાં 2 લાખ બ્લડ ટેસ્ટ, મેલેરિયાના ફક્ત 9 કેસ મળ્યા

# રાજકોટમાં આરોગ્ય વિભાગ દ્વારા મેલેરિયા નિયંત્રણ કામગીરી

(એજન્સી) રાજકોટ । તા. 24

રાજ્યમાં ચાંદીપુરા વાયરસ જેવા જોખમી સંક્રમણની સાથોસાથ ચોમાસાની ઋતુમાં મચ્છરજન્ય રોગો ફેલાવવાની આશંકાને ધ્યાનમાં રાખીને રાજકોટ જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા અને મેલેરિયા વિભાગ દ્વારા અત્યંત સઘન અટકાયતી પગલાં લેવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાં ડેન્ગ્યુ, ચિકનગુનિયા અને મેલેરિયા સામે લડવા માટે વહીવટી તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે સર્વેક્ષણ અને દવાના છંટકાવની કામગીરી હાથ ધરવામાં આવી છે, જેના સકારાત્મક પરિણામો સામે આવી રહ્યા છે.

જિલ્લા મેલેરિયા અધિકારી દ્વારા પ્રાપ્ત થયેલી સત્તાવાર માહિતી અનુસાર, રાજકોટ જિલ્લામાં ગત વર્ષની સરખામણીએ ચાલુ વર્ષે જુલાઈ મહિના સુધીમાં મેલેરિયાના કેસમાં પૂરા સાઠ ટકા જેટલો અને ડેન્ગ્યુના કેસમાં ત્રીસ ટકા જેટલો મોટો ઘટાડો નોંધાયો છે. જાન્યુઆરીથી જુલાઈ દરમિયાન જિલ્લામાં બે લાખથી પણ વધુ શંકાસ્પદ નાગરિકોના લોહીના નમૂના લઈને તેની સઘન તપાસ કરવામાં આવી હતી. આ વ્યાપક ટેસ્ટિંગ દરમિયાન મેલેરિયાના માત્ર નવ જેટલા દર્દીઓમાં જ લક્ષણો જણાઈ આવ્યા હતા, જેને ત્વરિત અને યોગ્ય તબીબી સારવાર પૂરી પાડીને સંપૂર્ણપણે સાજા કરવામાં આવ્યા છે.



રોગચાળાને ડામવા માટે જિલ્લાભરમાં વ્યાપક સ્તરે ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે. ડેન્ગ્યુ અટકાયત ઝુંબેશ અંતર્ગત એક હજારથી વધુ ઘરોમાં સર્વે હાથ ધરીને હજારો પાણીના પાત્રો તપાસવામાં આવ્યા હતા. આ પાત્રોમાં એબેટ ટ્રીટમેન્ટ આપવાની સાથેસાથ મચ્છર ઉત્પન્ન થવાના અસંખ્ય સંભવિત સ્થાનોનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત ચિકનગુનિયા અને મેલેરિયા નિયંત્રણ માટે પણ વિશેષ ટીમો દ્વારા પોરાનાશક કામગીરી સતત ચાલુ રાખવામાં આવી છે, જેથી મચ્છરોના બ્રિડિંગને અટકાવી શકાય.

આરોગ્ય વિભાગ દ્વારા આગામી સમયમાં રોગચાળાનું જોખમ વધુ ન વધે તે માટે ઓગસ્ટ મહિનાની પહેલી તારીખથી દવાના છંટકાવનો બીજો વિશેષ રાઉન્ડ શરૂ કરવામાં આવનાર છે. મીડિયા અહેવાલ અનુસાર, તંત્ર દ્વારા નાગરિકોને પણ પોતાના ઘરોની આસપાસ પાણી જમા ન થવા દેવા અને સ્વચ્છતા જાળવવા માટે અપીલ કરવામાં આવી છે. સમયસરની કાળજી અને તંત્રની સક્રિય કામગીરીથી રાજકોટ જિલ્લામાં આરોગ્યની સ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણ હેઠળ છે.

### ચાંદીપુરા વાયરસ જામનગર મોત

સૌરાષ્ટ્રભરમાં ભાવનગર, જામનગર અને ગીર સોમનાથ બાદ હવે રાજકોટ જિલ્લામાં પણ જીવલેણ અને અસાધ્ય બનતા ચાંદીપુરા વાયરસે દસ્તક દીધી છે. જામનગરમાં આ વાયરસે ભારે તરખાટ મચાવ્યો છે અને ચાંદીપુરાના શંકાસ્પદ લક્ષણો ધરાવતા વધુ બે બાળકોના દર્દનાક મોત નીપજતા કુલ મૃત્યુઆંક વધીને ત્રણ પર પહોંચી ગયો છે, જેનાથી સમગ્ર પંથકમાં ભારે ભય અને ફફડાટ ફેલાઈ ગયો છે. રાજકોટ નજીક આવેલા ગોંડલ તાલુકાના પાંચીયાવદર ગામની માત્ર ત્રણ માસની એક માસૂમ બાળકીનો ચાંદીપુરા વાયરસનો રિપોર્ટ પોઝીટીવ આવતા આરોગ્ય વિભાગમાં દોડધામ મચી ગઈ છે. રાજકોટમાં અત્યાર સુધીમાં કુલ છ શંકાસ્પદ કેસો નોંધાયા છે.

## મોરબી જેતપર વીજ વળતર આંદોલન ઉગ્ર, જેતપર છાવણી વીજ વળતર ખેડૂત આંદોલન



મોરબી | મોરબીના જેતપર ગામે વીજ લાઈન વળતરના મુદ્દે ખેડૂતોનું આંદોલન હવે અત્યંત ઉગ્ર સ્વરૂપ ધારણ કરી ચૂક્યું છે. દોઢ માસ જેટલો લાંબો સમય વીતી જવા છતાં સરકાર તરફથી કોઈ જ હકારાત્મક પ્રતિસાદ ન મળતા ખેડૂતોમાં ભારે રોષ ફેલાયો છે. આજે ગુજરાત ખેડૂત સત્યાગ્રહ છાવણી ખાતે યોજાયેલા પ્રતિક ઉપવાસમાં મહેન્દ્રનગર ગામના ૭ ખેડૂત ભાઈઓ અને ૧૧ બહેનો જોડાયા હતા, જેને આસપાસના વિસ્તારોમાંથી આવેલા ૫૦૦ કરતાં વધુ ખેડૂતોએ મજબૂત ટેકો આપ્યો હતો. આ આંદોલનને વધુ વેગ આપવા માટે આજે કિન્નર સમાજ પણ જેતપર ખેડૂત સત્યાગ્રહ છાવણી ખાતે પહોંચ્યો હતો. ખાનગી કંપની અને સરકારની અન્યાયી નીતિઓ સામે કિન્નર સમાજ તેમજ ઉપસ્થિત મહિલાઓએ છાતી કૂટીને અત્યંત આક્રમક અને ભાવુક વિરોધ નોંધાવ્યો હતો. છાવણી પર ખેડૂતો દ્વારા ભજન અને ધૂનની જમાવટ કરીને સરકારને સદબુદ્ધિ આપવા માટે અનોખી પ્રાર્થના કરવામાં આવી રહી છે, પરંતુ પ્રશાસન હજુ સુધી ટસની મસ થયું નથી.

## ગીરની બોર્ડર પરના ગેરકાયદે એકમો સામે તંત્રની કાર્યવાહી, કલેક્ટરના આદેશથી હોટેલ સંચાલકોમાં ફફડાટ

(એજન્સી) જૂનાગઢ । તા. 24

ગીર રાષ્ટ્રીય ઉદ્યાન અને અભયારણ્યની આસપાસના સંવેદનશીલ પર્યાવરણની જાળવણી તથા વન્યજીવોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ગુજરાત ઉચ્ચ ન્યાયાલય દ્વારા અપનાવવામાં આવેલા કડક વલણને પગલે જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા હિલચાલ તેજ કરવામાં આવી છે. ગીરની બોર્ડર પર ધમધમતા અનધિકૃત હોટેલ અને રિસોર્ટ સામે લાલ આંખ કરીને તંત્રએ કાયદેસરની સુનાવણીના અંતે મહત્વપૂર્ણ આદેશો જારી કર્યા છે, જેના કારણે નિયમ વિરુદ્ધ પ્રવૃત્તિઓ ચલાવતા સંચાલકોમાં મોટો ફફડાટ વ્યાપી ગયો છે.

ગુજરાત હાઈકોર્ટમાં રજૂ કરવામાં આવેલા સત્તાવાર અહેવાલ મુજબ, ગીર ક્ષેત્રની આસપાસ કુલ ત્રણસો ઠ્યાસી જેટલા ગેરકાયદેસર વાણિજ્યિક એકમો ધમધમી રહ્યા હોવાનું સામે આવ્યું હતું. આ તમામ એકમો પૈકી જૂનાગઢ જિલ્લામાં એકતાળીસ, ગીર-સોમનાથમાં બસો એકવીસ અને અમરેલી જિલ્લામાં છવ્વીસ જેટલા ગેરકાયદે એકમોનો સમાવેશ થાય છે. હાઈકોર્ટના આદેશના અનુસંધાનમાં જૂનાગઢ જિલ્લા કલેક્ટર દ્વારા વિશેષ તપાસ ટીમોની રચના કરવામાં આવી હતી અને સઘન ચકાસણી હાથ ધરીને પ્રથમ તબક્કામાં સડસઠ જેટલા શંકાસ્પદ એકમોને કારણ દર્શક નોટિસો ફટકારવામાં આવી હતી.

જિલ્લા તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલી વિસ્તૃત સુનાવણી અને તપાસ દરમિયાન વન વિસ્તારની બાહ્ય હદથી શૂન્યથી એક કિલોમીટરની ત્રિજ્યામાં આવતા ઓગણચાલીસ કેસોની ગંભીરતાથી ચકાસણી કરવામાં આવી હતી. આ ચકાસણી અંતર્ગત છવ્વીસ એકમોમાં સ્પષ્ટપણે ગંભીર શરતભંગ સાબિત થયો હતો. મીડિયા અહેવાલ અનુસાર, કલેક્ટરે આ તમામ છવ્વીસ એકમો સામે ત્વરિત અને કડક પગલાં લેતાં ત્યાં ચાલતી તમામ પ્રકારની વાણિજ્ય પ્રવૃત્તિઓ તાત્કાલિક અસરથી બંધ કરવા માટે હુકમ કર્યો છે. આ ઉપરાંત મંજૂરી વગર ઊભા કરાયેલા વધારાના બાંધકામો પણ તુરંત દૂર કરવા તાકીદ કરવામાં આવી છે.

## વડોદરામાં ભારે વરસાદથી આજવા સરોવરની સપાટી વધી, વિશ્વામિત્રી નદીની સપાટીમાં વધારો

(એજન્સી) વડોદરા । તા. 24

વડોદરા શહેર અને જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી વરસી રહેલા સાર્વત્રિક ભારે વરસાદને કારણે જળસંચય સ્ત્રોતોમાં પાણીની આવક સતત વધી રહી છે, જેના પગલે મહત્વપૂર્ણ એવા આજવા સરોવર અને વિશ્વામિત્રી નદીની જળસપાટીમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે. શુક્રવારે સવારે પ્રાપ્ત થયેલા સત્તાવાર આંકડાઓ મુજબ આજવા સરોવરની સપાટી બે સો આઠ દશાંશ એકત્રીસ ફૂટ પર પહોંચી ગઈ છે, જ્યારે વિશ્વામિત્રી નદી પણ ભયજનક સપાટીની નજીક વહી રહી છે.

વડોદરામાં ગુરુવારે આખો દિવસ મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કર્યા બાદ શુક્રવારે સવારથી વરસાદનું જોર થોડું ઘટતા વહીવટી તંત્ર અને નાગરિકોએ રાહતનો શ્વાસ લીધો છે. મળતી માહિતી મુજબ, છેલ્લા ચોવીસ કલાકના સમયગાળા દરમિયાન આજવા સરોવરની સપાટીમાં શૂન્ય દશાંશ છતાલીસ ફૂટનો વધારો નોંધાયો છે. આ ઉપરાંત શહેરની જીવનવાહિની સમાન વિશ્વામિત્રી નદીની કાલાઘોડા બ્રિજ પાસેની સપાટી ગઈકાલના પાંચ ફૂટની સરખામણીએ વધીને આજે બાર દશાંશ છપ્પન ફૂટ પર પહોંચી ગઈ છે, જેના કારણે તંત્ર દ્વારા વિશેષ સાવચેતી રાખવામાં આવી રહી છે. શુક્રવારે સવારે છ થી દસ વાગ્યા દરમિયાન જિલ્લાના વિવિધ તાલુકાઓમાં છૂટાછવાયા હળવા ઝાપટાં જ વરસ્યા છે. સાવલીમાં આઠ મિલીમીટર, વડોદરામાં તેર મિલીમીટર, વાઘોડિયામાં અગિયાર મિલીમીટર, ડભોઈમાં સાત મિલીમીટર, પાદરામાં સાત મિલીમીટર, કરજણમાં બે મિલીમીટર, સિનોરમાં પાંચ મિલીમીટર અને ડેસરમાં ચાર મિલીમીટર જેટલો વરસાદ નોંધાયો છે. આ સાથે જ સમગ્ર સિઝન દરમિયાન અત્યાર સુધી જિલ્લામાં કુલ બસો નેવું દશાંશ પંચોતેર મિલીમીટર સરેરાશ વરસાદ નોંધાઈ ચૂક્યો છે, જેમાં સૌથી ઓછો વરસાદ સાવલી તાલુકામાં એક સો પાવન મિલીમીટર નોંધાયો છે. નદીઓની સપાટી વધવાને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સંભાવનાઓને ધ્યાનમાં રાખીને વડોદરા મહાનગરપાલિકા અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે.

## વડોદરામાં અનાજ બજારના વેપારીઓ સાથે છેતરપિંડી, વેપારી સાથે અઢી કરોડની ઠગાઈ

(એજન્સી) વડોદરા । તા. 24

વડોદરા શહેરના હાથીખાના અનાજ બજાર અને એપીએમસી માર્કેટ વિસ્તારમાં વેપારીઓ સાથે વિશ્વાસઘાત અને કરોડો રૂપિયાની છેતરપિંડીની એક ગંભીર ઘટના સામે આવી છે. વારસીયા વિસ્તારની શારદા સોસાયટીમાં રહેતા અને ખાદ્ય તેલનો ધંધો કરતા એક વેપારી સાથે તેમના જ સગા સંબંધી દ્વારા અઢી કરોડ રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવતા સ્થાનિક વેપારી આલમમાં ભારે ચકચાર મચી ગઈ છે.

વડોદરાના વારસીયા વિસ્તારમાં શારદા સોસાયટીમાં રહેતા અને એપીએમસી માર્કેટ ખાતે ખાદ્ય તેલની દુકાન ચલાવતા વેપારી વિનોદ અશોકકુમાર માખીજાનીએ કુંભારવાડા પોલીસ સ્ટેશનમાં સત્તાવાર રીતે ફરિયાદ નોંધાવી છે. આ ફરિયાદ અનુસાર, હરણી પોલીસ સ્ટેશન પાછળ આવેલા રાજેશ્વર ગોલ્ડ ખાતે રહેતા વિનોદભાઈ પટેલ સાથે તેમની નાણાકીય લેણદેણ છેલ્લા પાંચ વર્ષથી ચાલતી હતી. આરોપી વિનોદભાઈ પટેલ ફરિયાદી વેપારીના કુટુંબમાં માસીના દીકરા થતા હોવાથી પારિવારિક સંબંધોની આડમાં આ મોટું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. ફરિયાદી વેપારી દ્વારા આપવામાં આવેલી વિગતો મુજબ, આરોપી વિનોદ પટેલે એપ્રિલ મહિના સુધી નિયમિતપણે પેમેન્ટ ચૂકવ્યું હતું, પરંતુ તારીખ ત્રેવીસ એપ્રિલથી લઈને તારીખ છવીસ મે દરમિયાન ઉધારમાં લીધેલા માલની રકમની સમયસર ચૂકવણી કરવાનું ટાળવા લાગ્યો હતો. તપાસ દરમિયાન એવું પણ સામે આવ્યું હતું કે આરોપી વેપારીઓ પાસેથી ઉધારમાં ખાદ્ય તેલનો જથ્થો મેળવીને બજારમાં મૂળ ખરીદ કિંમત કરતા પણ ઓછા ભાવે રોકડમાં વેચી દેતો હતો. માત્ર ફરિયાદી જ નહીં, પરંતુ હાથીખાના અનાજ બજારના અન્ય સોળ જેટલા વેપારીઓ સાથે પણ આ જ પ્રકારે કરોડો રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી હોવાનું ધ્યાને આવ્યું છે. ખાદ્ય તેલના વેપારી વિનોદ માખીજાની અને અન્ય સોળ વેપારીઓના મળીને કુલ બાસઠ લાખ ઉપરાંતની નહીં પરંતુ અંદાજે બે કરોડ ચોવીસ લાખ રૂપિયા જેટલી માતબર રકમ આરોપીએ ચૂકવી ન હોવાથી વેપારીઓની આર્થિક સ્થિતિ જોખમાઈ છે.

## સુરતમાં પૂરગ્રસ્તો માટે ભોજન સેવા, તંત્રના સંકલનથી રાહત કાર્ય વેગવંતુ બનશે



સુરત | રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલા મુશળધાર વરસાદને કારણે સર્જાયેલી પૂરની ગંભીર પરિસ્થિતિ વચ્ચે નાગરિકોને રાહત પહોંચાડવા માટે વહીવટી તંત્ર અને સામાજિક સંસ્થાઓ દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરવામાં આવી છે. સુરત શહેરમાં ખાડી પૂર અને ભારે વરસાદના કારણે પ્રભાવિત થયેલા હજારો નાગરિકો માટે સ્થાનિક સેવાભાવી સંસ્થાઓ દ્વારા દરરોજ તાજું અને ગરમ ભોજન પૂરું પાડવામાં આવી રહ્યું છે, જેનાથી પૂર પીડિતોને મોટી રાહત અનુભવાઈ રહી છે. સુરતના લિંબાયત, ઉધના, પાંડેસરા અને તાપી નદી કિનારાના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતા હજારો લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. પાલિકા દ્વારા રાહત શિબિરો ઊભી કરીને સ્થળાંતરિત નાગરિકો માટે રહેવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ કપરા સમયમાં મહાવીર અન્નક્ષેત્ર અને સહસ્ત્રફણા પાર્શ્વનાથ ચેરીટેબલ ટ્રસ્ટના સ્વયંસેવકો આગળ આવ્યા છે અને છેલ્લા ત્રણ દિવસથી દરરોજ ત્રણ હજારથી વધુ નાગરિકોને ખીચડી, રસાવાળું શાક, રોટલી અને તાજા ફળોનું વિનામૂલ્યે વિતરણ કરી રહ્યા છે.

## પાંચસો યુવાનોએ તાલીમમાં ભાગ લીધો

# રાજપીપળામાં NCC કેડેટ્સની પ્રશંસનીય તાલીમ શિબિર





(એજન્સી) રાજપીપળા । તા. 24

સુરતની પાંચ ગુજરાત બટાલિયન એનસીસી દ્વારા રાજપીપળા સ્થિત જી.એન.એલ.એ. કેમ્પસ ખાતે ગત વીસ જુલાઈથી કોમ્બાઈન્ડ એન્યુઅલ ટ્રેનિંગ કેમ્પ બેસો સાતનો આરંભ કરવામાં આવ્યો છે. આગામી ઓગણત્રીસ જુલાઈ સુધી ચાલનારી આ ભવ્ય તાલીમ શિબિરમાં વિવિધ જિલ્લાઓમાંથી પસંદ પામેલા કુલ પાંચસો જેટલા ઉત્સાહી એનસીસી કેડેટ્સ સક્રિયપણે ભાગ લઈ રહ્યા છે, જેનાથી યુવા વર્ગમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

સુરત બટાલિયનના કમાન્ડિંગ ઓફિસર આદર્શ ભંડારીના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ દસ દિવસીય તાલીમમાં કેડેટ્સને મુખ્યત્વે આઉટડોર આધારિત વ્યવહારિક તાલીમ આપવામાં આવી રહી છે. આ શિબિરનો મુખ્ય ઉદ્દેશ્ય યુવાનોની અંદર રાષ્ટ્રીય એકતા, શિસ્ત, નેતૃત્વ ગુણો, સ્વાવલંબન અને સાચી રાષ્ટ્રસેવાની ભાવના જગાડવાનો છે, જેથી તેઓ ભવિષ્યમાં દેશના જવાબદાર નાગરિક તરીકે રાષ્ટ્ર નિર્માણમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપી શકે. તાલીમ દરમિયાન કેડેટ્સને શારીરિક તાલીમ, અવરોધક તાલીમ, હથિયાર ચલાવવાની તાલીમ, ફાયરિંગ, ફિલ્ડ ક્રાફ્ટ, બેટલ ક્રાફ્ટ, મેપ રીડિંગ તેમજ આધુનિક ડ્રોન સંચાલનની અત્યાધુનિક તાલીમ પૂરી પાડવામાં આવી રહી છે. કેડેટ્સ પનાશ જી. બેનર્જી અને શરદ ધપાએ જણાવ્યું હતું કે આ પ્રકારની તાલીમ કેડેટ્સના વ્યક્તિત્વ વિકાસમાં અને તેમના આત્મવિશ્વાસમાં વધારો કરે છે. આ ઉપરાંત આપત્તિ વ્યવસ્થાપન, બચાવ કામગીરી, આરોગ્ય, સ્વચ્છતા તેમજ મનોબળ જેવા મહત્વપૂર્ણ વિષયો પર પણ વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવે છે.

કેડેટ્સ ચૌધરી નિધી અને ગામિત બ્લેસીએ પોતાના પ્રથમ કેમ્પના અનુભવ વિશે જણાવતા કહ્યું હતું કે શાળાના અભ્યાસ ઉપરાંત અહીં જીવનમાં ઉપયોગી અનેક વ્યવહારુ બાબતો શીખવા મળી રહી છે. બેરક નિરીક્ષણ, ટર્નઆઉટ ચકાસણી, નિયમિત સ્વચ્છતા, સમયપાલન અને સંપૂર્ણ શિસ્તબદ્ધ વાતાવરણ કેડેટ્સમાં જવાબદારીની ભાવના વિકસાવે છે.

## ફાયર અને એસડીઆરએફ ટીમો સ્ટેન્ડબાય, કટોકટીના સામનો માટે તંત્રની વિશેષ બેઠક

# સુરતમાં ભારે વરસાદ વચ્ચે તંત્રનું એલર્ટ અને તૈયારીઓ

(એજન્સી) સુરત । તા. 24

સુરત શહેર અને જિલ્લામાં સતત વરસી રહેલા વરસાદ અને આગામી દિવસોમાં વધુ વરસાદની સંભાવનાને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર અને વહીવટી તંત્ર સંપૂર્ણપણે એલર્ટ મોડમાં આવી ગયા છે. પરિસ્થિતિની ગંભીરતાને પારખીને વેસુ સ્થિત ઈન્ટિગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર ખાતે જિલ્લા પ્રભારી સચિવ શાલિની અગ્રવાલની અધ્યક્ષતામાં એક મહત્વપૂર્ણ અને ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી, જેમાં બચાવ અને રાહત કામગીરીને વધુ સઘન બનાવવા માટેના આદેશો આપવામાં આવ્યા છે.

હવામાન વિભાગની ચેતવણી અને સંભવિત ભારે વરસાદને પગલે સુરત મહાનગરપાલિકા અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આગોતરા પગલાં રૂપે તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. આ બેઠકમાં સુરત મહાનગરપાલિકાના કમિશનર એમ. નાગરાજન તેમજ વિવિધ





વિભાગોના ઉચ્ચ અધિકારીઓ વિડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી જોડાઈને વર્તમાન પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. પડોશી જિલ્લાઓમાં વરસાદનું જોર વધતા સુરત ખાતે ઉપલબ્ધ એન.ડી.આર.એફ. ની ટીમોને વલસાડ અને નવસારી મોકલવામાં આવી છે, પરંતુ સુરત શહેરમાં કોઈપણ પ્રકારની કટોકટીનો સામનો તાત્કાલિક ધોરણે કરવા માટે ફાયર બ્રિગેડ અને એસ.ડી.આર.એફ. ની ટીમોને ચોવીસ કલાક માટે સંપૂર્ણપણે સ્ટેન્ડબાય રાખવામાં આવી છે.

સમીક્ષા બેઠક દરમિયાન નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની શક્યતાઓ, કંટ્રોલ રૂમની કામગીરી અને વિવિધ વિભાગો વચ્ચેના આંતરિક સંકલન અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. પ્રભારી સચિવશ્રીએ સ્પષ્ટ સૂચના આપી હતી કે વરસાદનું પ્રમાણ વધે અથવા ક્યાંય પણ પાણી ભરાવાની સમસ્યા સર્જાય તો પ્રભાવિત વિસ્તારોમાંથી નાગરિકોને ત્વરિત સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવે. બચાવ કામગીરીમાં કોઈપણ પ્રકારની રાહત કે બેદરકારી ચલાવી લેવામાં આવશે નહીં અને આવશ્યક સેવાઓ અવિરત ચાલુ રહે તેની સંપૂર્ણ કાળજી રાખવી પડશે.

વહીવટી તંત્ર દ્વારા શહેરના નાગરિકોને પણ સાવચેત રહેવા અને અફવાઓથી દૂર રહેવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે. સોશિયલ મીડિયા પર ફેલાતી બિનપાયાની અફવાઓ પર ધ્યાન ન આપતા માત્ર તંત્ર દ્વારા જાહેર કરવામાં આવતી સત્તાવાર માહિતી પર જ વિશ્વાસ રાખવા માટે નાગરિકોને અપીલ કરાઈ છે.

**પત્નીને રસ્તા પર છોડી પતિ ફરાર**

## વડોદરામાં પતિ દ્વારા પત્નીને રસ્તા પર છોડી દેવાની ઘટના

(એજન્સી) વડોદરા । તા. 24

જામનગરની એક યુવતીને પોતાના જ પતિના અયોગ્ય વર્તનને કારણે જીવનમાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવાનો વારો આવ્યો છે. પતિની જીદને વશ થઈને પોતાની સરકારી પોલીસની નોકરીની ઉત્તમ તક જતી કરનાર આ યુવતીને વડોદરા શહેરમાં કમાણીના અર્થે લાવ્યા બાદ પતિ દ્વારા રસ્તા પર એકાકી મૂકીને ભાગી જવાની એક હૃદયદ્રાવક ઘટના પ્રકાશમાં આવી છે, જેનાથી સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, જામનગરની આ યુવતી છેલ્લા ચારેક વર્ષથી એક યુવકના સંપર્કમાં હતી અને બંને વચ્ચે પ્રેમ સંબંધ બંધાતા ત્રણેક મહિના અગાઉ જ તેઓ લગ્નગ્રંથિથી જોડાયા હતા. લગ્નજીવનના પ્રારંભિક દિવસોમાં જ પતિ પોતાના ટ્રાવેલિંગના વ્યવસાય અર્થે આ યુવતીને લઈને વડોદરા આવ્યો હતો. વડોદરા આવ્યા બાદ યુવતીએ પોતાની મહેનતથી પોલીસ ભરતીની પરીક્ષા માટે ફોર્મ ભર્યું હતું અને પ્રારંભિક રનિંગ ટેસ્ટમાં પણ સફળતા મેળવીને ઉત્તીર્ણ થઈ હતી. જો કે આગળની પરીક્ષા માટે રાજકોટ જવાનું હોવા છતાં પતિએ પત્ની નોકરી ન કરે તે માટે ભારે આગ્રહ રાખીને તેની પરીક્ષા અપાવી ન હતી.

પતિના આ પ્રકારના અયોગ્ય વર્તન અને સતત ત્રાસથી કંટાળીને યુવતી અગાઉ પોતાના પિયર ચાલી ગઈ હતી, પરંતુ પતિએ પોતાની ભૂલ સ્વીકારીને માફી માંગી હતી અને સમજાવીને ફરીથી વડોદરા બોલાવી લીધી હતી. વડોદરા આવ્યા બાદ પતિએ તેને હોટલમાં જમાડી હતી અને ફરવા લઈ જવાનું કહીને રસ્તા પર છોડી દીધી હતી. ત્યારબાદ પતિએ પત્નીને કામ પતાવીને પરત આવવાનું કહીને પોતાનો મોબાઈલ ફોન પણ બંધ કરી દીધો હતો અને ફરાર થઈ ગયો હતો.

વરસાદી વાતાવરણ વચ્ચે રસ્તા પર એકાકી ફસાયેલી અને કલાકો સુધી પતિની રાહ જોઈને કંટાળી ગયેલી યુવતીએ આખરે હિંમત દાખવીને અભયમ હેલ્પલાઈનનો સંપર્ક સાધ્યો હતો.

**દરરોજ 3000થી વધુ દર્દીઓ સારવાર માટે આવે છે**

## રાજકોટ સિવિલ હોસ્પિટલ એક્સ-રે પ્લેટ દૂષ્કાળ

(એજન્સી) રાજકોટ । તા. 24

રાજકોટની પ્રખ્યાત અને સૌરાષ્ટ્રભરના દર્દીઓ માટે મુખ્ય આધાર સમાન પી.ડી.યુ. સિવિલ હોસ્પિટલ ફરી એકવાર વહીવટી લાપરવાહીના કારણે ગંભીર વિવાદમાં સપડાઈ ગઈ છે. અહીં દરરોજ ૩૦૦૦થી વધુ દર્દીઓ સારવાર માટે આવે છે, પરંતુ તંત્રની ઘોર બેદરકારીના લીધે ૧૪-૧૭ સાઈઝની અત્યંત મહત્વની એક્સ-રે પ્લેટોનો મોટો દૂષ્કાળ સર્જાયો છે. પ્લેટોના અભાવે એક્સ-રે વિભાગનું કામકાજ સંપૂર્ણપણે ઠપ થઈ ગયું છે, જેના કારણે ગરીબ દર્દીઓની મુશ્કેલીઓમાં ભારે વધારો થયો છે. હોસ્પિટલમાં પ્લેટોનો સ્ટોક ખલાસ થઈ જવાના કારણે રોજબરોજ ૨૦૦થી વધુ ગંભીર અને ઈમરજન્સી દર્દીઓને એક્સ-રે વગર જ પરત ફરવું પડી રહ્યું છે. સરકારી સુવિધાઓના અભાવે મધ્યમવર્ગીય અને ગરીબ દર્દીઓએ મજબૂર થઈને ખાનગી લેબોરેટરીઓમાં મોંઘા ભાવે એક્સ-રે કઢાવવા પડે છે, જેનાથી તેઓ આર્થિક મુશ્કેલીમાં મુકાયા છે. ઈમરજન્સી વોર્ડમાં આવતા દર્દીઓને પણ સમયસર નિદાન ન મળવાથી ભારે માનસિક



અને શારીરિક ત્રાસ સહન કરવો પડી રહ્યો છે. હોસ્પિટલ પ્રશાસનની આ પ્રકારની ઉદાસીનતા સામે સામાન્ય નાગરિકો અને સગા-સંબંધીઓમાં અત્યંત રોષ ભભૂકી ઉઠ્યો છે. આ ગંભીર મુદ્દે રોગી કલ્યાણ સમિતિના સભ્ય રાજેશ ચાવડા દ્વારા સ્થાનિક મેડિકલ સુપ્રિટેન્ડેન્ટથી માંડીને ગાંધીનગર આરોગ્ય વિભાગ સુધી લેખિત રજૂઆતો કરવામાં આવી છે. તંત્ર સમક્ષ તાત્કાલિક અસરથી પૂરતા પ્રમાણમાં એક્સ-રે પ્લેટોનો જથ્થો ઉપલબ્ધ કરાવવા માટે ઉગ્ર માંગણી કરવામાં આવી છે જેથી દર્દીઓની હાલાકી અટકે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

ભય તમારી ખુશીને હાનિ પહોંચાડી શકે છે. તમારે એ સમજવાની જરૂર છે કે એ તમારા જ વિચારો અને કલ્પનાનું ઉત્પાદન છે. તે સ્વયંસ્ફૂરિતાને મારી નાખે છે-જીવનના આનંદને નુકસાન કરે છે અને આપણી કાર્યક્ષમતાન પંગુ બનાવે છે.

**વૃષભ : બ. વ. ઉ.**

તમારૂં મંતવ્ય વ્યક્ત કરતા અચકાતા નહીં. આત્મવિશ્વાસની કમીને તમારા પર અંકુશ જમાવવા ન દો કેમ કે એનાથી તમારી સમસ્યાઓની ગૂંચવણ ઓર વધશે અને તમારો વિકાસ મંદ પડશે. આત્મવિશ્વાસ પાછો મેળવવા માટે તમારી જાતને વ્યક્ત કરો.

**મિથુન : ક. છ. ઘ.**

ઘરની બહારની પ્રવૃત્તિઓ તમને લાભ કરાવશે. કિલ્લા જેવી જીવનશૈલી તથા હંમેશાં સુરક્ષાની ચિંતા કરવી એ બાબત તમારી માનસિક તથા શારીરિક વિકાસ પર અસર કરશે. આ બાબત તમને નર્વસ કરી મુકશે. તમારા માતૃપક્ષ થી આજ તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે.

**કર્ક : ડ. હ.**

સુસુપ્ત પડી રહેલી સમસ્યાઓ માથું ઊંચકશે અને પોતાની સાથે માનસિક તાણ લાવશે. તમને આકર્ષક જણાતી હોય તેવી રોકાણ યોજના વિશે વધુ જાણકારી મેળવવા માટે સપાટીની નીચે ઊંડુ ખોદકામ કરો-આગળ વધતા પૂર્વે તમારા સલાહકારની સલાહ લો.

**સિંહ : મ. ટ.**

તમે જે બાબત વાસ્તવિકતામાં મૂર્તસ્વરૂપે જોવા માગતા હો એ દિશામાં તમારા વિચારો અને ઊર્જા વાળો. માત્ર કલ્પના કરવાથી કોઈ અર્થ સરવાનો નથી. તમારી અત્યાર સુધીની સમસ્યા એ છે કે તમે માત્ર ઈચ્છા કરો છો એ દિશામાં પ્રયાસ કરતા નથી.

**કન્યા : પ. ઠ. ણ.**

તમારા વજન પર નજર રાખો અને વધુ પડતું ખાવાનું ટાળો. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. ઘરમાં કેટલાક ફેરફારો તમને ખાસ્સા સંવેદનશીલ બનાવી દેશે- પણ તેમ તમારી લાગણીઓ અસરકારક રીતે જેમનું મહત્વ છે.

**તુલા : ર. ત.**

દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશો જે લોકો ની અત્યાર સુધી પગાર નથી આવી તે લોકો પૈસા માટે પરેશાન રહી શકે છે અને પોતાના મિત્રો થી ઉધાર માંગી શકે છે.

**વૃશ્ચિક : ન. ય.**

આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. પરિવારના સભ્યો સાથે કેટલીક હળવાશભરી પળો વિતાવો. આજે તમે પ્રેમના મૂડમા હશો-અને તમને એ માટે અસંખ્ય તકો પણ મળશે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. સૌથી અણધાર્યા સાધનોમાંથી તમે કમાણી કરો એવી શક્યતા છે. તમારો વિનોદી સ્વભાવ તમારી આસપાસનું વાતાવરણ ઝળકાવશે. કોઈક રસપ્રદ વ્યક્તિને મળવાની શક્યતા છે.

**મકર : ખ. જ.**

આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશો-પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. પોતાનું ધન સંચય કેવી રીતે કરવું છે તે હુનર તમે આજે શીખી શકો છો અને આ હુનર ને શીખી તમે પોતાનું ધન બચાવી શકો છો. પારિવારિક મેળાવડામાં તમે કેન્દ્રસ્થાને રહેશો.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમારા બળપણની યાદગીરીઓ આજે તમને વ્યસ્ત રાખશે. આ પ્રક્રિયામાં તમે તમારી જાત પર બિનજરૂરી માનસિક તાણ લાવશો. પ્રસંગોપાત બાળક જેવા બનવાની ક્ષમતા ખોઈ બેસવામાંથી જ તમારી બેચેની અને તાણ ઉદભવ્યા છે.

**મીન : દ. ચ. ઝ. થ.**

તમારા સ્વાસ્થ્ય માટે લાંબી વૉક પર જાવ. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. દૂરના કોઈ સગાં તરફથી અણધાર્યા સમાચાર આખા પરિવાર માટે ખુશીની ક્ષણો લાવશે.

### મોટી સંખ્યામાં પત્રકારો 26 જુલાઈથી જ ગુજરાતમાં આગમન કરશે

# ગાંધીનગરમાં પત્રકાર સુરક્ષા કાનૂનને મજબૂત બનાવવા ઐતિહાસિક સંમેલન

| દિપક રાવલ | દાહોદ લીમખેડા

પત્રકારોના હક્કો અને સુરક્ષા માટે અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતિ દ્વારા ગાંધીનગરમાં યોજાનારા રાષ્ટ્રીય સંમેલનની તૈયારીઓ પૂર્ણતાના આરે અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતિ (ABPSS) ગુજરાત પ્રદેશ દ્વારા પત્રકારોના હક્ક, સુરક્ષા અને પત્રકાર સુરક્ષા કાનૂનને વધુ મજબૂત બનાવવા માટે આગામી 28 જુલાઈ 2026ના રોજ ગાંધીનગર ખાતે ભવ્ય પત્રકાર સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. પત્રકાર જગતમાં આ આયોજનને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.આ રાષ્ટ્રીય સ્તરના સંમેલનમાં દેશભરના વિવિધ રાજ્યોમાંથી મોટી સંખ્યામાં પત્રકારો 26 જુલાઈથી જ ગુજરાતમાં આગમન કરશે. આ તમામ પ્રતિનિધિઓ ABPSS ગુજરાત પ્રદેશના મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે. મહેમાનોના આત્મીય સ્વાગત, રહેવા, જમવા અને અન્ય વ્યવસ્થાઓ માટે રાજ્ય સંગઠન દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે જિગ્નેશ કાલાવડિયા, ધવલ માકડીયા તેમજ ABPSS ગુજરાત પ્રદેશ અધ્યક્ષ મયુરદાન ગઢવીના માર્ગદર્શન હેઠળ રાજ્યભરના કાર્યકરો અને પત્રકારો ઉત્સાહપૂર્વક સેવા આપી રહ્યા છે. સંગઠન સાથે જોડાયેલા દરેક પત્રકારમાં એક અનોખો ઉમંગ જોવા મળી રહ્યો છે, જે આ મહાસંમેલનને ઐતિહાસિક બનાવશે.સંમેલન અંગે માહિતી આપતા ABPSS ગુજરાત પ્રદેશ અધ્યક્ષ મયુરદાન ગઢવીએ જણાવ્યું હતું કે પત્રકારોના અધિકારોની રક્ષા, સુરક્ષા અને કલ્યાણ માટે આ સંમેલન સીમાચિહ્નરૂપ સાબિત થશે. તેમણે ગુજરાતના તમામ પત્રકાર મિત્રો તથા સંગઠનના સભ્યોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આ અભિયાનને સફળ બનાવવા અપીલ કરી છે. સાથે જ ભવિષ્યમાં પત્રકારોના હક્ક માટે યોજાનારા દરેક કાર્યક્રમમાં સક્રિય સહભાગી બનવા અનુરોધ કર્યો છે.

આ ભવ્ય સંમેલન આગામી 28 જુલાઈ 2026ના રોજ બપોરે 2:30 કલાકે ગાંધીનગર-સરખેજ હાઈવે પર આવેલા જાસપુર ખાતેના વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન, વૈષ્ણોદેવી મંદિર સામેના પરિસરમાં યોજાશે. પત્રકાર સુરક્ષા કાનૂન અમારો અધિકાર ના સંકલ્પ સાથે યોજાનાર આ સંમેલનથી પત્રકાર એકતાને વધુ મજબૂત બળ મળશે.

## વરસાદને કારણે સંખેડા ગામના સુથાર ફળિયામાં એક મકાનની દિવાલ ધરાશાયી



| કમલેશ પટેલ. સંખેડા

છેલ્લા બે દિવસથી પડી રહેલા ભારે વરસાદને કારણે સંખેડા ગામના સુથાર ફળિયામાં એક મકાનની દિવાલ ધરાશાયી થઈ હતી. સદનસીબે, આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી.આ ઘટના રાત્રિના સમયે બની હતી, જ્યારે છતમાંથી પાણી આવવાને કારણે મકાનની દિવાલ તૂટી પડી હતી. મકાન ખરાદી વિવેક અને જય નામના બે ભાઈઓનું હતું.પીડિત ભાઈઓને અન્ય કોઈ સહારો ન હોવાથી, તેમણે તાત્કાલિક પંચાયત, સરપંચ અને તલાટીનો સંપર્ક કર્યો હતો.તેમણે જૂનું મકાન તોડી પાડીને નવું આવાસ મંજૂર કરવાની માંગ કરી છે. પીડિત પરિવાર વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક તપાસ કરીને જરૂરી સહાયની કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી અપેક્ષા રાખી રહ્યું છે.

## ધ્રોલમાં રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ અંતર્ગત ઓનલાઈન શિક્ષક તાલીમ કાર્યશાળાનું આયોજન, 75 શિક્ષકોએ લીધી તાલીમ

જામનગર : જામનગરમાં ગુજકોસ્ટ પ્રેરિત શ્રી એમ. ડી. મહેતા જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર-ધ્રોલ દ્વારા તા. 23 જુલાઈ, 2026ના રોજ શિક્ષકો માટે ઓનલાઈન તાલીમ યોજાઈ હતી. રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ અંતર્ગત 75 જેટલા શિક્ષકોએ 'સુસ્થાયીતા માટે વિજ્ઞાન અને નવીનતા' થીમ પર માર્ગદર્શન મેળવ્યું. આ તાલીમનો હેતુ બાળ વૈજ્ઞાનિકોના પ્રોજેક્ટ્સ રાષ્ટ્રીય સ્તરે પસંદ થાય તે સુનિશ્ચિત કરવાનો હતો.ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (ગુજકોસ્ટ), ગાંધીનગરના પ્રેરણાથી તથા શ્રી એમ. ડી. મહેતા એજ્યુકેશન ટ્રસ્ટ-ધ્રોલ સંચાલિત શ્રી એમ. ડી. મહેતા જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર-ધ્રોલ દ્વારા જિલ્લા શિક્ષણાધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને શાસનાધિકારી કચેરી, જામનગરના સંયુક્ત ઉપક્રમે તા. 23 જુલાઈ, 2026ના રોજ જામનગર જિલ્લાની શાળાઓના શિક્ષકો



માટે રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ અંતર્ગત ઓનલાઈન શિક્ષક તાલીમ કાર્યશાળાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યશાળામાં જિલ્લાના આશરે 75 શિક્ષકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ તાલીમ મેળવી હતી.શાળાના બાળ વૈજ્ઞાનિકો રાષ્ટ્રીય કક્ષાના મંચ પર ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શકે અને તેમના પ્રોજેક્ટ્સ રાષ્ટ્રીય સ્તર સુધી પસંદગી પામે તે હેતુથી શિક્ષકોને વૈજ્ઞાનિક અભિગમ સાથે માર્ગદર્શન આપવા આ વિશેષ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.

## જામનગરની સત્ય સાંઈ વિદ્યાલયમાં ટૂંક સમયમાં વધુ સુદ્રઢ અને શ્રેષ્ઠ વ્યવસ્થા અમલમાં આવશે : જામસાહેબ શત્રુશલ્યસિંહજી

જામનગર : જામનગરના શ્રી સત્ય સાંઈ વિદ્યાલયના ચેરમેન જામસાહેબ શત્રુશલ્યસિંહજીએ વાલીઓ-વિદ્યાર્થીઓને સંબોધ્યા. તેમણે પોતાની નાદુરસ્ત તબિયતને લીધે શાળાના સંચાલનમાં ધ્યાન ન આપી શકવા બદલ ક્ષમા માંગી. જામસાહેબે જણાવ્યું કે, હવે નવી વહીવટી ગોઠવણ દ્વારા ઉત્તમ શૈક્ષણિક વાતાવરણ અને પારદર્શક વહીવટ પૂરા પડાશે, જેથી વિદ્યાર્થીઓના ભવિષ્યને અસર કરતા અયોગ્ય નિર્ણયો ટાળી શકાય.શ્રી સત્ય સાંઈ વિદ્યાલયના ચેરમેન મહારાજા જામસાહેબ શત્રુશલ્યસિંહજીએ વિદ્યાલયના વાલીઓ અને વિદ્યાર્થીઓને સંબોધતા મહત્વપૂર્ણ નિવેદન જાહેર કર્યું છે. તેમણે જણાવ્યું છે કે છેલ્લા કેટલાક સમયથી વાલીઓ તરફથી તેમને સંદેશાઓ મળી રહ્યા હતા કે તેઓ શાળાના શિક્ષણ અને વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે વધુ સમય ફાળવીને સંસ્થાના સંચાલનમાં સક્રિય રીતે જોડાય.જામસાહેબે જણાવ્યું કે પોતાની નબળી તબિયતને કારણે તેઓ થોડા સમય માટે શાળાના સંચાલન પર વ્યક્તિગત રીતે પૂરતું ધ્યાન આપી શક્યા નહોતા. આ દરમિયાન લેવાયેલા કેટલાક નિર્ણયોને કારણે વાલીઓ અને વિદ્યાર્થીઓને વિવિધ પ્રકારની અગવડતાઓનો સામનો કરવો પડ્યો હતો, જે બદલ તેમણે ક્ષમાયાચના વ્યક્ત કરી છે. તેમણે વધુમાં જણાવ્યું કે હવે ટૂંક સમયમાં એવી નવી અને સુદ્રઢ વહીવટી ગોઠવણ કરવામાં આવશે, જેના આધારે ભવિષ્યમાં આવા અયોગ્ય નિર્ણયો સંસ્થાના નિયમો અને કાર્યપદ્ધતિને અસર કરી શકશે નહીં.

### પાણીના નિકાલ માટે સાઇડ ગટરની કામગીરી પણ શરૂ

## ભાદરવી પૂનમ મહામેળા પૂર્વે દાંતા-પાલનપુર સ્ટેટ હાઈવે પર માર્ગ મરામત કામગીરી પૂર્ણ



પાલનપુર: આગામી ભાદરવી પૂનમ મહામેળાને અનુલક્ષીને માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), પાલનપુર દ્વારા પવિત્ર યાત્રાધામ અંબાજીને જોડતા દાંતા-પાલનપુર સ્ટેટ હાઈવે પર પૂર્વ તૈયારીઓના ભાગરૂપે જરૂરી માર્ગ મરામતની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને યાત્રાળુઓ તેમજ વાહનચાલકોને સરળ અને સુરક્ષિત અવરજવર મળી રહે તે માટે વિભાગ દ્વારા સમયસર કામગીરી હાથ ધરવામાં આવી છે.દાંતા-પાલનપુર સ્ટેટ હાઈવે પર ક્વોરી વિસ્તારના ભારે વાહનોની સતત અવરજવરના કારણે માર્ગની સપાટીને થયેલા નુકસાનને ધ્યાને લઈ માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), પાલનપુર દ્વારા તાત્કાલિક સમારકામની કામગીરી હાથ ધરી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે. ઉપરાંત, મુમનવાસ ગામ નજીક મુખ્ય હાઈવે પર



વરસાદી પાણીનો યોગ્ય નિકાલ થઈ શકે તે માટે સાઈડ ગટરની કામગીરી પણ શરૂ કરવામાં આવી છે. માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), પાલનપુર દ્વારા ભાદરવી પૂનમ દરમિયાન મોટી સંખ્યામાં આવતા પદયાત્રીઓ અને વાહનવ્યવહારને સુગમ તથા સલામત બનાવવાના હેતુથી અસરકારક આયોજન કરવામાં આવ્યું છે.

## જલારામ ધામ રામપર (વેકરા) ખાતે શ્રી રામ મંદિર અને શ્રી જલારામ મંદિરના ૨૬મા પાટોત્સવની ભવ્ય ઉજવણી

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

સંત શ્રી જલારામ સેવા ટ્રસ્ટ તથા જય જલારામ અન્નક્ષેત્ર ટ્રસ્ટ સંચાલિત જલારામ ધામ, રામપર (વેકરા) ખાતે આવેલ શ્રી રામ મંદિર તથા શ્રી જલારામ મંદિરના ૨૬મા પાટોત્સવની ભવ્ય ઉજવણી શ્રદ્ધા, ભક્તિ અને ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન જલારામ ધામ ભક્તિમય વાતાવરણથી ગુંજી ઉઠ્યું હતું.પાટોત્સવ નિમિત્તે વિશેષ પૂજન, મહાઆરતી તથા મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પવિત્ર પ્રસંગે પૂજનીય આઈ શ્રી ચંદુમાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. મોટી સંખ્યામાં ભક્તજનોએ ઉપસ્થિત રહી ભગવાન શ્રીરામ અને સંત શિરોમણી પૂજ્ય જલારામ બાપાના દર્શન કરી ધર્મલાભ મેળવ્યો હતો.

મહાઆરતી બાદ ભક્તોને મહાપ્રસાદ પીરસવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમ સેવાભાવી કાર્યકરો અને



**મહાઆરતી, મહાપ્રસાદ અને આઈ શ્રી ચંદુમાની પાવન ઉપસ્થિતિમાં ભક્તિમય માહોલ**

ટ્રસ્ટના હોદ્દેદારોના સહયોગથી સુચારૂ રીતે સંપન્ન થયો હતો.આ પ્રસંગ અંગે માહિતી આપતા અખિલ કચ્છ રઘુવંશી સોશ્યલ ગ્રુપના પ્રમુખ તેમજ શ્રી કચ્છ જિલ્લા ભાજપ સંગઠનના મંત્રી રાજેશભાઈ પલણે જણાવ્યું હતું કે, જલારામ બાપાએ માનવસેવા, પરોપકાર અને અન્નદાનનો જે સંદેશ સમાજને આપ્યો છે, તે આજે પણ સૌ માટે પ્રેરણારૂપ છે. પાટોત્સવ જેવા ધાર્મિક કાર્યક્રમો સમાજમાં ભક્તિ, સંસ્કાર, એકતા અને સેવાભાવને વધુ મજબૂત બનાવે છે.કાર્યક્રમના અંતે સર્વે ભક્તજનોના સુખ, શાંતિ, સમૃદ્ધિ અને લોકકલ્યાણ માટે પ્રાર્થના કરવામાં આવી હતી.

### જામનગરમાં પરિણીતાની હત્યા

## લગ્નના પાંચ મહિનામાં જ પતિએ તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી, હત્યાનો ગુનો નોંધાયો

જામનગર : જામનગરમાં મહાપ્રભુજીની બેઠક પાસેની રાજમોતી સોસાયટીમાં પતિએ પત્નીની ઘાતકી હત્યા કરી છે. મનીષ કછટીયાએ લગ્નજીવનના કંટાળાથી વર્ષાબેનને તીક્ષ્ણ હથિયારથી માથા અને ગળાના ભાગે જીવલેણ ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી હતી. પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ 103(1) હેઠળ ગુનો નોંધી, વધુ તપાસ PI વી.એમ. ડોડિયાને સોંપી છે.જામનગર શહેરના મહાપ્રભુજીની બેઠક નજીક આવેલી રાજમોતી સોસાયટીમાં પરિણીતાની હત્યાની ચકચારભરી ઘટના સામે આવી છે. લગ્નજીવન દરમિયાન સતત ઘરકંકાસ અને ત્રાસથી કંટાળેલી પરિણીતાની તેના જ પતિએ તીક્ષ્ણ હથિયાર વડે માથા અને ગળાના ભાગે જીવલેણ ઘા ઝીંકી હત્યા કરી હોવાની ફરિયાદના આધારે પોલીસે ભારતીય ન્યાય સંહિતા-2023ની કલમ 103(1) તથા જી.પી. એક્ટની કલમ 135(1) હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.ફરિયાદી પરસોતમભાઈ શાંતિલાલ સોનગરાએ નોંધાવેલી ફરિયાદ મુજબ તેમની બહેન વર્ષાબેનના લગ્ન તા. 13 ફેબ્રુઆરી, 2026ના રોજ મનિષભાઈ નાગજીભાઈ કછટીયા સાથે થયા હતા. લગ્ન બાદથી જ મનિષભાઈ પત્નીને પસંદ ન હોવાનું કહી નાની-નાની બાબતોમાં ઝઘડા કરી માનસિક ત્રાસ આપતા હતા.ફરિયાદમાં જણાવ્યા મુજબ તા. 23 જુલાઈના રોજ બપોરે મનિષભાઈના મોટા ભાઈ રાજેશભાઈનો ફોન આવ્યો હતો કે વર્ષાબેન અને મનિષભાઈ વચ્ચે ઉગ્ર ઝઘડો થયો છે અને વર્ષાબેનને ગંભીર ઈજાઓ પહોંચી છે. પરિવાર તાત્કાલિક જી.જી. હોસ્પિટલ પહોંચ્યો ત્યારે વર્ષાબેનનું મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું હતું. મૃતદેહ પર માથા અને ગળાના ભાગે દાતરડા અથવા ધારીયા જેવા તીક્ષ્ણ હથિયારના ગંભીર ઘા જોવા મળ્યા હતા. ફરિયાદીનું કહેવું છે કે વર્ષાબેને અગાઉ પણ પતિ દ્વારા કરવામાં આવતા ત્રાસ અને ઘરકંકાસ અંગે પરિવારને જાણ કરી હતી. બંને પરિવારો વચ્ચે સમાધાનનો પ્રયાસ થયા બાદ વર્ષાબેનને ફરી સાસરે મોકલવામાં આવ્યા હતા.

## જામનગર શહેરમાં દારૂના નશામાં તોફાન મચાવનાર પુત્રને પિતાએ જ પોલીસને સોંપ્યો

જામનગર : જામનગરમાં એક અનોખી ઘટના સામે આવી છે, જ્યાં 75 વર્ષીય પિતા હમીરભાઈ સાદીયાએ દારૂ પીને ઘરમાં તોફાન મચાવનાર 49 વર્ષીય પુત્ર રાજેશને જાતે જ પોલીસને સોંપ્યો હતો. નશામાં ધૂત રાજેશ ગાળાગાળી કરી ઝઘડો કરતો હતો. પિતા તેને રિક્ષામાં બેસાડી સીટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશન લઈ ગયા. પોલીસે રાજેશની ધરપકડ કરી પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જામનગર શહેરમાં દારૂના નશામાં ઘરમાં તોફાન મચાવનાર પુત્રને તેના વૃદ્ધ પિતાએ જ પોલીસને સોંપ્યાની ઘટના સામે આવી છે. સીટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ ન્યૂ હર્ષદ મિલની ચાલી, 80 ફૂટ રોડ, મહાપાન સામે રહેતા હમીરભાઈ ઘેલાભાઈ સાદીયા (ઉં. 75)એ ફરિયાદ નોંધાવી હતી.

## જામનગરની બાલાર્ક મેટલ્સના ચેક રિટર્ન કેસમાં પૂર્વ કર્મચારીને એક વર્ષની જેલ સજા

જામનગર : જાણીતી બાલાર્ક મેટલ્સ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા દાખલ કરાયેલા ચેક રિટર્ન કેસમાં જામનગરની અદાલતે કંપનીના પૂર્વ કર્મચારીને એક વર્ષની સાદી કેદની સજા તેમજ ચેકની રકમ જેટલો દંડ અને વળતર ચૂકવવાનો હુકમ કર્યો છે. કેસની વિગતો મુજબ, બાલાર્ક મેટલ્સ પ્રાઈવેટ લિમિટેડમાં આસિસ્ટન્ટ શોપ ફ્લોર ઈન્ચાર્જ તરીકે ફરજ બજાવતા જાડેજા જયેન્દ્રસિંહ મનુભાએ અંગત જરૂરિયાત માટે કંપની પાસેથી રૂ. 1,50,000ની લોન લીધી હતી. લોનની રકમ માસિક રૂ. 5,000ના હપ્તાથી પરત ચૂકવવાની શરત હતી. આરોપીએ રૂ. 61,832ની ચુકવણી કર્યા બાદ બાકીના હપ્તા નિયમિત ભર્યા નહોતા.બાકી લેણાં પેટે આરોપીએ કંપનીના નામે રૂ. 88,168નો યુનિયન બેંક ઓફ ઈન્ડિયા, જામનગર શાખાનો ચેક આપ્યો હતો અને ચેક ક્લિયર થવાની ખાતરી આપી હતી. જોકે, કંપનીએ ચેક બેંકમાં રજૂ કરતાં તે ફંડ ઈનસફિશિયન્ટ ના કારણસર પરત ફર્યો હતો.ત્યારબાદ કંપની દ્વારા વકીલ મારફતે કાયદેસરની નોટિસ પાઠવવામાં આવી હતી. છતાં આરોપીએ ન તો નોટિસનો જવાબ આપ્યો અને ન તો ચેકની રકમની ચુકવણી કરી. પરિણામે કંપનીએ જામનગરની અદાલતમાં નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ 138 હેઠળ ફોજદારી ફરિયાદ દાખલ કરી હતી.આ કેસની સુનાવણી જામનગરના પાંચમા એડિશનલ સિનિયર સિવિલ જજ તથા એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની અદાલતમાં ચાલી હતી. સમગ્ર પુરાવા અને બંને પક્ષની દલીલોને ધ્યાને લઈ અદાલતે આરોપી જાડેજા જયેન્દ્રસિંહ મનુભાને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, 2023ની કલમ 278(2) હેઠળ તથા નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ, 1881ની કલમ 138 મુજબ દોષિત ઠેરવી એક વર્ષની સાદી કેદ, રૂ. 88,168નો દંડ તેમજ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, 2023ની કલમ 395(3) હેઠળ ફરિયાદી કંપનીને રૂ. 88,168 વળતર ચૂકવવાનો હુકમ કર્યો છે.

## અસંખ્ય મુસાફરોના જીવ બચાવનારા ઈજાગ્રસ્ત બસ ડ્રાઈવરની સિવિલ હોસ્પિટલના ઓર્થોપેડીકસ વિભાગે કરી સંપૂર્ણ ગુણવત્તાસભર સારવાર

| નરેન્દ્ર દવે | જૂનાગઢ

જૂનાગઢ તા.૨૪. જીએમઈઆરએસ (GMERS) હોસ્પિટલ, જૂનાગઢના ઓર્થોપેડિક વિભાગમાં સારવાર બાદ દર્દીના ચહેરા પર વધુ એક વાર્તા અને સ્મિત.એક 55 વર્ષીય બસ ડ્રાઈવર, જેઓ છેલ્લા કેટલાક વર્ષોથી લોહીની ગંભીર બીમારી સામે ઝઝૂમી રહ્યા હતા, તેઓ ત્યારે સ્થિતિસ્થાપકતા અને નિઃસ્વાર્થ સેવાના પ્રતીક બન્યા જ્યારે તેમણે અનિવાર્ય હેડ-ઓન અથડામણ (સામેસામે અકસ્માત) દરમિયાન બ્રેક પેડલ પર પોતાનો પગ મજબૂત રીતે રાખવાનું નક્કી કર્યું, જેથી બોર્ડ પર રહેલા અસંખ્ય મુસાફરોના જીવ બચાવવામાં મદદ મળી શકે.આ અકસ્માત માં તેમને બંને પગમાં ગંભીર કમ્યુનિટેડ ફ્રેક્ચર (હાડકાના નાના ટુકડા થઈ જવા) થયા હતા. આ ગંભીર ઈજાઓ અને તેમની અગાઉની તબીબી સ્થિતિ હોવા છતાં, તેમની ત્વરિત વિચારસરણી અને સમર્પણે અકસ્માતની અસરને નોંધપાત્ર રીતે ઓછી કરી અને સંભવિત રીતે ઘણા લોકોના જીવ બચાવ્યા.પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, તોળાઈ રહેલા જોખમનો સામનો કરવા છતાં પણ તેઓ તેમના મુસાફરો પ્રત્યે ની તેમની જવાબદારી પર ધ્યાન કેન્દ્રિત રાખી રહ્યા હતા. વાહન પર નિયંત્રણ રાખીને અને અથડામણની ક્ષણ સુધી મહત્તમ બ્રેકિંગ પ્રયાસ લાગુ કરીને, તેમણે એક મોટી દુર્ઘટના બની શકી હોત તેને રોકવામાં મદદ કરી.તેમને તાત્કાલિક જીએમઈઆરએસ હોસ્પિટલ જૂનાગઢ ખાતે લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ઓર્થોપેડિક વિભાગે હેલ્થકેર પ્રોફેશનલ્સની મલ્ટિડિસિપ્લિનરી ટીમ સાથે મળીને તાત્કાલિક સારવાર શરૂ કરી હતી. વિગતવાર મૂલ્યાંકનથી બંને નીચલા અંગો (પગ) ને સંલગ્ન જટિલ કમ્યુનિટેડ ફ્રેક્ચર હોવાનું બહાર આવ્યું છે. ઈજાઓની ગંભીરતા અને તેમની અગાઉની તબીબી સ્થિતિને જોતાં, તેમની સારવાર માટે સાવચેતીભર્યું આયોજન, નિષ્ણાત સર્જિકલ મેનેજમેન્ટ અને નજીકથી દેખરેખની જરૂર હતી. દર્દીએ ઓર્થોપેડિક વિભાગની દેખરેખ હેઠળ ફ્રેક્ચરનું સફળ સર્જિકલ ફિક્સેશન કરાવ્યું, ત્યારબાદ સઘન પોસ્ટઓપરેટિવ (ઓપરેશન પછીની) સંભાળ રાખવામાં આવી. તેમની હોસ્પિટલ ના રોકાણ દરમિયાન, ઘા રૂઝાવવા, ચેપ અટકાવવા, પોષણ સહાય અને પુનર્વસન (રિહેબિલિટેશન) પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું હતું. શારીરિક અને ભાવનાત્મક પડકારો હોવા છતાં, તેઓ સાજા થવા માટે કટિબદ્ધ રહ્યા.પુનર્વસન (રિહેબિલિટેશન) ની સફર લાંબી અને કપરી હતી. શરૂઆતમાં ઊભા રહેવા કે ચાલવા માટે અસમર્થ, તેઓ ધીમે ધીમે ફિઝિયોથેરાપી, સ્નાયુ-મજબૂત કરવાની કસરતો, સાંધાની ગતિશીલતા, સંતુલન તાલીમ અને ગેટ રિહેબિલિટેશન (ચાલવાની તાલીમ) દ્વારા આગળ વધ્યા. દરેક સીમાચિહ્ન સખત મહેનત, ધીરજ અને દ્રઢ સંકલ્પના અઠવાડિયાઓનું પ્રતિનિધિત્વ કરતું હતું. આખો સારવાર અને પુનર્વસન અભ્યાસક્રમ લગભગ છ મહિના ચાલ્યો હતો.ઓર્થોપેડિક વિભાગ, ફિઝિયોથેરાપિસ્ટ નર્સિંગ સ્ટાફ, અન્ય નિષ્ણાતોના સમર્પિત પ્રયાસો અને તેમના પરિવારના સહકાર સાથે તેમની દ્રઢતાને પરિણામે બંને નીચલા અંગોની હલનચલનની સંપૂર્ણ શ્રેણી સાથે ઉત્કૃષ્ટ પુનઃપ્રાપ્તિ થઈ.આજે, તેઓ સ્વતંત્ર રીતે ચાલે છે, તેમની દિનચર્યા પર પાછા ફર્યા છે, અને તેમની વાર્તા સાંભળનારા દરેકને પ્રેરણા આપવાનું ચાલુ રાખે છે.

### બાતમીના આધારે બે પંચોને સાથે રાખી દરોડો

## જામનગરના નવાગામ ઘેડમાં સિક્કા ઉછાળીને જુગાર રમતાં બે શખ્સો ઝડપાયા

(એજન્સી) જામનગર| તા.24

જામનગર શહેરના નવાગામ ઘેડ વિસ્તારમાં કોળી સમાજની વાડી નજીક જાહેરમાં સિક્કા ઉછાળીને હારજીતનો જુગાર રમતા બે શખ્સોને સર્વેલન્સ સ્ક્વોડ સિટી-બી ડિવિઝન પોલીસે ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી કુલ રૂ. 10,430ની રોકડ રકમ તથા જુગારમાં ઉપયોગમાં લેવાયેલ એક રૂપિયાનો સિક્કો કબજે કરી જુગારધારાની કલમ-1 હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

ફરિયાદ મુજબ સર્વેલન્સ સ્ક્વોડના પોલીસ કોન્સ્ટેબલ જયદીપસિંહ અમરસિંહ જાડેજા અને પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હતા ત્યારે ખાનગી બાતમી મળી હતી કે નવાગામ ઘેડ ખાતે કોળી સમાજની વાડીના શૌચાલય પાસે કેટલાક લોકો સિક્કા ઉછાળીને પૈસાની હારજીતનો જુગાર રમી રહ્યા છે. બાતમીના આધારે બે પંચોને સાથે રાખી દરોડો પાડતાં બે શખ્સો સિક્કા ઉછાળી કાટ-છાપ બોલીને જુગાર રમતા ઝડપાઈ ગયા હતા.પકડાયેલા આરોપીઓમાં કમલેશભાઈ કાનજીભાઈ મકવાણા (રહે. નવાગામ ઘેડ) અને અનિરૂદ્ધસિંહ પરબતસિંહ રાઠોડ (રહે. નવાગામ ઘેડ)નો સમાવેશ થાય છે. કમલેશભાઈ પાસેથી જુગારમાં વપરાયેલ એક રૂપિયાનો સિક્કો અને રૂ. 7,430 રોકડા તેમજ અનિરૂદ્ધસિંહ પાસેથી રૂ. 3,000 રોકડા મળી કુલ રૂ. 10,430નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. બંને આરોપીઓ સામે જુગારધારાની કલમ-1 હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

દેશમાં ખાંડનો પૂરતો જથ્થો હોવા છતાં ભાવમાં ઉછાળો | તહેવારો ટાણે ખાંડની સંગ્રહખોરી ડામવા સ્ટોક મર્યાદા નક્કી કરાશે

# તહેવારો સમયે ખાંડના ભાવ વધારાને રોકવા સરકારની વિચારણા

(એજન્સી) મુંબઈ | તા.24



દેશમાં તહેવારોની મોસમ નજીક આવતાં જ ખાંડના બજાર ભાવમાં અચાનક મોટો ઉછાળો જોવા મળ્યો છે, જેને નિયંત્રિત કરવા માટે કેન્દ્ર સરકારે હવે કડક પગલાં લેવાની તૈયારી શરૂ કરી દીધી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આગામી તહેવારો દરમિયાન બજારમાં સંગ્રહખોરી અને કૃત્રિમ અછત ઊભી કરતા તત્વો પર લગામ કસવા માટે સરકારે ખાંડ પર સ્ટોક મર્યાદા દાખલ કરવાનો ગંભીર વિચાર આદર્યો છે, જેથી સામાન્ય નાગરિકોને મોંઘવારીમાંથી મોટી રાહત મળી શકે. છેલ્લા એક મહિનાના ટૂંકા ગાળામાં જ ખાંડના ભાવમાં ક્વિન્ટલ દીઠ રૂપિયા ત્રણસો સુધીનો મોટો વધારો નોંધાયો છે, જેના કારણે હાલ બજારમાં ખાંડના ભાવ ઊંચી સપાટીએ પહોંચ્યા છે. દેશના મુખ્ય વ્યાપારી કેન્દ્રો અને મોટા શહેરોમાં રિટેલ બજારમાં ખાંડ પ્રતિ કિલો રૂપિયા પિસ્તાલીસથી પચાસ આસપાસ વેચાઈ રહી છે. આ અચાનક આવેલા ઉછાળા પાછળનું મુખ્ય કારણ નબળા ચોમાસાને કારણે આગામી સમયમાં ખાંડના ઉત્પાદન પર પડનારી માઠી અસરની આશંકા છે. જૂન મહિના દરમિયાન વરસાદમાં લગભગ સાઈડત્રીસ ટકા જેટલી મોટી ખાધ નોંધાઈ હતી અને શેરડીના મુખ્ય ઉત્પાદક રાજ્યો ગણાતા મહારાષ્ટ્ર તથા ઉત્તર પ્રદેશમાં પણ ધાર્યા કરતા ઓછો વરસાદ વરસી શક્યો છે. જુલાઈમાં ચોમાસુ ફરી સક્રિય થયું છે, તેમ છતાં હજુ પણ પૂરતી માત્રામાં વરસાદની ઘટ વર્તાઈ રહી છે.મીડિયા અહેવાલ અને ખાંડ ઉદ્યોગના નિષ્ણાતો દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે વાસ્તવિક રીતે દેશમાં જરૂરિયાતને પૂરી કરી શકાય તેટલો પૂરતો ખાંડનો જથ્થો ઉપલબ્ધ છે. અગ્રણી સહકારી સંસ્થાઓ અને ઉદ્યોગ સંગઠનોએ સંયુક્ત નિવેદનમાં જણાવ્યું છે કે કેન્દ્ર સરકાર સાથે થયેલી બેઠકોમાં ખાંડનો પુરવઠો સંપૂર્ણપણે સાનુકૂળ સ્થિતિમાં હોવાની ખાતરી આપવામાં આવી છે. ઘરઆંગણેની તમામ માગને સરળતાથી પહોંચી વળવા માટે પૂરતો સ્ટોક ભંડારેલો છે. તેમ છતાં, કેટલાક વ્યાપારીઓ દ્વારા ગભરાટભરી ખરીદી કરવાના કારણે અને તહેવારો દરમિયાન ખાંડની અછત સર્જાવાના ડરથી બજારમાં ખોટી રીતે ભયનો માહોલ ઊભો કરવામાં આવી રહ્યો છે, જેનાથી કિંમતો કૃત્રિમ રીતે ઉપર જઈ રહી છે.બજારની આ અસ્થિરતા અને વેપારીઓની ગેરરીતિઓને ડામવા માટે સરકારે હવે પૂરતી સાવચેતીના ભાગરૂપે કડક નીતિઓ અપનાવવાનો નિશ્ચય કર્યો છે. આગામી સમયમાં તહેવારોની ખરીદી જોર પકડશે ત્યારે ગ્રાહકોને વ્યાજબી ભાવે ખાંડ મળે તે સુનિશ્ચિત કરવા માટે સંગ્રહખોરો સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. સ્ટોક મર્યાદા લાગુ થવાથી મોટા વેપારીઓ અને મિલો વધુ પડતો જથ્થો એકઠો કરી શકશે નહીં, જેનાથી બજારમાં પુરવઠો સતત જળવાઈ રહેશે.

## એક્સિસ ટ્રસ્ટીએ ભારતની વધતી આંતરરાષ્ટ્રીય ફાઈનાન્શિયલ સર્વિસીસ ઈકોસિસ્ટમને ટેકો આપવા ગિફ્ટ સિટીમાં કામગીરીને મજબૂત કરી

અમદાવાદ : ભારતની અગ્રણી ટ્રસ્ટી અને ફિડ્યૂશરી સર્વિસ પ્રોવાઈડર પૈકીની એક એક્સિસ ટ્રસ્ટી સર્વિસીસ લિમિટેડ (ATSL)એ આજે ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સટેક-સિટી (ગિફ્ટ સિટી)માં એની નવી ઑફિસનાં ઉદ્ઘાટનની જાહેરાત કરી હતી, જે એની ભારતની ઝડપથી વધતી આંતરરાષ્ટ્રીય ફાઈનાન્શિયલ સર્વિસીસઈકોસિસ્ટમ પ્રત્યે વ્યૂહાત્મક કટિબદ્ધતાને મજબૂત કરે છે.ઑફિસનું ઉદ્ઘાટન ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સર્વિસીસ સેન્ટર્સ ઓથોરિટી (IFSCA)ના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી પ્રદીપ રામાક્રિષ્નનની હાજરીમાં થયું

હતું. આ પ્રસંગે એક્સિસ ટ્રસ્ટી સર્વિસીસના ચેરમેન શ્રી બિપીન શરાફ અને એક્સિસ ટ્રસ્ટીના મેનેજિંગ ડિરેક્ટર અને CEO શ્રી રાહુલ ચૌધરી ઉપસ્થિત રહ્યા

હતા. આ વિસ્તરણ ગિફ્ટ સિટીમાં કાર્યરત ફાઈનાન્શિયલ સંસ્થાઓ, ઈશ્યૂઅર્સ, ફંડ મેનેજરો અને રોકાણકારોને ટેકો આપવાની ATSLની ક્ષમતા વધારશે. આ માટે

એક્સિસ ટ્રસ્ટી સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય એમ બંને પ્રકારના વ્યવહારો માટે સ્પેશ્યલાઈઝ ટ્રસ્ટી, એજન્સી અને ફિડ્યૂશરી સૉલ્યુશન ઓફર કરશે.ગિફ્ટ સિટીની ઑફિસ તમામ ડેટ કેપિટલ બજારો, ફેસિલિટી એજન્સી, સીક્યોરિટી ટ્રસ્ટી, ઑલ્ટરનેટિવ ઈન્વેસ્ટમેન્ટ ફંડ્સ (AIFs), એસ્ક્રો એજન્સી

સર્વિસીસના કંપનીના વધતા પોર્ટફોલિયોને ટેકો આપશે, તો આંતરરાષ્ટ્રીય માળખા અને વિશેષ ફિડ્યૂશરી સોલ્યુશન્સ સહિત IFSC ઈકોસિસ્ટમની અંદર નવીઉદ્ઘાટન પછી રાઉન્ડટેબલ કૉન્ક્લેવનું આયોજન થયું હતું. તેમાં ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સર્વિસીસ સેન્ટર્સ ઓથોરિટી (IFSCA)ના એક્ઝિક્યુટિવ ડિરેક્ટરશ્રી પ્રદીપ રામાક્રિષ્નને કીનોટ સંબોધન કર્યું હતું. આ કોન્ક્લેવમાં ઉદ્યોગના વરિષ્ઠ સહભાગીઓએ હાજરી આપી હતી, જેઓ IFSC ઈકોસિસ્ટમની અંદરબદલાતી તકોની ચર્ચા કરવા, આંતરરાષ્ટ્રીય ધિરાણ માળખાની વૃદ્ધિ અને ફંડ પ્લેટફૉર્મની અંદર બદલાતી તકોની ચર્ચા કરવા એકમંચ પર આવ્યા હતા. તેમણે ગિફ્ટ સિટીના વિકાસના આગામી તબક્કાને ટેકો આપવામાં મજબૂત વહીવટી અને ફિડ્યૂશરી ફ્રેમવર્કની ભૂમિકા પર પણ ચર્ચા કરી હતી.

## News Brief

### કૃત્રિમ બુદ્ધિમત્તાના રોકાણમાં દેવાના વધતા બોજાથી શાકભાજી જોખમો વધી રહ્યા છે

નવી દિલ્હી: જેફરીઝના તાજેતરના અહેવાલ મુજબ, કૃત્રિમ બુદ્ધિમત્તા એટલે કે એઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો ઝડપી હવે એક નવા તરણમાં પ્રવેશી રહ્યો છે, જ્યાં મોટા પાયે થઈ રહેલા ખર્ચને કારણે વધતા ક્રેડિટ જોખમો પર રોકાણકારોનું ધ્યાન કેન્દ્રિત થઈ રહ્યું છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે મુખ્ય અમેરિકન ટેક્નોલોજી કંપનીઓ એઆઈ રોકાણને નાણાં પૂરા પાડવા માટે રોકડને બદલે વધતા દેવા પર નિર્ભર બની રહી છે, જ્યારે બીજી બાજુ ભવિષ્યના વળતરને લઈને અનેક પ્રકારની શંકાઓ પણ તીવ્ર બની રહી છે.માઈક્રોસોફ્ટ, એમેઝોન અને મેટા જેવી કંપનીઓની આગામી કમાણી મોસમ એઆઈ કેપિટલ ખર્ચને નજીકથી તપાસતી રહેશે, ખાસ કરીને જ્યારે અલ્ફાબેટ દ્વારા તાજેતરમાં જ વર્ષ બે હજાર છવ્વીસ માટેના પોતાના મૂડીગત ખર્ચના માર્ગદર્શનમાં પંદર અબજ ડોલરનો વધારો કરીને કુલ આંકડો એક સો પંચાણુંથી બે સો પાંચ અબજ ડોલર સુધી પહોંચાડવામાં આવ્યો છે. આ ચારેય મુખ્ય હાઈપરસ્કેલર્સ દ્વારા સંયુક્ત રીતે કરાતો મૂડીગત ખર્ચ વર્ષ બે હજાર છવ્વીસમાં અંદાજે છ સો પંચાણું અબજ ડોલર અને વર્ષ બે હજાર ૨૭માં આઠ સો સિત્તેર અબજ ડોલર રહેવાનો અંદાજ છે, જે આ રોકાણ ચક્રનું વિશાળ કદ દર્શાવે છે. જેફરીઝના જણાવ્યા અનુસાર, એઆઈ રોકાણ ચક્રમાં સૌથી મોટા બદલાવો પૈકીનો એક એ છે કે હવે આ કંપનીઓ રોકડ ભંડોળના બદલે દેવા દ્વારા તેમના ખર્ચના મોટા હિસ્સાને ભંડોળ પૂરું પાડી રહી છે.

## ફ્યુઝન ક્લાસરૂમ એડ્યુટેક લિમિટેડનો IPO શુક્રવાર, 31 જુલાઈ, 2026ના રોજ ખુલશે; પ્રતિ ઈક્વિટી શેર માટે પ્રાઈસ બેન્ડ ₹151 થી ₹159 નક્કી

(એજન્સી) અમદાવાદ | તા.24

ફ્યુઝન ક્લાસરૂમ એડ્યુટેક લિમિટેડ ('કંપની'), જે ભારતના ઝડપથી વિકસતા હાઈબ્રિડ એડટેક પ્લેટફોર્મ્સમાંની એક છે અને K-12 શિક્ષણ, સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી, પ્રોફેશનલ અપસ્કિલિંગ તેમજ AI/ML લર્નિંગ સોલ્યુશન્સ પ્રદાન કરે છે, તેણે તેના પ્રારંભિક જાહેર ઈશ્યૂ (IPO)ની જાહેરાત કરી છે. આ ઈશ્યૂ શુક્રવાર, 31 જુલાઈ, 2026ના રોજ ખુલશે અને મંગળવાર, 4 ઑગસ્ટ, 2026ના રોજ બંધ થશે. એન્કર રોકાણકારો માટે બિડ/ઈશ્યૂ અવધિ ગુરુવાર, 30 જુલાઈ, 2026થી શરૂ થશે, જે ઈશ્યૂ ખુલવાના એક કાર્યકારી દિવસ પહેલાં છે.આ પ્રારંભિક જાહેર ઈશ્યૂમાં 19,89,400 સુધીના નવા (Fresh Issue) ઈક્વિટી શેરો તેમજ **4,65,800 સુધીના ઈક્વિટી શેરોના ઓફર ફોર સેલ (Offer for Sale - OFS)**નો સમાવેશ થાય છે. આમ કુલ 24,55,200 ઈક્વિટી શેરો, દરેકની ફેસ વેલ્યુ 10, ઈશ્યૂ હેઠળ ઓફર કરવામાં આવશે. પ્રાઈસ બેન્ડ, લઘુત્તમ બિડ લોટ અને ઈશ્યૂનું અંતિમ કદ, સેબી (SEBI)ના નિયમો અનુસાર ઈશ્યૂ ખુલતા પહેલાં જાહેર કરવામાં આવશે. ઈશ્યૂમાંથી પ્રાપ્ત થનારી નેટ પ્રોસીડ્સ (Net Proceeds) નો ઉપયોગ કંપની દ્વારા લેવામાં આવેલા કેટલાક બાકી રહેલા ઋણોના સંપૂર્ણ અથવા આંશિક પૂર્વચુકવણી/ચુકવણી, ટેક્નોલોજી અને AI/ML મોડલ ડેવલપમેન્ટ, સર્વર્સ અને ક્લાઉડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ખર્ચ, કન્ટેન્ટ ડેવલપમેન્ટ માટે મૂડી ખર્ચ, નવા ઓફલાઈન સેન્ટર્સની AI/ML લેબ્સ માટે ડેસ્કટોપ અને લેપટોપની ખરીદી માટે મૂડી ખર્ચ, માર્કેટિંગ પહેલો પર ખર્ચ તેમજ અજ્ઞાત



અધિગ્રહણો (Unidentified Acquisitions) દ્વારા ઈનોર્ગેનિક વૃદ્ધિ અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરવામાં આવશે (સામૂહિક રીતે 'ઓબ્જેક્ટ્સ' તરીકે ઓળખવામાં આવે છે). આ ઈશ્યૂ માટે નાર્નોલિયા ફાઈનાન્શિયલ સર્વિસિસ લિમિટેડ બુક રનિંગ લીડ મેનેજર છે અને માશિતલા સિક્યોરિટીઝ પ્રાઈવેટ લિમિટેડ ઈશ્યૂના રજિસ્ટ્રાર છે. કંપનીના ઈક્વિટી શેરોને BSE SME પ્લેટફોર્મ પર લિસ્ટ કરવાની દરખાસ્ત છે. ફ્યુઝન ક્લાસરૂમ એડ્યુટેક લિમિટેડ વિશે : 016માં સ્થાપિત ફ્યુઝન ક્લાસરૂમ એડ્યુટેક લિમિટેડ એક એજ્યુકેશન ટેક્નોલોજી કંપની છે, જે સમગ્ર ભારતમાં શૈક્ષણિક અભ્યાસ, લર્નિંગ અને સ્કિલ ટ્રેનિંગ પ્રદાન કરવા પર કેન્દ્રિત છે. કંપની તેના Klassroom Education OTT પ્લેટફોર્મ દ્વારા ઓનલાઈન શિક્ષણ અને મુંબઈ સ્થિત તેના 30થી વધુ પાર્ટનર સેન્ટર્સ મારફતે ઓફલાઈન લર્નિંગ અને સ્કિલિંગ કાર્યક્રમો પ્રદાન કરે છે. ઉપરાંત, કંપની શૈક્ષણિક સંસ્થાઓ, યુનિવર્સિટીઓ અને સરકારી સંસ્થાઓ સાથે મળીને શૈક્ષણિક કાર્યક્રમો, સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી, નવી પેઢીના સ્કિલિંગ અને રોજગારલક્ષી પહેલો અમલમાં મૂકે છે.કંપની તેના ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા વ્યક્તિગત શીખનારાઓને સેવા આપે છે તેમજ શૈક્ષણિક સંસ્થાઓ, યુનિવર્સિટીઓ, એન્ટરપ્રાઈઝ અને સરકારી સંસ્થાઓ સાથે એન્ટરપ્રાઈઝ OTT સબ્સ્ક્રિપ્શન, કન્ટેન્ટ ડેવલપમેન્ટ, ઓફલાઈન તાલીમ અને શૈક્ષણિક તથા કૌશલ્ય વિકાસ માટે AI અને ML લેબ્સની સ્થાપનામાં ભાગીદારી કરે છે. કંપનીનું વૈવિધ્યસભર બિઝનેસ મોડેલ સબ્સ્ક્રિપ્શન આધારિત સેવાઓ, સંસ્થાકીય ભાગીદારી અને સરકારી પ્રોજેક્ટ્સને જોડે છે, જે ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે સ્કેલેબલ અને એસેટ-લાઈટ પ્લેટફોર્મ ઉભું કરે છે.

## સરકારોએ માત્ર પાયલોટ પ્રોજેક્ટ્સ પૂરતા સીમિત ન રહેતા જાહેર સેવાઓનું પુનર્ગઠન કરવું જોઈએ: મેકકિન્સી

નવી દિલ્હી: મેકકિન્સીના તાજેતરના અહેવાલ મુજબ, સરકારોએ માત્ર અલગ-અલગ કૃત્રિમ બુદ્ધિમત્તા પાયલોટ પ્રોજેક્ટ્સ પૂરતા સીમિત ન રહેતા આ ટેકનોલોજીની સંપૂર્ણ ક્ષમતાનો લાભ મેળવવા માટે જાહેર સેવાઓની વિતરણ વ્યવસ્થાનું નવેસરથી પુનર્ગઠન કરવું પડશે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે એઆઈ જાહેર ક્ષેત્રની કાર્યક્ષમતામાં સુધારો કરી શકે છે, સેવા વિતરણને વધુ ઉત્તમ બનાવી શકે છે અને સરકારોને સાર્વજનિક સંસાધનોનો વધુ સારી રીતે ઉપયોગ કરવામાં મદદરૂપ બની શકે છે. જો કે, વર્કફ્લો ઈન્ટિગ્રેશન, ડેટા એક્સેસ, મોડેલ જોખમો અને ઓપરેટિંગ ખર્ચ જેવા પડકારોના કારણે ઘણી પહેલો માત્ર પાયલોટ તબક્કાથી આગળ વધી શકતી નથી.અહેવાલ અનુસાર, સરકારોએ માત્ર ટેકનોલોજી પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે મિશનના પરિણામો પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ, એન્ડ-ટૂ-એન્ડ વર્કફ્લોનું પુનર્ગઠન કરવું જોઈએ, એઆઈ-કેન્દ્રીય ઓપરેટિંગ મોડેલ્સ બનાવવા જોઈએ અને નિર્ણાયક બાબતોમાં માનવીય દેખરેખ સુનિશ્ચિત કરવી જોઈએ. જાહેર ક્ષેત્ર એઆઈ અપનાવવાની બાબતમાં અન્ય ઉદ્યોગો કરતાં પાછળ છે, જેનો એઆઈ કોશન્ટ સ્કોર વૈશ્વિક સરેરાશ અડત્રીસ સામે માત્ર અઠ્ઠાવીસ જેટલો છે. ડેટાની વિખેરાયેલી સ્થિતિ, જૂની ટેકનોલોજી સિસ્ટમ્સ અને મર્યાદિત કર્મચારી ક્ષમતાઓને આ અંતર માટે જવાબદાર ગણવામાં આવી છે.

મેકકિન્સીના મતે, જ્યારે જાહેર ક્ષેત્રના એઆઈ કાર્યક્રમો સિંગલ યુઝ કેસને બદલે સંપૂર્ણ સેવા પ્રવાસનું પુનર્ગઠન કરે છે ત્યારે તે વધુ સફળ સાબિત થાય છે. લગભગ સિત્તેર ટકા ડોમેન-આધારિત એઆઈ કાર્યક્રમો ઉત્પાદન સુધી પહોંચે છે, જ્યારે વ્યક્તિગત ઉપયોગના કેસોની આસપાસ બનેલા કાર્યક્રમો માત્ર ત્રીસ ટકા જ સફળ થાય છે. અહેવાલમાં એમ પણ સૂચવવામાં આવ્યું છે કે સરકારોએ સંપૂર્ણ ડેટા આધુનિકીકરણની રાહ જોયા વગર ડેટા સિસ્ટમ્સને સુધારવાના પ્રયાસોની સાથે સાથે જ એઆઈનું અમલીકરણ શરૂ કરી દેવું જોઈએ.

## અલ્ફાબેટના મજબૂત ક્લાઉડ દેખાવથી ભારતીય આઈટી ક્ષેત્ર માટે હકારાત્મક સંકેત

નવી દિલ્હી: નુવામા ઈન્સ્ટિટ્યુશનલ ઈક્વિટીઝના તાજેતરના અહેવાલ મુજબ, અલ્ફાબેટ ઈન્ક.ના ક્લાઉડ વ્યવસાયમાં સતત થઈ રહેલી વૃદ્ધિ ટૂંકા ગાળાની અનિશ્ચિતતા છતાં ભારતીય આઈટી કંપનીઓ માટે મધ્યમથી લાંબા ગાળાનો સકારાત્મક દ્રષ્ટિકોણ પ્રદાન કરી શકે છે. અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે છેલ્લા ચાર ક્વાર્ટરથી ગૂગલના ક્લાઉડ વ્યવસાયમાં થયેલી મજબૂત વૃદ્ધિ, જે અલ્ફાબેટના ઉચ્ચ મૂડીગત ખર્ચના માર્ગદર્શનમાં પ્રતિબિંબિત થાય છે, તે વ્યૂહાત્મક પહેલોમાં સાતત્યપૂર્ણ એન્ટરપ્રાઈઝ રોકાણના સ્પષ્ટ સંકેતો આપે છે. છેલ્લા ક્વાર્ટરમાં ટેકનોલોજી ક્ષેત્રની આ દિગ્ગજ કંપનીની ક્લાઉડ આવક વાર્ષિક ધોરણે એક્યાસી પૂર્ણાંક આઠ ટકા વધી છે, જેને કોર જીસીપી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સોલ્યુશન્સ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર તેમજ પ્રથમ વખત ટીપીયુ સિસ્ટમ વેચાણનો મજબૂત ટેકો મળ્યો છે.

આ સાથે જ ગૂગલ સર્વિસીઝની આવક વાર્ષિક ધોરણે પંદર ટકા વધીને પંચાણું પૂર્ણાંક પાંચ અબજ ડોલર સુધી પહોંચી ગઈ છે, જેમાં મજબૂત સર્ચ અને સબ્સ્ક્રિપ્શન વૃદ્ધિએ મોટો ભાગ ભજવ્યો છે. જાહેરાતની આવક પણ ચૌદ ટકા વધી છે, જેનું મુખ્ય કારણ વિવિધ વર્ટિકલ્સમાં વ્યાપક વૃદ્ધિ અને યુટ્યુબની વધી રહેલી માંગ છે. અહેવાલમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે અલ્ફાબેટનો બીજા ક્વાર્ટરનો ઓપરેટિંગ માર્જિન એક સો સાઈટ બેસિસ પોઈન્ટ વધીને ચોત્રીસ ટકા થયો છે, જ્યારે ક્લાઉડ બિઝનેસનું ઓપરેટિંગ માર્જિન તીવ્રપણે વધીને છત્રીસ પૂર્ણાંક છ ટકા પર પહોંચી ગયું છે. ટેકનિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાછળ મોટા પાયે થઈ રહેલા ખર્ચને કારણે કંપનીએ વર્ષ બે હજાર છવ્વીસ માટેનું પોતાનું મૂડીગત ખર્ચ માર્ગદર્શન વધારીને એક સો પંચાણુંથી બે સો પાંચ અબજ ડોલર કરી દીધું છે. ગૂગલનો ક્લાઉડ બેકલોગ પાંચ સો ચૌદ અબજ ડોલર સુધી પહોંચી ગયો છે, જેમાંથી પચાસ ટકાથી વધુ આવ આગામી ચોવીસ મહિનામાં મળવાની અપેક્ષા છે.

## ભારતની બિન-અશ્મિભૂત ઈંધણ ક્ષમતા ત્રણસો ગીગાવોટને વટાવવા તૈયાર

નવી દિલ્હી: કેન્દ્રીય નવી અને પુન:પ્રાપ્ય ઉર્જા મંત્રી પ્રહલાદ જોષીએ ગુરુવારે જાહેરાત કરી છે કે ભારત ટૂંક સમયમાં જ સ્થાપિત બિન-અશ્મિભૂત ઈંધણ ક્ષમતાના સીમાચિહ્ન રૂપ ત્રણસો ગીગાવોટના આંકડાને પાર કરી જશે. ભારત રિન્યુએબલ એનર્જી સમિટ એન્ડ એક્સ્પો ૨૦૨૬ના પૂર્વ સંધ્યાના કાર્યક્રમમાં બોલતા મંત્રીએ છેલ્લા એક દાયકામાં દેશના સ્વચ્છ ઉર્જા માળખામાં થયેલા અભૂતપૂર્વ વિસ્તાર પર વિશેષ પ્રકાશ પાડ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ભારતની આ ક્ષમતા અગાઉ પંચોત્તેર ગીગાવોટથી વધીને હાલમાં બે સો સત્તાણું પૂર્ણાંક છત્રીસ ગીગાવોટ સુધી પહોંચી ગઈ છે.મંત્રીએ જણાવ્યું હતું કે આગામી દિવસોમાં દેશ સ્થાપિત ક્ષમતામાં નવો રેકોર્ડ બનાવશે. આ



ઉપરાંત, આગામી થોડા અઠવાડિયામાં જ પીએમ સૂર્ય ઘર મુફ્ત વીજળી યોજના હેઠળ પચાસ લાખ લાભાર્થીઓ અને પરિવારો જોડાઈ જશે. વર્ષ ૨૦૧૪માં દેશમાં સોલાર ક્ષમતા માત્ર અઢી ગીગાવોટ આસપાસ હતી, જે વધીને આજે એક સો બાસઠ ગીગાવોટ થઈ ગઈ છે. વિન્ડ એનર્જી ક્ષમતા એકવીસ ગીગાવોટથી વધીને સત્તાવન પૂર્ણાંક ચાર ગીગાવોટ થઈ છે, જ્યારે બાયોએનર્જી પણ આ સમયગાળા દરમિયાન આઠ પૂર્ણાંક એકથી વધીને બાર ગીગાવોટ સુધી પહોંચી છે. આ સાથે સોલાર મોડ્યુલ મેન્યુફેક્ચરિંગ ક્ષમતા પણ બે ગીગાવોટથી વધીને બે સો ગીગાવોટ થઈ ગઈ છે.આગામી નવેમ્બર મહિનામાં દિલ્હીનું ભારત મંડપમ વૈશ્વિક અક્ષય ઉર્જા સમુદાયનું મિલન સ્થળ બનશે. બે થી પાંચ નવેમ્બર દરમિયાન ચાલનારા આ ચાર દિવસીય સંમેલનમાં વિશ્વભરના સરકારી પ્રતિનિધિઓ, નીતિ ઘડનારાઓ, નિયમનકારો, ઉદ્યોગ અગ્રણીઓ, રોકાણકારો, સંશોધકો અને યુવા સાહસિકો એકત્રિત થશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ શિખર સંમેલનનું ભવ્ય ઉદ્ઘાટન કરશે, જેમાં અનેક રાજ્યોના મુખ્યમંત્રીઓ પણ ભાગ લેશે. આ વૈશ્વિક પ્લેટફોર્મ પર ચોત્રીસ જેટલા દેશોને સત્તાવાર આમંત્રણ મોકલવામાં આવ્યા છે.મંત્રીએ વેન્ચર કેપિટાલિસ્ટ્સ, એન્જલ ઈન્વેસ્ટર્સ, પેન્શન ફંડ્સ અને નાણાકીય સંસ્થાઓ સહિતના વૈશ્વિક રોકાણકારોને ભારતના સૌથી ઝડપથી વિકસતા ક્લીન એનર્જી માર્કેટમાં સહભાગી થવા અનુરોધ કર્યો છે. આ સંમેલન દરમિયાન નવીનતમ તકનીકો અને ઉત્પાદનોનું પ્રદર્શન યોજાશે.

## કેપિટલ એસએફબીનો ચોખ્ખો નફો પ્રથમ ત્રિમાસિકમાં 29 ટકા વધી રૂ. 41.3 કરોડ થયો, એડવાન્સિસમાં 22 ટકા વૃદ્ધિ

મુંબઈ/જલંધર : કેપિટલ સ્મોલ ફાઈનાન્સ બેંક (SFB) લિમિટેડે 30 જૂન 2026 ના રોજ પૂરા થયેલા પ્રથમ ત્રિમાસિક (Q1 FY27)ના બિન-ઓડિટ કરેલા નાણાકીય પરિણામો જાહેર કર્યા છે.



બેંકે ધિરાણ અને થાપણો બંને ક્ષેત્રે ઓલ-રાઉન્ડ ગ્રોથ તથા નફાકારકતામાં વૃદ્ધિ અને મજબૂત એસેટ ક્વોલિટી સાથે નવા નાણાકીય વર્ષની મજબૂત શરૂઆત કરી છે. ત્રિમાસિક દરમિયાન ગ્રોસ એડવાન્સિસ રૂ. 9,074 કરોડ, કુલ ડિપોઝિટ રૂ. 10,596 કરોડ અને ચોખ્ખો નફો રૂ. 41 કરોડ થયો હતો. નેટ એનપીએ ઘટીને 1.14% થઈ છે, જ્યારે બેંકે ભવિષ્યની વૃદ્ધિ માટે મજબૂત મૂડી જાળવી રાખી છે.શ્રી સરવજીત સિંહ સામરા, મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ: 'બેંકે નવા નાણાકીય વર્ષની શરૂઆત ખૂબ જ મજબૂત સ્થિતિમાં કરી છે. ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિકમાં અમારી ગ્રોસ એડવાન્સિસ રૂ. 9074 કરોડ સાથે વાર્ષિક 22.0% અને ત્રિમાસિક ધોરણે 4.5 ટકાનો આકર્ષક વધારો દર્શાવે છે. થાપણોમાં પણ વાર્ષિક 16.3%ની વૃદ્ધિ નોંધાઈ છે. જે ગતવર્ષે રૂ. 865 કરોડ સામે આ વર્ષે પ્રથમ ત્રિમાસિકમાં રૂ. 1009 કરોડ થઈ છે. અને CASA રેશિયો સુધરીને 36.7% થયો છે, જે અગાઉ 31 માર્ચ, 2026માં 24.7 ટકા અને 30 જૂન, 2025માં 35.9 ટકા હતો. આ પરિણામ રિટેલ ગ્રાહકોના વધતા વિશ્વાસને દર્શાવે છે.એસેટ ક્વોલિટીમાં સુધારો ચાલુ રહ્યો છે.

## ઈશાન ટેક્નોલોજીસે સમગ્ર ભારતમાં એઆઈ આધારિત વર્કપ્લેસ વિકસાવવા માટે પીપલસ્ટ્રોંગ સાથે ભાગીદારી કરી

અમદાવાદ: સમગ્ર ભારતમાં આઈસીટી અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેવાઓ પૂરી પાડતી અગ્રણી કંપની ઈશાન ટેક્નોલોજીસે પીપલસ્ટ્રોંગની એઆઈ-ફર્સ્ટ હ્યુમન રિસોર્સ ઈન્ફોર્મેશન સિસ્ટમ (એચઆરઆઈએસ) અમલમાં મૂકી હોવાની જાહેરાત કરી છે. આ પગલાંથી કંપની પોતાની માનવ સંસાધન સંબંધિત કામગીરીને વધુ મજબૂત બનાવશે, કારણ કે કંપની સમગ્ર ભારતમાં પોતાના વ્યવસાય અને કર્મચારીઓની ટીમનો સતત વિસ્તાર કરી રહી છે. આ અમલીકરણ ઈશાન ટેક્નોલોજીસની વ્યાપક ડિજિટલ પરિવર્તન યાત્રાનો એક ભાગ છે, જેનો હેતુ પ્રગતિ કરી રહેલી સંસ્થાને ટેકો આપવા માટે યુનિફાઈડ અને સ્કેલેબલ પીપલ પ્લેટફોર્મ તૈયાર કરવાનો તેમજ તમામ સ્થળોએ કર્મચારીઓને એકસરખો અને શ્રેષ્ઠ અનુભવ પૂરો પાડવાનો છે. 25 વર્ષથી વધુના ઉદ્યોગ અનુભવ, સમગ્ર ભારતમાં કામગીરી અને લગભગ 2,000 કર્મચારીઓ ધરાવતી ઈશાન ટેક્નોલોજીસ આજે ભારતની વિશ્વસનીય ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ક્લાઉડ, કનેક્ટિવિટી, સાયબર સિક્યોરિટી અને ડેટા સેન્ટર સોલ્યુશન્સ પૂરા પાડતી અગ્રણી કંપનીઓમાંની એક બની છે. કંપની સતત વિકાસ કરી રહી છે ત્યારે દેશના વિવિધ વિસ્તારોમાં કાર્યરત કર્મચારીઓને અસરકારક રીતે મેનેજ કરવા માટે માનવ સંસાધન સંબંધિત પ્રક્રિયાઓમાં એકરૂપતા લાવવી અને કર્મચારી જ્યાં પણ કાર્યરત હોય ત્યાં તેને સમાન અને સરળ અનુભવ મળી રહે તેની જરૂરિયાત વધુ મહત્વપૂર્ણ બની છે. યુનિફાઈડ એચઆર પ્લેટફોર્મનો અમલ કંપનીના વિકાસના આગામી તબક્કાને મજબૂત આધાર આપવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું છે.

## કેશ સેગમેન્ટ સ્ટોક્સ પર નવો નિયમ

### શેરબજારમાં 3 ઓગસ્ટથી નવી ક્લોઝિંગ સિસ્ટમ લાગુ થશે

અમદાવાદ: ભારતીય શેરબજારમાં આગામી ત્રીજી ઓગસ્ટથી એક મહત્વપૂર્ણ ફેરફાર કરવા જઈ રહ્યો છે, જેના અંતર્ગત બજારમાં તદ્દન નવી ક્લોઝિંગ ઓક્શન સિસ્ટમ લાગુ કરવામાં આવશે. એક્સચેન્જો દ્વારા આ મોટા ફેરફાર માટેની તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. આ નવી વ્યવસ્થા હેઠળ, ડેરિવેટિવ કોન્ટ્રેક્ટ ધરાવતા કેશ સેગમેન્ટના તમામ સ્ટોક્સ પર આ ખાસ નિયમ અમલી બનશે, જેનાથી શેરના અંતિમ ભાવ નક્કી કરવાની પ્રક્રિયા વધુ પારદર્શક અને વિશ્વસનીય બનશે તેવી પૂરી આશા છે. આ નવી સિસ્ટમને અમલમાં મૂકવામાં હવે માંડ દસ દિવસ જેટલો સમય બાકી છે ત્યારે બજારના તમામ મુખ્ય એક્સચેન્જો સક્રિય બન્યા છે. આ પ્રક્રિયાના ભાગરૂપ, ગત સપ્તાહના અંતે વર્ચ્યુઅલ મની અને વર્ચ્યુઅલ ટ્રેડિંગના માધ્યમથી મોક ટ્રેડિંગ સફળતાપૂર્વક હાથ ધરવામાં આવ્યું હતું. આગામી દિવસોમાં પણ આવા જ વધુ ટ્રેડિંગ સત્રોનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં દેશભરના અગ્રણી બ્રોકર્સ સક્રિયપણે ભાગ લઈને આ તકનીકી પ્રણાલીનું ઝીણવટપૂર્વક પરીક્ષણ કરશે. ઉદ્યોગના નિષ્ણાતોના મતે, જો આ મોક ટ્રેડિંગ દરમિયાન કોઈ મોટી તકનીકી કે સોફ્ટવેર સંબંધિત સમસ્યાઓ સામે આવશે, તો નિયમનકારો દ્વારા અમલીકરણની સમયમર્યાદામાં ફેરફાર પણ કરવામાં આવી શકે છે.આ નવી વ્યવસ્થા અંતર્ગત ક્લોઝિંગ ઓક્શન સેશન બપોરે ત્રણ વાગ્યે ને પંદર મિનિટથી લઈને ત્રણ વાગ્યે ને પાંત્રીસ મિનિટ સુધી એટલે કે કુલ વીસ મિનિટનું એક અલગ સત્ર રહેશે. સંદર્ભ કિંમતની ગણતરીઓ તેમજ સતત ટ્રેડિંગ સત્રમાંથી ક્લોઝિંગ ઓક્શન સેશનમાં રૂપાંતરણ થવાની સમગ્ર પ્રક્રિયા બપોરે ૩:૧૫ થી ૩:૨૦ વાગ્યા દરમિયાન પૂર્ણ કરવામાં આવશે. હાલમાં ડેરિવેટિવ કોન્ટ્રેક્ટ ધરાવતા અંદાજે બસો દસ જેટલા સ્ટોક્સ ઉપલબ્ધ છે, જેના ભાવ આ નવી પદ્ધતિના આધારે જ નક્કી થશે.

વૈશ્વિક સ્તરે કાચા તેલના ઊંચા ભાવ અને રૂપિયાના ઘટાડાથી ઓઈલ કંપનીઓને ફટકો

## બિનઅસરકારક માર્કેટિંગ માર્જિનને કારણે BPCL અને HPCLના પ્રથમ ત્રિમાસિક પરિણામોમાં ઘટાડો

(એજન્સી) નવી દિલ્હી | તા.24

વૈશ્વિક સ્તરે કાચા તેલના ભાવમાં અસ્થિરતા, ભારતીય રૂપિયામાં થયેલા તીવ્ર ઘટાડા અને લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગેસ એટલે કે એલપીજીના વેચાણમાં વધી રહેલા નુકસાનને કારણે નાણાકીય વર્ષ ૨૦૨૭ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતીય જાહેર ક્ષેત્રની ઓઈલ માર્કેટિંગ કંપનીઓને ભારે આર્થિક દબાણનો સામનો કરવો પડ્યો છે. નુવામાના અહેવાલ મુજબ, ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ બંને કંપનીઓને મોટા પાયે નાણાકીય નુકસાન થયું છે, કારણ કે રિફાઈનિંગ માર્જિન ખૂબ મજબૂત હોવા છતાં નબળા ઈંધણ માર્કેટિંગ માર્જિનના લીધે તમામ નફો નાશ પામ્યો છે.

અહેવાલ મુજબ, બીપીસીએલ દ્વારા પ્રથમ ત્રિમાસિક ગાળામાં ચુંમાલીસ અબજ રૂપિયાનું ઈબિડા નુકસાન અને ચાલીસ અબજ રૂપિયાનું શુદ્ધ નુકસાન નોંધાવવામાં આવ્યું છે. જોકે કંપનીએ પ્રતિ બેરલ એકતાળીસ પૂર્ણાંક ચાર ડોલરનું મજબૂત ગ્રોસ રિફાઈનિંગ માર્જિન હાંસલ કર્યું હતું, જે વાર્ષિક ધોરણે આઠ ગણાથી વધુ છે, પરંતુ ડીઝલ અને પેટ્રોલ પરના નકારાત્મક માર્જિનને કારણે આ પ્રદર્શન નબળું સાબિત થયું હતું. ડીઝલ અને પેટ્રોલ પર નકારાત્મક માર્જિન અનુક્રમે પચ્ચીસ પૂર્ણાંક બે રૂપિયા પ્રતિ લીટર અને સાત પૂર્ણાંક સાત રૂપિયા પ્રતિ લીટર નોંધાયું હતું. પશ્ચિમ એશિયાના યુદ્ધ અને એલપીજીના નુકસાનને કારણે કંપનીની કામગીરી પર માઠી અસર પડી છે.

બીપીસીએલની જેમ જ એચપીસીએલએ પણ સમાન પ્રવાહ દર્શાવતા સમાનગાળા માટે એક સો એકસઠ અબજ રૂપિયાનું ઈબિડા નુકસાન અને એક સો પંદર અબજ રૂપિયાનું શુદ્ધ નુકસાન નોંધાવ્યું છે. એચપીસીએલએ પ્રતિ બેરલ તેર પૂર્ણાંક આઠ ડોલરનું મજબૂત રિફાઈનિંગ માર્જિન મેળવ્યું હોવા છતાં, તેના માર્કેટિંગ સેગમેન્ટને પણ ડીઝલ અને પેટ્રોલ પર બીપીસીએલ જેટલું જ સમાન નુકસાન સહન કરવું પડ્યું છે. ઊંચા ક્રૂડ ઓઈલના ભાવ અને અવિરત ખર્ચને કારણે કંપનીના અંદાજોમાં ઘટાડો કરવામાં આવ્યો છે, અને તેના શેરના ભાવમાં પણ ઘટાડો જોવા મળ્યો છે.

બંને સરકારી રિફાઈનર્સ પર એલપીજીના વેચાણથી થતા નુકસાનનો ભારે બોજો રહ્યો છે. આ ત્રિમાસિક ગાળામાં બીપીસીએલને એક સો અઠાવ્યાણું અબજ રૂપિયાનું સંચિત એલપીજી નુકસાન થયું હતું, જ્યારે એચપીસીએલનું સંચિત એલપીજી નુકસાન અગિયાર અબજ રૂપિયાની સબસિડી મળવા છતાં એક સો ચોસઠ અબજ રૂપિયા સુધી પહોંચી ગયું હતું. ઓપરેશનલ મોરચે, બીપીસીએલનું ક્રૂડ થ્રુપુટ દસ પૂર્ણાંક એક મિલિયન મેટ્રિક ટન રહ્યું હતું જ્યારે ઘરેલુ વેચાણ સ્થિર રહ્યું હતું. બીજી બાજુ, એચપીસીએલનું ક્રૂડ થ્રુપુટ છ પૂર્ણાંક પાંચ મિલિયન મેટ્રિક ટન નોંધાયું હતું અને અન્ય આવકમાં વધારો થવાથી નુકસાનમાં થોડી રાહત મળી હતી.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, અષાઢ સુદ - 11

# પરમવીર ચક્ર વિજેતાઓ પણ સીજેપીના ટેકામાં

નીટ પેપર લીક વિરુદ્ધ દેશભરમાં આંદોલન ઉગ્ર બન્યું છે. બે પરમવીર ચક્ર વિજેતાઓએ વિદ્યાર્થીઓને ટેકો જાહેર કર્યો છે અને સરકારને બળપ્રયોગને બદલે સંવાદ કરવા અપીલ કરી છે. બોલિવૂડ અભિનેતા નસીરુદ્દીન શાહે પણ સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. સામાજિક કાર્યકર સોનમ વાંગચૂક ભૂખ હડતાળ પર હોસ્પિટલમાં દાખલ છે, જ્યાં વિરોધ પક્ષના નેતાઓને તેમને મળવા દેવાયા નથી.નીટ પેપર લીક વિરુદ્ધ ચાલી રહેલું આંદોલન વધુ ઉગ્ર બનતું જાય છે. ભારતના ત્રણ જીવીત પરમવીર ચક્ર વિજેતાઓમાંથી બેએ પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓને ટેકો જાહેર કર્યો છે. બંનેએ સરકારને અપીલ કરી છે કે વિરોધ કરી રહેલા યુવાનો પર બળપ્રયોગ કરવાને બદલે એમની સાથે વાતચીત કરીને એમની ચિંતા દુર કરવી જોઈએ. ઓનરરી કેપ્ટન બાના સિંહ અને સુબેદાર મેજર યોગેન્દ્ર સિંહ યાદવએ એક અવાજમાં કહ્યું છે કે, લોકશાહીની સૌથી મોટી શક્તિ સંવાદ છે, ટકરાવ નહીં. એમનું માનવું છે કે નીટ પેપર લીક ફક્ત એક ભૂલ નહીં, પરંતુ લાખો વિદ્યાર્થીઓ સાથેનો વિશ્વાસઘાત છે. બાના સિંહ સીયાચીનના હીરો હતા અને ૧૯૮૭ માં એમને પરમવીર ચક્ર આપવામાં આવ્યો હતો. હવે સરકારની ચિંતા વધી છે કે, ભૂતપૂર્વ સૈનિકો પણ ખૂલીને આંદોલનને ટેકો આપી રહ્યા છે.બોલીવુડના સિનિયર અભિનેતા નસીરૂદ્દીન શાહએ નીટ પરીક્ષા પેપર લીક બાબતે મોદી સરકારને બરાબર ભીસમાં લીધી છે. શાહે કહ્યું છે કે, જે પોતે અભણ હોય એમને શિક્ષણની અગત્યતા સમજાય નહીં. શાહે તો નરેન્દ્ર મોદીને 'જૂઠા' અને એમની સરકારને 'બહેરી, ગુંગી અને આંધળી' કહી છે. એમણે ટોણો મારતા એમ પણ કહ્યું છે કે તેઓ નરેન્દ્ર મોદીને ક્યારેય ગંભીરતાથી લેતા નથી. ૭૬ વર્ષના અદાકારે દિલ્હીના જંતર મંતરથી માંડીને મુંબઈ, બિહાર, પંજાબ, મીઝોરમ, તિરુવંતપુરમ સુધી પ્રદર્શન કરી રહેલા છાત્રોને ટેકો જાહેર કર્યો હતો. શાહે કહ્યું હતું કે, 'જે પોલીસ ધોળા દિવસે થતા બળાત્કાર, હત્યાઓ રોકી નથી શકતી એ વિદ્યાર્થીઓ પર કાર્યવાહી કરે છે.' નસીરૂદ્દીન શાહે દેખાવ કરનાર વિદ્યાર્થીઓના ટેકામાં ઈન્સ્ટાગ્રામ પર વીડિયો પણ શેર કર્યો છે. હવે જ્યારે ફિલ્મસ્ટારો પણ ખૂલીને સરકારની ટીકા કરવા માંડયા છે ત્યારે લાગે છે કે સરકારના 'અચ્છે દીન' પૂરા થવા પર છે.નીટ પપેર લીક માટે ચાલી રહેલું આંદોલન વેગ પકડી રહ્યું છે. ભૂખ હડતાળ પર બેઠેલા સામાજીક કાર્યકર્તા સોનમ વાંગચૂક હમણા દિલ્હીના ગુરુગ્રામ ખાતે આવેલી મેદાંતા હોસ્પિટલમાં દાખલ થયા છે. ગુરુવારની રાતે એમને મળવા માટે વિરોધ પક્ષના ઘણા નેતાઓ પહોંચ્યા હતા. જોકે સત્તાવાળાઓએ એમને મળવા દીધા નહોતા. સપા સાંસદ પ્રિયા સરોજ, આપ સાંસદ સંજય સિંહ અને આરજેડીના સાંસદ સંજય યાદવ વાંગચૂકને મળવા માંગતા હતા. આ લોકો હોસ્પિટલની બહાર ફૂટપાથ પર મોડે સુધી બેસી રહ્યા હતા. પોલીસે એમને વાંગચૂકને મળવાની પરવાનગી આપી નહોતી એ બાબતે પ્રિયા સરોજે કહ્યું હત્ું કે, 'જ્યાં સુધી અમને મળવા દેવામાં નહીં આવે ત્યાં સુધી અમે બેસી રહીશું. રાતથી સવાર કેમ ન પડે. અમને ચિંતા નથી. અમારા પહેલા ઘણા નેતાઓને તમે મળવા દીધા છે તો અમારા માટે જ પ્રોટોકોલ શા માટે?'સામાજીક કાર્યકર અન્ના હજારેએ અહલ્યાનગરમાં ચાલી રહેલા વિદ્યાર્થીઓના આંદોલનમાં ભાગ લેવાનું નક્કી કર્યું છે. અન્ના હજારેની નજીકની વ્યક્તિઓએ કહ્યું હતું કે અન્ના હજારે અહલ્યાનગર પહોંચીને વિદ્યાર્થીઓના દેખાવમાં સામેલ થશે. હજારેએ નિવેદન આપ્યું હતું કે, 'નરેન્દ્ર મોદી દેશના એક મોટા અને સન્માનીય નેતા છે. એમણે સમજવું જોઈએ કે હીંસા કોઈ રસ્તો નથી. તેઓ ઉચ્ચ પદ પર છે એ માટે મે એમને પત્ર લખ્યો છે. મે મારી જિંદગીમાં ૨૨ આંદોલનો કર્યા છે, પરંતુ કદી હીંસા થઈ નથી. આ આંદોલનામાં જે થયું છે તે ખોટું થયું છે. આંદોલન હંમેશા અહીંસક હોવું જોઈએ. સરકાર શું કરી રહી છે?' ૨૦૧૨માં જ્યારે અન્ના હજારે અને અરવિંદ કેજરીવાલે ભ્રષ્ટાચાર વિરોધી આંદોલન કર્યું હતું ત્યારે એમને સફળતા મળી હતી એના કારણ ઘણા બધા હતા. આ વખતના આંદોલનમાં અન્ના હજારે હીરો બની શકે એમ નથી. કેટલાક એમને સરકારી એજન્ટ પણ માને છે. ઉત્તર પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી નજીક છે ત્યારે સમાજવાદી પક્ષને કોંગ્રેસની જેમ ભાજપે પણ અત્યારથી તૈયારી શરૂ કરી છે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ભાજપના કાર્યકરોને કેટલીક સલાહો આપી છે.

### ટ્રેનિંગ કેમ્પ તા. 29 જુલાઈ સુધી યોજાશે

# રાજપીપળામાં 5 એનસીસીની CATC-207 તાલીમ શિબિરમાં 500 કેડેટ્સે ભાગ લીધો

રાજપીપલા | 5 ગુજરાત બટાલિયન એનસીસી (NCC), સુરત દ્વારા રાજપીપળા સ્થિત જી.એન.એલ.એ. (GNLA) કેમ્પસ ખાતે તા. 20 જુલાઈથી કોમ્બાઈન્ડ એન્યુઅલ ટ્રેનિંગ કેમ્પ-207 (CATC-207)નું આયોજન કરવામાં આવ્યું છે. તા. 29 જુલાઈ સુધી ચાલનારી આ તાલીમ શિબિરમાં વિવિધ જિલ્લાઓમાંથી કુલ 500 જેટલા એનસીસી કેડેટ્સ ઉત્સાહભેર ભાગ લઇ રહ્યા છે .



5 GUJ BN NCC, SURAT ના COMMANDING OFFICER આદર્શ ભંડારીએ જણાવ્યું હતું કે, સરકાર ના માર્ગદર્શન હેઠળ 5 ગુજરાત બટાલિયન એનસીસી દ્વારા આ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. દસ દિવસ સુધી ચાલનારી આ તાલીમમાં વિવિધ જિલ્લાઓના એનસીસી કેડેટ્સને મુખ્યત્વે આઉટડોર આધારિત વ્યવહારિક તાલીમ આપવામાં આવી રહી છે. આ તાલીમનો મુખ્ય હેતુ યુવાનોમાં રાષ્ટ્રીય એકતા, શિસ્ત, નેતૃત્વ, સ્વાવલંબન અને રાષ્ટ્રસેવાની ભાવના વિકસાવવાનો છે, જેથી તેઓ દેશના જવાબદાર નાગરિક તરીકે રાષ્ટ્ર નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન આપી શકે.

એનસીસી કેડેટ્સ પનાશ જી. બેનર્જીએ જણાવ્યું હતું કે, તાલીમ દરમિયાન શારીરિક તાલીમ (PT), અવરોધક તાલીમ (Obstacle Training), હથિયાર તાલીમ (Weapon Training), ફાયરિંગ, ફિલ્ડ ક્રાફ્ટ અને બેટલ ક્રાફ્ટ (Field Craft & Battle Craft), મેપ રીડિંગ (Map Reading) તેમજ આધુનિક ડ્રોન સંચાલનની તાલીમ આપવામાં આવી રહી છે, જે કેડેટ્સના વ્યક્તિત્વ વિકાસ અને આત્મવિશ્વાસમાં વધારો કરે છે.

આ તાલીમ શિબિરમાં 2 અધિકારીઓ, 9 એસોસિયેટ એનસીસી ઓફિસર્સ (ANOs), 20 પર્માનન્ટ ઈન્સ્ટ્રક્ટર (PI) સ્ટાફ, 8 સિવિલ સ્ટાફ સહિત કુલ 500 જેટલા એનસીસી કેડેટ્સ સક્રિયપણે ભાગ લીધો છે.

આ પ્રકારની તાલીમ શિબિરો યુવાનોમાં રાષ્ટ્રપ્રેમ, શિસ્ત, નેતૃત્વ, સેવા અને ટીમવર્કની ભાવના વિકસાવી તેમને ભાવિ જવાબદાર નાગરિક અને સશક્ત રાષ્ટ્રનિર્માતા તરીકે તૈયાર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં બે વિદ્યાર્થીઓએ પીએચ.ડી. અભ્યાસ પૂર્ણ કર્યો

જૂનાગઢ તા.૨૪, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં બે વિદ્યાર્થીઓએ પોતાનું સંશોધકાર્ય સંપન્ન કરતાં યુનિ.નાં કુલપતિ પ્રો.(ડો.) પ્રતાપસિંહજી ચૌહાણે બન્ને વિદ્યાર્થીઓને તુરંત નોટીફિકેશન અને પ્રોવિઝનલ પ્રમાણપત્ર એનાયત કરી શુભકામનાં પાઠવાતા જણાવ્યુ હતુ કે આજે જયપ્રકાશ વસંતરાય વોરાએ કોમર્સ એન્ડ એકાઉન્ટન્સી વિભાગમાં ભારતની પસંદગીની સિમેન્ટ કંપનીઓના નાણાકીય પ્રદર્શન પર અભ્યાસ વિષયે પોતાનાં માર્ગદર્શક આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, માણાવદર ડો.યોગેશ ઠુમરનાં સહયોગથી પ્રસ્તુત કરેલ થીસીસ બાહ્ય રેફરી શેઠ એસ. વી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, માંડવી (કચ્છ), ગુજરાતનાં આચાર્ય ડો. મહેશ બારડે ગ્રાહ્ય રાખતા પોતાનું શોધકાર્ય સફળતાપુર્વક સંપન્ન કર્યુ છે. તે જ રીતે એમ.કે.બી. યુનિવર્સિટી, ભાવનગરનાં કોમર્સ વિભાગનાં એસોસીયેટ પ્રોફેસર ડૉ. બુટાલાલ અજમેરાની બાહ્ય રેફરી ની ઉપસ્થિતીમાં જાની અર્ચના વસંતરાયે પોતાનાં માર્ગદર્શક શ્રી કે.એમ.એન્ડ શ્રીમતી કે. કે.સાવજાની કોમર્સ કોલેજ, વેરાવળનાં ડૉ.જીગર રાવલ સહયોગીથી કોમર્સ એન્ડ એકાઉન્ટન્સી / કોમર્સ એન્ડ મેનેજમેન્ટ વિભાગમાં ગુજરાતનાં પસંદગીનાં શહેરોનાં વિશેષ સંદર્ભમાં ઈ-વ્હીકલ્સ માટે ગ્રાહકોની જાગૃતિ, પસંદગી અને ખરીદીનાં ઈરાદાઓનું વિશ્લેષણ વિષયે સફળતા પુર્વક પ્રસ્તુત કરેલ શોધપત્ર ગ્રાહ્ય રહ્યા છે. બન્ને વિદ્યાર્થીઓ પોતાનું સંશોધનકાર્ય અનુભવ સમાજોત્કર્ષમાં પ્રદાન કરે તેવી પ્રો. પ્રતપસિંહજીએ શુભકામનાં પાઠવી હતી.

# સાયબર ક્રાઇમનું સૌથી ભયાનક શસ્ત્ર હેકિંગ નથી; માનવીની બેદરકારી છે. - ડૉ. હિંમતભાઈ એસ. મુળાણી

આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ચાણસ્માના સાયબર ક્લબના ઉપક્રમે વ્યાખ્યાન, જૂથચર્ચા અને પ્રતિજ્ઞા વાંચન જેવા કાર્યક્રમ કરવામાં આવ્યા. આ પ્રસંગે કાર્યક્રમનું સંચાલન કરતાં સાંસ્કૃતિક પ્રવૃતિઓના સંયોજક ડૉ.જિતેન્દ્રકુમાર વી. પટેલે કહ્યું કે આજે આપણે એવા વિષય પર વિચાર કરવા માટે એકત્ર થયા છીએ જે દેખાતો નથી, પરંતુ હજારો ઘરોને રડાવી રહ્યો છે; જેનો કોઈ ચહેરો નથી, છતાં લાખો લોકોના ચહેરા પરથી સ્મિત છીનવી રહ્યો છે; જે હાથમાં હથિયાર લઈને આવતો નથી, છતાં પળવારમાં આખી જિંદગીની કમાણી લૂંટી જાય છે. એ વિષય છે– સાયબર ક્રાઈમ. એક સમય હતો જ્યારે ચોર ઘરમાં ઘૂસતો હતો. આજે ચોર તમારા મોબાઈલમાં ઘૂસી જાય છે. પહેલાં તાળું મજબૂત રાખવું પડતું હતું, આજે પાસવર્ડ મજબૂત રાખવો પડે છે. પહેલાં ઘરનું બારણું બંધ કરવું પડતું હતું, આજે ડિજિટલ જીવનના દરવાજા બંધ રાખવા પડે છે. આજે દુનિયા આપણા હાથની હથેળીમાં સમાઈ ગઈ છે. આ પ્રસંગે પ્રાસંગિક ઉદ્દબોધન કરતાં કોલેજના આચાર્ય ડૉ. વર્ષાબેન સી. પટેલે કહ્યું કે મોબાઈલ માત્ર વાતચીતનું સાધન નથી; તે આપણી બેંક છે, ઓળખ છે, દસ્તાવેજ છે, પરિવાર છે, સ્મૃતિઓ છે અને ક્યારેક તો આખું જીવન છે. પરંતુ જેટલી ઝડપે ટેક્નોલોજી વધી રહી છે, એટલી જ ઝડપે છેતરપિંડીના નવા રસ્તાઓ પણ જન્મી રહ્યા છે. મિત્રો, સાયબર ક્રાઈમ માત્ર પૈસા ચોરવાનો ગુનો નથી; તે વિશ્વાસની ચોરી છે. જ્યારે કોઈ વૃદ્ધ વ્યક્તિ પોતાની જીવનભરની બચત ગુમાવે છે, ત્યારે માત્ર બેંક ખાતું ખાલી થતું નથી, પરંતુ તેની આશા પણ તૂટી જાય છે. જ્યારે કોઈ વિદ્યાર્થીનું સોશિયલ મીડિયા એકાઉન્ટ હેક થાય છે અને તેના નામે ખોટા સંદેશાઓ મોકલાય છે, ત્યારે માત્ર એક એકાઉન્ટ નહીં, પરંતુ તેની પ્રતિષ્ઠા ઘાયલ થાય છે. જ્યારે કોઈ યુવતીના ફોટાનો દુરુપયોગ થાય છે, ત્યારે માત્ર ફોટો નહીં, પરંતુ તેનું આત્મસન્માન ઘાયલ થાય છે. મહાત્મા ગાંધીજી કહેતા હતા : 'સત્ય અને વિશ્વાસ માનવજીવનની સૌથી મોટી મૂડી છે.' સાયબર ક્રાઇમ સૌથી પહેલાં આ વિશ્વાસ પર જ હુમલો કરે છે. સ્વામી વિવેકાનંદે કહ્યું છે: 'શક્તિ જીવન છે, નિર્બળતા મૃત્યુ છે.' આજના સમયમાં ડિજિટલ જાગૃતિ એ જ શક્તિ છે. જે વ્યક્તિ સાયબર સુરક્ષા વિશે જાણે છે તે વધુ સુરક્ષિત છે, અને જે અજાણ છે તે વધુ જોખમમાં છે. એક હૃદયસ્પર્શી ઘટના કલ્પના કરો કે એક નિવૃત્ત શિક્ષક પોતાના પૌત્રના ઉચ્ચ અભ્યાસ માટે વર્ષો સુધી બચત કરે છે. એક દિવસ ફોન આવે છે–'હું બેંકમાંથી બોલું છું. તમારું KYC અપડેટ કરવું છે.' તેઓ વિશ્વાસથી OTP જણાવે છે. પાંચ મિનિટ પછી જીવનભરની બચત ગાયબ થઈ જાય છે. એ દિવસે માત્ર પૈસા ગયા નહોતા. તેમની આંખોમાં વિશ્વાસનું પાણી પણ સુકાઈ ગયું હતું. આવી ઘટનાઓ રોજ બની રહી છે.

# રાજપીપલા માં ગાંજા સાથે પકડાયેલા વ્યક્તિ ને એડી. ડિસ્ટ્રીકટ જજ એ સાત વર્ષની સજા અને ૫૦ હજાર નો દંડ ફટકાર્યો

નર્મદા જીલ્લાના એડી. ડિસ્ટ્રીકટ જજ ની કોર્ટમાં ચાલેલ સ્પે.એન.ડી.પી.એસ. કેસ ના આરોપી મહેશભાઈ મનસુખભાઈ તડવી રહે. ગડોદ કબિર મંદિર ફળીયું, તા.ગરૂડેશ્વર જી.નર્મદા ને ૭(સાત) વર્ષ સખત કેદની સજા તથા રૂ.૫૦,૦૦૦/-(પચાસ હજાર) નો દંડની રકમ અને જો દંડની રકમ ન ભરે તો વધુ ૬ (છ) માસની સાદી કેદની સજાનો હુકમ ફરમાવ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ કેસ ની વિગત જોતા આરોપી મહેશભાઈ મનસુખભાઈ તડવી તા.૨૫/૦૬/૨૦૧૯ નારોજ ગડોદ ગામે કબિર મંદિર ફળીયામાં પોતાના કબ્જાના રહેણાંક ઘરેથી બે પ્લા.ની પારદર્શક કોથળીઓમાં રાખેલ ગેર કાયદેસરનો માદક પદાર્થ ગાંજાનો જથ્થો જેમાં નં-(૧) ૭૪૦ ગ્રામ કિ.રૂ. ૭૪૦૦/- તથા (૨) ૫૭૦ ગ્રામ કિ.રૂ.૫૭૦૦/- તથા (૩) નોકીયા કંપનીનો કાળા કલરનો બે સીમ કાર્ડ વાળો મોબઈલ ફોન-૦૧ કિ.રૂ.૫૦૦/- તથા (૪)રેગ્ઝીનનું પાકીટ તથા તેમાના રોકડા રૂપિયા ૧૧૦૦/- મળી કુલ રૂ.૧૪,૭૦૦/- ના મુદામાલ સાથે પકડાઈ જઈ ગુન્હો કર્યો હતો.

આ કેસ નર્મદા જીલ્લાના એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ એ.વી. હિરપરા ની કોર્ટમાં ચાલી જતા. જેમાં ફરીયાદી તર્ફે સરકારી વકીલ વંદનાબેન આઈ. ભટ્ટ નાઓએ ફરીયાદપક્ષે દસ્તાવેજી પુરાવાઓ તેમજ હાઈકોર્ટ તથા સુપ્રિમ કોર્ટના જડજમેન્ટો તથા લેખીત તથા મોખીક દલીલો રજૂ કરી કોર્ટે આ પુરાવાઓને ધ્યાનમાં રાખી આરોપીને એન.ડી.પી.એસ. એકટની કલમ- ૮(સી), ૨૦(બી),૨(બી) મુજબના ગુના માં કસુરવાર ઠરાવીને આરોપીને ૭(સાત) વર્ષ સખત કેદની સજા તથા રૂ.૫૦,૦૦૦/-(પચાસ હજાર) નો દંડની સજા અને જો દંડની રકમ ન ભરે તો વધુ ૬ (છ) માસની સાદી કેદની સજાનો હુકમ કર્યો હતો.

# લુણાવાડા ખાતે મહીસાગર બ્રિજની સુરક્ષા અને ભૌતિક સ્થિતિ ચકાસવા જિલ્લા કલેક્ટરનું સ્થળ પર નિરીક્ષણ

જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા ખાતે મહીસાગર બ્રિજની પ્રવર્તમાન સ્થિતિ અને સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરવાના હેતુથી જિલ્લા કલેક્ટરશ્રી અર્પિત સાગરે પ્રત્યક્ષ મુલાકાત લીધી.વહીવટી તંત્રની નિયમિત દેખરેખ અને નિરીક્ષણની કામગીરીના ભાગરૂપે આયોજિત આ મહત્વપૂર્ણ મુલાકાત દરમિયાન કલેક્ટરશ્રીએ બ્રિજની ભૌતિક સ્થિતિનું ઝીણવટપૂર્વક અવલોકન કર્યું હતું.આ મુલાકાત દરમિયાન જિલ્લા કલેક્ટરશ્રીની સાથે લુણાવાડાના મામલતદારશ્રી પણ ઉપસ્થિત રહ્યા હતા.

# દાહોદના લીમખેડામાં મેઘરાજાની એન્ટ્રી, હડફ નદીમાં નવા નીર

દિપક રાવલ દાહોદ લીમખેડા

દાહોદ જિલ્લામાં મેઘરાજાએ મન મૂકીને હેત વરસાવતા સમગ્ર પંથકમાં ઉત્સાહભર્યો વરસાદી માહોલ જામ્યો છે. જિલ્લાના અનેક વિસ્તારોમાં ક્યાંક ધીમી ધારે તો ક્યાંક ઝરમર ઝરમર વરસાદ વરસી રહ્યો છે, જેના કારણે લાંબા સમયથી ચાલી રહેલી ગરમી અને બફારામાંથી લોકોને મોટી રાહત મળી છે. આ વરસાદના આગમન સાથે જ વાતાવરણમાં ઠંડક પ્રસર પામી છે અને નદી-નાળાઓમાં પાણીની આવક શરૂ થઈ છે.ખાસ કરીને લીમખેડા પંથક માટે આ વરસાદ વરદાન સાબિત થયો છે. અહીંની મુખ્ય હડફ નદીમાં નવા નીર આવતા સ્થાનિક રહેવાસીઓ



અને ખેડૂતોમાં ભારે ખુશી જોવા મળી રહી છે. નદી બે કાંઠે વહેતી થવાની શરૂઆત થતાં જ આસપાસના જળસ્રોતોમાં પણ જળસ્તર સુધરવાની આશા બંધાઈ છે. અગાઉ પડેલી કાળઝાળ ગરમી અને પાણીની અછતને કારણે ચિંતિત બનેલા ખેડૂતોના પાકને આ વરસાદથી નવજીવન અને મોટું જીવતદાન મળ્યું છે.હવામાન વિભાગ દ્વારા દાહોદ જિલ્લામાં ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરીને રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. પ્રશાસન દ્વારા પણ સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે અને નાગરિકોને સાવચેત રહેવા અપીલ કરાઈ છે. હવામાન વિભાગની આ આગાહી વચ્ચે સતત વરસી રહેલા વરસાદથી આગામી દિવસોમાં પાણીની સ્થિતિ વધુ સુધરશે તેવો આશાવાદ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે.હાલ ખેડૂતો અને ગ્રામજનો આ વરસાદથી ખુશ છે, પરંતુ હજુ પણ મોટા ડેમ, તળાવો અને કૂવાઓ સંપૂર્ણપણે ભરાયા નથી. આગામી સમયમાં જો આ જ પ્રકારે સારો અને સંતોષકારક વરસાદ વરસી રહેશે, તો જળાશયો છલકાશે અને ભૂગર્ભ જળસ્તર ઊંચા આવશે. આ બાબતને ધ્યાનમાં રાખીને ખેડૂતો મેઘરાજા વધુ મહેરબાન થાય અને અનરાધાર વરસાદ વરસે તેવી આશા લગાવીને બેઠા છે.

### ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.ખાતે

# સમાજશાસ્ત્રી અને માનવશાસ્ત્રી શ્યામાચરણ દુબેની ૧૦૪મી જન્મજયંતિ નિમિત્તે યોજાયો એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૪, ભક્તકવિ નરસિંહ મહેતા વિશ્વ વિદ્યાલય ખાતે આજે યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર અને સમાજશાસ્ત્રીય કાર્ય વિભાગ દ્વારા ભારતીય સમાજશાસ્ત્રી અને માનવશાસ્ત્રી, કુશળ પ્રશાસક અને વિવિધ આંતરરાષ્ટ્રીય સંગઠનોના સલાહકાર, શ્યામાચરણ દુબેની ૧૦૪મી જન્મજયંતિ નિમિત્તે એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન વેબીનારનાં માધ્યમે થયુ હતુ. વેબીનારને યુનિ.નાં કુલપતિ પ્રો. (ડો.) પ્રતાપસીંહજી ચૌહાણે ખુલ્લો મુકી ઓનલાઈન મોડથી જોડાયેલ યુનિ. સંલગ્ન કોલેજો, અનુસ્નાતક ભવનો, વિવિધ યુનિ.નાં સમાજશાસ્ત્રીય અધ્યાપકોને સંબોધતા જણાવ્યુ હતુ કે આજે આજે આપણે અહીં એક મહાન સમાજશાસ્ત્રી, શિક્ષક અને સક્રિય સમાજસેવક શ્રી શ્યામશરણ દુબેની જન્મ જયંતિ ઉજવી રહ્યા છીએ શ્યામશરણ દુબેનું જીવન સમર્પિત સેવા, સમાજની સાથે જોડાવાનું એક જીવંત ઉદાહરણ હોવા સાથે આપણા માટે એક અનમોલ વારસો છે.તેમણે સમાજમાં સમાનતા, શિક્ષણ અને પ્રગતિ માટે જે સતત પ્રયત્નો કર્યા તેમના કાર્યમાંથી આપણે શીખી શકીએ કે, સમાજમાં પરિવર્તન લાવવું શક્ય છે, પ્રો. પ્રતાપસિંહજી એ જણાવ્યું હતુ કે, જ્યાં ઈચ્છા હોય, ત્યાં માર્ગ મળે છે. એસ.સી.દુબેનાં જીવનમાં જેઓએ સમાજસેવા માટે પોતાની લાગણીઓ અને ઊર્જા સમર્પિત કરી, તેમને દરેક કઠણાઈનો સામનો કરી સફળતા મેળવી. તેમની આ શિખ કે આપણને પણ પોતાની જવાબદારી નિભાવવા પ્રેરણા આપે છે. આજના દિવસે, આપણે આ મહાન વ્યક્તિના કાર્યમાંથી પ્રેરણા લઇ પ્રતિબદ્ધ થવા વિદ્યાર્થીઓને આહવાન કરી શિક્ષણ, સમાનતા અને માનવતાની માર્ગદર્શિકા આપનાવી આદર્શ જીવન જીવીએ અને આપણા સમાજને વધુ પ્રગટ બનાવી આવતીકાલ માટે એક શ્રેષ્ઠ સમાજ રચવા માટે, શ્યામશરણ દુબેના જીવન અને કાર્યમાંથી શીખીએ અને આગળ વધીએ.આ સિમ્પોઝીયમમાં લખનૌ યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગના વડા અને ભારતીય સમાજશાસ્ત્રીય સમાજના વર્તમાન પ્રમુખ પ્રો. (ડૉ.) ડી.આર.સાહુ એ જણાવ્યુ હતુ કે આ ફક્ત એક શૈક્ષણિક કાર્યક્રમ નથી, પરંતુ ભારતીય સમાજશાસ્ત્રમાં એક મહાન બૌદ્ધિક પરંપરાને શ્રદ્ધાંજલિ આપવાની તક છે. ડૉ. શ્યામા ચરણ દુબેએ ભારતીય સમાજ,




આદિવાસી જીવન, ગ્રામીણ પરિવર્તન, સંસ્કૃતિ અને વિકાસના અભ્યાસ માટે એક નવો દ્રષ્ટિકોણને નીરખવાનો અવસર છે. કાર્યક્રમનાં વક્તા એક સફળ શિક્ષક, કુશળ વહીવટકર્તા, લેખક અને સારા વક્તા પ્રો. વિદ્યુત જોષીએ જણાવ્યુ હતુ કે એસ.સીદુબેનાં વિચારો આજે પણ સામાજિક પરિવર્તન, વિકાસ અને સાંસ્કૃતિક પ્રવચનનું માર્ગદર્શન આપે છે. આજની સિમ્પોઝીયમમાં ભારતીય સમાજ, સંસ્કૃતિ અને વિકાસની સમીક્ષા, શ્યામા ચરણ દુબેનો વારસો થીમ પર રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન વિદ્યાર્થીઓને નવી જાણકારી પ્રદાન કરશે. તેમ જણાવી 'આધુનિકીકરણ, વૈશ્વિકરણ અને બદલાતા ભારતીય સમાજ' વિષય પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. આજના રાષ્ટ્રીય ઈ-સિમ્પોઝિયમમાં 'આધુનિકીકરણ, વૈશ્વિકરણ અને બદલાતા ભારતીય સમાજ' વિષય પર પોતાના વિચારો રજુ કરતાં રાજસ્થાનની જયપુર સ્થિત યુનિ.નાં સમાજશાસ્ત્ર વિભાગના વરિષ્ઠ અને પ્રતિષ્ઠિત પ્રોફેસર અને ભૂતપૂર્વ વડા પ્રો. (ડૉ.) રાજીવ ગુપ્તાએ પોતાનાં દ્વારા શિક્ષક, ખેડૂત અને મહિલા ચળવળોમાં ભજવેલ સક્રિય સક્રિય ભૂમિકા, અને ઉચ્ચ શિક્ષણ, સામાજિક પરિવર્તન અને માર્ક્સવાદી વિચારધારા પર લખાયેલ પુસ્તકો અને સંશોધન લેખોને આધાર ટાંકી શ્યામશરણ દુબેનાં સમાજશાસ્ત્રીય ખેડાણી વાત રજુ કરી હતી. આ સિમ્પોઝીયમમાં લખનૌની બાબાસાહેબ ભીમરાવ આંબેડકર યુનિવર્સિટીમાં સમાજશાસ્ત્ર વિભાગમાં પ્રોફેસર તરીકે જવાબદારી સંભાળતા પ્રો. (ડો.) બી.એન. દુબેએ પોતાનાં બે દાયકાથી વધુનો શિક્ષણ અને સંશોધનનો અનુભવ સાથે શિક્ષણના સમાજશાસ્ત્ર, સામાજિક ન્યાય, આદિવાસી સમાજશાસ્ત્ર અને શિક્ષણ સંબંધિત સરકારી નીતિઓના અભ્યાસમાં પોતાનાં કાર્યનાં અનુભવોને જોડીને એસ. સી. દુબેના સમાજશાસ્ત્રીય વિચારના સમકાલીન ઉપયોગો' વિષય પર પોતાના વિચારવ્યક્ત કર્યા હતા. આ પ્રસંગે પ્રોફેસર (ડૉ.) બિરેન્દ્ર નારાયણ દુબે, દિવાકર જી રાજપૂતે 'સમકાલીન ભારતમાં સંસ્કૃતિ, પરંપરા અને સામાજિક પરિવર્તન' વિષય પર પોતાનાં વિચારો વ્યક્ત કર્યા હતા કાર્યક્રમનાં પ્રારંભે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં સમાજશાસ્ત્ર અને સમાજશાસ્ત્રીય કાર્ય વિભાગનાં વડા પ્રો.(ડો.) જયસિંહ ઝાલાએ વિદ્વાન વક્તાઓ, વિવિધ યુનિવર્સિટીઓના સમાજશાસ્ત્ર વિભાગના તમામ વડાઓ, શિક્ષકો અને સંશોધકો અને ડિઝીટલ માધ્યમે ઓનલાઈન મોડથી જોડાયેલ યુનિસંલગ્ન સઘળી કોલેજોનાં વિદ્યાર્થીઓને શબ્દસુમનથી આવકારી સિમપોઝીયમની વિભાવનાં પ્રસ્તુત કરતા જણાવ્યુ હતુ.

# વાવ-થરાદ જિલ્લામાં વરસાદની આગાહી વચ્ચે વહીવટી તંત્ર સજ્જ: દિયોદરમાં ૬.૭૩ ઇંચ વરસાદ નોંધાયો

થરાદ | ભારતીય હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી ભારે વરસાદની આગાહીને પગલે વાવ-થરાદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ જરૂરી આગોતરી તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. જિલ્લા કલેક્ટરશ્રી મયુર મહેતાના નેતૃત્વ હેઠળ ચોમાસા દરમિયાન સર્જાઈ શકે તેવી કોઈપણ આપાતકાલીન પરિસ્થિતિને પહોંચી વળવા સમગ્ર વહીવટી તંત્ર સતત સતર્ક અને સંપૂર્ણ સજ્જ છે.આજે તારીખ ૨૪ જુલાઈના રોજ વાવ-થરાદ જિલ્લાના દિયોદર તાલુકામાં સવારે ૬:૦૦ વાગ્યાથી બપોરે ૨:૦૦ વાગ્યા સુધીમાં ૬.૭૩ ઇંચ જેટલો ભારે વરસાદ નોંધાયો હતો. વરસાદના કારણે દિયોદર ગામના લક્ષ્મીપુરા વિસ્તારમાં પાણી ભરાતાં વહીવટી તંત્ર દ્વારા ત્વરિત કામગીરી કરીને આશરે ૭૦ જેટલા લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. આ સ્થળાંતરિત કરાયેલા નાગરિકો માટે તંત્ર દ્વારા ભોજન, પીવાના શુદ્ધ પાણી તેમજ આરોગ્યલક્ષી સેવાઓની પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે.જિલ્લામાં વરસાદ કે વાવાઝોડાને કારણે કોઈ નુકસાન, જાનમાલનું જોખમ કે તાત્કાલિક સહાયની જરૂરિયાત ઊભી થાય તો નાગરિકો માટે ઈમરજન્સી હેલ્પલાઈન કાર્યરત કરવામાં આવી છે. નાગરિકો જિલ્લા ઈમરજન્સી ઓપરેશન સેન્ટર (DEOC) ના ટેલિફોન નંબર ૦૨૭૩૭-૨૨૩૩૭૪ અથવા જિલ્લા ડિઝાસ્ટર કંટ્રોલ રૂમના ટોલ-ફ્રી નંબર ૧૦૭૭ પર ત્વરિત સંપર્ક કરી શકે છે. વધુમાં, જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે ભારે વરસાદ દરમિયાન બિનજરૂરી પ્રવાસ ટાળવો, નદી-નાળાં કે નીચાણવાળા વિસ્તારોમાં જવાનું સાહસ ન કરવું, સુરક્ષિત સ્થળોએ રહેવું તથા હવામાન વિભાગ અને વહીવટી તંત્રની સત્તાવાર સૂચનાઓનું જ પાલન કરવું.

# વધારે વરસાદના કારણે ચાણસ્મા ડેપો દ્વારા સંચાલિત સુરત-વાપી જતી બસોના રૂટ ટુંકાય

છેલ્લા બે દિવસથી ગુજરાતભર માં મેઘાનું મંડાણ થયું છે ત્યારે વડોદરા સુરત વલસાડ માં ભારે વરસાદના કારણે જનજીવન પર અસર પહોંચી છે ત્યારે તેની સીધી અસર વાહન વ્યવહાર પર પડતાં અને ઉપલી કચેરીના આદેશથી ચાણસ્મા ડેપો સંચાલિત સુરત વડોદરા સહિત ના એસટી રૂટો અમદાવાદ સુધી ટૂંકાવી દેવામાં આવ્યા છે અને જ્યાં સુધી સુરત વલસાડ બાજું પરીસ્થિતી રાબેતા મુજબના થાય ત્યાં સુધી ચાણસ્મા ડેપો દ્વારા સુરત નવસારી વાપી નું બુકીંગ બંધ કરી દેવામાં આવ્યું હોવાનું ડેપો મેનેજર મનિષા બા ચાવડાએ જણાવ્યું હતું.

# સ્ટેટ રિઝર્વ પોલીસ ફોર્સ (SRPF)ના જવાનોના પરિવારજનો માટે HIV/ AIDS સહિત વિવિધ આરોગ્ય વિષયો અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

દિપક રાવલ દાહોદ લીમખેડા

દાહોદ: સ્ટેટ રિઝર્વ પોલીસ ફોર્સ (SRPF)ના જવાનોના પરિવારજનો માટે HIV/AIDS, જાતીય સંક્રમિત રોગો (STI), હેપેટાઈટિસ, વ્યસનના દુષ્પરિણામો તેમજ ઉપલબ્ધ આરોગ્ય સેવાઓ અંગે વ્યાપક જાગૃતિ લાવવાના હેતુથી આરોગ્ય જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

DYSP શ્રી જે.ડી. વાઘેલાની પરવાનગીથી અને મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી તથા જિલ્લા ક્ષય અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ DISHA ડાપ્કુ તથા ART Centre, દાહોદની સંયુક્ત ટીમ દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.



કાર્યક્રમ દરમિયાન નિષ્ણાત ટીમ દ્વારા HIV/AIDS, જાતીય સંક્રમિત રોગો (STI), હિપેટાઈટિસ અને વ્યસનના દુષ્પરિણામો અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી. ઉપરાંત જિલ્લામાં HIV તથા STIની નિ:શુલ્ક તપાસ, સારવાર અને અન્ય ઉપલબ્ધ સરકારી આરોગ્ય સેવાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.

કાર્યક્રમના અંતે HIV/AIDS હેલ્પલાઈન નંબર 1097 તેમજ Break Free India અભિયાનના પોસ્ટરનું પ્રદર્શન કરી તેના વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી. ઉપસ્થિત લોકોને સમયસર HIVની તપાસ કરાવવા, સુરક્ષિત જીવનશૈલી અપનાવવા અને સમાજમાં જાગૃતિ ફેલાવવા માટે પ્રેરિત કરવામાં આવ્યા.

આ ઉપરાંત સ્વૈચ્છિક રક્તદાનના મહત્વ અંગે માહિતી આપી વધુમાં વધુ લોકો સ્વૈચ્છિક રક્તદાન કરે તે માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા. કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ પરિવારજનો એ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને આરોગ્ય સંબંધિત વિવિધ પ્રશ્નોના નિષ્ણાતો દ્વારા સંતોષકારક માર્ગદર્શન આપવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમનો મુખ્ય હેતુ HIV/ AIDS સહિતના ચેપી રોગો અંગે જાગૃતિ વધારવી, સમયસર તપાસ અને સારવારને પ્રોત્સાહન આપવું તેમજ સ્વસ્થ સમાજના નિર્માણમાં જનભાગીદારી વધારવાનો રહ્યો.

### આપત્તિના સમયે નાગરિકોને જિલ્લા અને તાલુકા કંટ્રોલ રૂમનો સંપર્ક કરવા જિલ્લા વહીવટી તંત્રની અપીલ

# વરસાદની આગાહીની સ્થિતિમાં વાવ-થરાદ જિલ્લા વહીવટી તંત્ર સંપૂર્ણ સજ્જ : તમામ કંટ્રોલ રૂમ ૨૪×૭ કાર્યરત

થરાદ | ભારતીય હવામાન વિભાગ દ્વારા ભારે વરસાદ અને વાવાઝોડાની આગાહીને પગલે વાવ-થરાદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ જરૂરી આગોતરી તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે. ચોમાસાની ઋતુમાં સર્જાઈ શકે તેવી કોઈપણ આપત્તિજનક પરિસ્થિતિને પહોંચી વળવા સમગ્ર જિલ્લા વહીવટી તંત્ર સતત સતર્ક અને સંપૂર્ણ સજ્જ છે.જિલ્લામાં કોઈપણ પ્રકારની આપત્તિ, વરસાદ અથવા વાવાઝોડાને કારણે નુકસાન, જાનમાલને જોખમ અથવા તાત્કાલિક સહાયની જરૂરિયાત ઊભી થાય તો નાગરિકોને જિલ્લા ઈમર્જન્સી ઓપરેશન સેન્ટર (DEOC)ના ૦૨૭૩૭-૨૨૩૩૭૪ નંબર અથવા જિલ્લા ડિઝાસ્ટર કંટ્રોલ રૂમના ટોલ ફ્રી નંબર ૧૦૭૭ પર સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવ્યો છે. ઉપરાંત તાલુકા કક્ષાએ પણ ૨૪+૭ કંટ્રોલ રૂમ કાર્યરત રાખવામાં આવ્યા છે. જેમાં વાવ - ૦૨૭૪૦-૨૨૭૦૨૨, થરાદ - ૦૨૭૩૭-૨૨૩૬૭૫, દિયોદર - ૦૨૭૩૫-૨૪૪૬૨૬, ભાભર - ૦૨૭૩૫-૨૨૨૬૭૭, લાખણી - ૦૨૭૪૪-૨૫૬૧૧૧, સુઈગામ - ૦૨૭૪૦-૨૨૩૬૪૨, રાહ - ૦૨૭૩૭-૨૪૬૦૪૦ તથા ધરણીધર - ૦૨૭૪૦-૨૨૭૦૨૨ નંબર પર સંપર્ક કરી શકાશે.

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નાગરિકોને ભારે વરસાદ દરમિયાન બિનજરૂરી મુસાફરી ટાળવા, નદી-નાળાઓ તથા નીચાણવાળા વિસ્તારોમાં જવાનું ટાળવા, સલામત સ્થળે રહેવા, આપત્તિકાલીન કીટ તૈયાર રાખવા તથા હવામાન અંગેની સત્તાવાર માહિતી પર સતત નજર રાખવા અપીલ કરવામાં આવી છે. સાથે જ કોઈપણ અફવા કે ભ્રામક માહિતી પર વિશ્વાસ ન કરવા અને માત્ર સરકારી સત્તાવાર માધ્યમોથી જ પ્રાપ્ત માહિતીના આધારે કાર્યવાહી કરવા અનુરોધ કરવામાં આવ્યો છે. વાવ - થરાદ જિલ્લા કલેક્ટરશ્રી મયુર મહેતાના માર્ગદર્શન હેઠળ સમગ્ર વહીવટી તંત્ર ૨૪+૭ કાર્યરત રહી પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે અને જરૂરિયાત મુજબ તાત્કાલિક કામગીરી માટે સજ્જ છે.

# બનાસકાંઠા: બાગાયત ખાતાની યોજનાઓ માટે 'આઈ ખેડૂત ૨.૦' પોર્ટલ પર અરજી કરવાની મુદત ૧૫ ઓગસ્ટ ૨૦૨૬ સુધી લંબાવાઈ

### બાગાયતી ખેતી કરતા બનાસકાંઠા જિલ્લાના ખેડૂતો યોજનાકીય લાભ લેવા ૧૫ ઓગસ્ટ સુધી ઓનલાઈન અરજી કરી શકશે

પાલનપુર | બનાસકાંઠા જિલ્લાના બાગાયતી ખેતી કરતા ખેડૂતો માટે વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન બાગાયત ખાતાની નવીન વિવિધ સહાય યોજનાઓનો લાભ લેવા માટે મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ યોજનાઓમાં બહુસ્તરીય પદ્ધતિથી ફળપાકોનો વાવેતર વિસ્તાર વધારવાના કાર્યક્રમ (જેમાં અતિઘન ખેતી પદ્ધતિથી એકથી વધુ ફળપાકોના ઓછામાં ઓછા ૫૦૦ થી વધુમાં વધુ ૨૬૦૦ રોપા/કલમોના વાવેતર પર સહાય મળવાપાત્ર રહેશે) તેમજ ફળપાકોમાં ફિલ્ડ કવર થકી ગુણવત્તાયુક્ત ઉત્પાદન મેળવવાના કાર્યક્રમનો સમાવેશ થાય છે. આ યોજનાઓ માટે 'આઈ ખેડૂત પોર્ટલ' પર અરજી કરવાની અગાઉની મુદત લંબાવીને હવે તા. ૧૫/૦૮/૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે.

નવીન 'આઈ ખેડૂત પોર્ટલ ૨.૦' (https://ikhedut.gujarat.gov.in) પર દર્શાવેલ યુઝર મેન્યુઅલ મુજબ, ખેડૂતોએ અરજી કરતા પહેલાં પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. રજીસ્ટ્રેશન બાદ ઓનલાઈન અરજી કરી, જરૂરી તમામ આધાર-પુરાવા (કાગળો) અપલોડ કરીને અરજી કન્ફર્મ કરવાની રહેશે. ત્યારબાદ કન્ફર્મ થયેલી અરજીની પ્રિન્ટ કાઢીને ખેડૂતોએ પોતાની પાસે સુરક્ષિત રાખવાની રહેશે. આ યોજનાઓમાં બહુસ્તરીય પદ્ધતિથી ફળપાકોનો વાવેતર વિસ્તાર વધારવાના કાર્યક્રમ (જેમાં અતિઘન ખેતી પદ્ધતિથી એકથી વધુ ફળપાકોના ઓછામાં ઓછા ૫૦૦ થી વધુમાં વધુ ૨૬૦૦ રોપા/કલમોના વાવેતર પર સહાય મળવાપાત્ર રહેશે) તેમજ ફળપાકોમાં ફિલ્ડ કવર થકી ગુણવત્તાયુક્ત ઉત્પાદન મેળવવાના કાર્યક્રમનો સમાવેશ થાય છે.

આ યોજનાઓ અંગેની વધુ માહિતી મેળવવા માટે નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, પાલનપુર, બનાસકાંઠાનો સંપર્ક કરવા બનાસકાંઠા નાયબ બાગાયત અધિકારીશ્રી દ્વારા એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# પાલ્લીમાં ભ્રષ્ટાચારના જોરે બનેલો નવો આરસીસી રસ્તો વિવાદમાં

### પાલ્લી ગ્રામ પંચાયત દ્વારા મૌનીબાબા આશ્રમથી હડફ નદીના પટ સુધી નિયમોને નેવે મૂકીને બનાવવામાં આવેલા નબળા ગુણવત્તાવાળા આરસીસી રસ્તાને લઈને સ્થાનિક રહીશોમાં રોષ ફેલાયો



દિપક રાવલ દાહોદ લીમખેડા

પાલ્લી ગ્રામ પંચાયત વિસ્તારમાં વિકાસના નામે કરવામાં આવતા કામોમાં કીમતી સરકારી ભંડોળનો દુરુપયોગ થઈ રહ્યો હોવાના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. મૌનીબાબા આશ્રમથી હડફ નદીના પટ સુધી તાજેતરમાં જ બનાવવામાં આવેલા આરસીસી રસ્તાના નિર્માણમાં વ્યાપક અનિયમિતતાઓ અને ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. સ્થાનિક નાગરિકોના જણાવ્યા અનુસાર, આ રસ્તો બનાવતી વખતે તમામ સરકારી નિયમો અને માપદંડોને સરેઆમ નેવે મૂકવામાં આવ્યા છે.

રસ્તાના નિર્માણ કાર્યમાં ગેરરીતિ આચરવામાં આવી હોવાના આક્ષેપો સાથે સ્થાનિકો દ્વારા રોષ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. આ માર્ગ પર બનાવવામાં આવેલા આરસીસી રસ્તાની જાડાઈ નક્કી કરેલા ધોરણો કરતા ઘણી ઓછી હોવાનું અને તેમાં વપરાયેલું મટીરીયલ પણ સાવ હલકી ગુણવત્તાનું હોવાનું સપાટી પર આવી રહ્યું છે. થોડા જ સમય પહેલા બનેલા આ રસ્તા પર અત્યારથી જ ખામીઓ અને નબળાઈ દેખાવા લાગી છે, જેના કારણે સામાન્ય પ્રજાના વેરાના રૂપિયા પાણીમાં જઈ રહ્યા હોવાની લોકચર્ચા ચાલી રહી છે.

ગુણવત્તા વગરના આ બાંધકામ પાછળ જવાબદાર અધિકારીઓ અને ગ્રામ પંચાયતની મિલીભગત હોવાની આશંકા વ્યક્ત થઈ રહી છે. જો આ સમગ્ર પ્રકરણની તટસ્થ, નિષ્પક્ષ અને ઉચ્ચ સ્તરીય તપાસ કરવામાં આવે તો કાગળ પર થયેલા વહીવટ અને જમીની વાસ્તવિકતા વચ્ચેનો મોટો ભેદ ખુલ્લો પડી શકે છે. પારદર્શક તપાસના અંતે લાખ્ખો રૂપિયાના આ કથિત ભ્રષ્ટાચારનો પર્દાફાશ થઈ શકે તેમ છે અને તેમાં સંડોવાયેલા જવાબદાર ઈસમો સામે સખત કાર્યવાહીની માંગ પણ પ્રબળ બની છે.સ્થાનિક ગ્રામજનોની આ મામલે માંગ છે કે વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે આ રસ્તાના કામની ગુણવત્તાની ચકાસણી કરવામાં આવે. અત્યાર સુધી થયેલા ખર્ચ અને વાસ્તવિક કામગીરીનું ઓડિટ કરીને જવાબદારો સામે કડક પગલાં ભરવામાં ન આવે તો ગ્રામજનો દ્વારા ઉચ્ચ કક્ષાએ લેખિત રજૂઆતો અને આંદોલનાત્મક પગલાં ભરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે. સરકારી યોજનાઓનો લાભ પ્રજા સુધી પહોંચાડવાને બદલે સત્તા અને ભ્રષ્ટાચારના જોરે થતા આવા કાર્યો સામે લોકોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે

### જિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત સાગરે જિલ્લા ડિઝાસ્ટર કંટ્રોલ રૂમની ઓચિંતી રાત્રિ મુલાકાત લઈ સમીક્ષા કરી

# મહીસાગર જિલ્લામાં વરસાદી પરિસ્થિતિને પહોંચી વળવા તંત્ર સંપૂર્ણ સજ્જ

જગદીશ ત્રિવેદી | મહીસાગર

હવામાન વિભાગ દ્વારા આપવામાં આવેલી ભારે વરસાદની આગાહીના પગલે મહીસાગર જિલ્લા વહીવટી તંત્ર એલર્ટ મોડ પર છે. જિલ્લામાં સંભવિત વરસાદી પરિસ્થિતિને પહોંચી વળવા માટેની પૂર્વતૈયારીઓનો તાગ મેળવવા મહીસાગર જિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત સાગરે ગુરુવારની મોડી રાત્રે લુણાવાડા સ્થિત જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર ની ઓચિંતી મુલાકાત લીધી હતી અને સમગ્ર પરિસ્થિતિની વિસ્તૃત સમીક્ષા કરી હતી.



મુલાકાત દરમિયાન કલેક્ટરશ્રીએ કંટ્રોલ રૂમ ખાતેથી જિલ્લાની હાલની વરસાદી સ્થિતિ, વિવિધ તાલુકાઓમાંથી પ્રાપ્ત થઈ રહેલા અહેવાલો તેમજ નદી-નાળા અને જળાશયોની જળસપાટી અંગે ઝીણવટભરી માહિતી મેળવી હતી. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે, વહીવટી તંત્ર દ્વારા તમામ પરિસ્થિતિ પર સતત ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. વરસાદી ઋતુ દરમિયાન કોઈપણ આકસ્મિક સ્થિતિનો તાત્કાલિક સામનો કરવા માટે જિલ્લા તંત્ર સંપૂર્ણપણે સજ્જ છે.

જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર ખાતે હાલ ૨૪ કલાક સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે અને દરેક તાલુકા કક્ષાએથી મળતી માહિતીનું હેડક્વાર્ટર સાથે સતત સંકલન ચાલુ છે. કલેક્ટરશ્રીએ ફરજ પરના અધિકારીઓ અને કર્મચારીઓને સતત સતર્ક રહીને કામગીરી જાળવી રાખવા તેમજ કોઈપણ સ્થળેથી વરસાદજન્ય સમસ્યાની જાણ થાય તો તેના પર ત્વરિત કાર્યવાહી કરવા કડક સૂચના આપી હતી. ખાસ કરીને નીચાણવાળા વિસ્તારો, નદી કાંઠાના ગામો અને સંવેદનશીલ વિસ્તારો પર વિશેષ તકેદારી રાખવા પર તેમણે ભાર મૂક્યો હતો.

જિલ્લાવાસીઓને કલેક્ટરશ્રીની વિશેષ અપીલ કરતા જણાવ્યું છે કે,ભારે વરસાદ દરમિયાન નાગરિકોએ બિનજરૂરી મુસાફરી ટાળવી,પાણી ભરાયેલા રસ્તાઓ અને ધસમસતા વહેતા પાણીમાંથી વાહન કે ચાલીને પસાર થવાનું જોખમ ન ખેડવું, જિલ્લા તંત્ર દ્વારા સમયાંતરે આપવામાં આવતી સત્તાવાર માર્ગદર્શિકા અને સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવું, સોશિયલ મીડિયામાં પ્રસારિત થતી અફવાઓ અથવા અપ્રમાણિત માહિતી પર બિલકુલ વિશ્વાસ ન કરવો અને માત્ર અધિકૃત સ્ત્રોતોમાંથી મળતી માહિતી પર જ આધાર રાખવો.

જિલ્લામાં વરસાદી આપત્તિ સંબંધિત કોઈપણ પ્રકારની જાણકારી આપવા અથવા તાત્કાલિક મદદની આવશ્યકતા ઊભી થાય તો નાગરિકોને વિના સંકોચે જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્રના કંટ્રોલ રૂમનો સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# થરાની પાવાપુરી સોસાયટીમાં ભરાયેલા વરસાદી પાણીનો ત્વરિત નિકાલ કરતું બનાસકાંઠા વહીવટી તંત્ર



પાલનપુર | રાજ્યમાં આજે સાર્વત્રિક વરસાદ નોંધાઈ રહ્યો છે ત્યારે બનાસકાંઠા જિલ્લામાં પણ તમામ તાલુકાઓમાં વરસાદે જોર પકડ્યું છે. વરસાદના પગલે કાંકરેજ તાલુકાના થરા ખાતે આવેલ પાવાપુરી સોસાયટીમાં પાણી ભરાતા વહીવટી તંત્ર દ્વારા તત્કાલિક નિકાલ કરાયો હતો. વરસાદી પાણી ભરાવવાની જાણ થતાની સાથે થરા નગરપાલિકા સહિત જિલ્લા વહીવટી તંત્ર ત્વરિત કામગીરી હાથ ધરવામાં આવી હતી.જિલ્લાના વિવિધ સંબંધિત વિભાગની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી અવરોધાયેલાં ગરનાળાં ખુલ્લાં કરાવ્યાં હતાં અને વરસાદી પાણીના નિકાલની કામગીરી ઝડપથી પૂર્ણ કરી હતી. જેના પરિણામે સોસાયટીમાં ભરાયેલાં પાણી ઝડપથી ઓસરી જતાં સ્થાનિક રહેવાસીઓને મોટી રાહત સાંપડી હતી.બનાસકાંઠા જિલ્લા કલેક્ટરશ્રી મિહિર પટેલના માર્ગદર્શન હેઠળ સમગ્ર જિલ્લા વહીવટી તંત્ર ચોમાસાની પરિસ્થિતિને ધ્યાને રાખી સંપૂર્ણ એલર્ટ મોડમાં કાર્યરત છે. વરસાદી પરિસ્થિતિ દરમિયાન નાગરિકોની સુરક્ષા અને સુવિધાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને તમામ જરૂરિયાતવાળા સ્થળોએ ત્વરિત અને અસરકારક કામગીરી સુનિશ્ચિત કરવામાં આવી રહી છે.

# રાજુલામાં જન્મ-મરણના ૭૦૦ થી વધુ કેસ બે વર્ષથી પેન્ડિંગ શ્રી ટીકુભાઈ વરૂ

કિશોર આર. સોલંકી જાફરાબાદ

અમરેલી જિલ્લા કોંગ્રેસના ઉપપ્રમુખ શ્રી ટીકુભાઈ વરૂએ ગુજરાતના મુખ્યમંત્રીને પત્ર લખી રાજુલા તાલુકા અને રાજુલા શહેરમાં અંદાજે જન્મ-મરણના દાખલાના 700થી વધુ કેસ છેલ્લા બે વર્ષથી મામલતદાર કચેરીમાં પેન્ડિંગ હોવાની ગંભીર રજૂઆત કરી છે.તેમણે જણાવ્યું કે સામાન્ય નાગરિકો પોતાના હક્કના દાખલા મેળવવા માટે વારંવાર મામલતદાર કચેરીના ધક્કા ખાઈ રહ્યા છે, છતાં અરજીઓનો સમયસર નિકાલ કરવામાં આવતો નથી. જેના કારણે વિદ્યાર્થીઓ, મહિલાઓ, વડીલો અને સામાન્ય નાગરિકોને શાળા કોલેજમાં પ્રવેશ, સરકારી યોજનાઓનો લાભ, વારસાઈ પ્રક્રિયા, આધાર કાર્ડ, પાસપોર્ટ સહિતના વિવિધ કામોમાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.શ્રી ટીકુભાઈ વરૂએ મુખ્યમંત્રીને સમગ્ર મામલાની ઉચ્ચસ્તરીય તપાસ કરાવી, છેલ્લા



બે વર્ષથી પેન્ડિંગ રહેલા તમામ કેસોનો તાત્કાલિક નિકાલ કરાવવા તેમજ બેદરકારી દાખવનાર જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. તેમણે વધુમાં જણાવ્યું કે રાજ્યમાં સત્તાધારી પક્ષની સરકાર હોવા છતાં સામાન્ય નાગરિકોને જન્મ-મરણ જેવા મૂળભૂત દાખલા માટે બે-બે વર્ષ સુધી રાહ જોવી પડે તે અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે. તેમણે જણાવ્યું કે સામાન્ય નાગરિકો પોતાના હક્કના દાખલા મેળવવા માટે વારંવાર મામલતદાર કચેરીના ધક્કા ખાઈ રહ્યા છે, છતાં અરજીઓનો સમયસર નિકાલ કરવામાં આવતો નથી. જેના કારણે વિદ્યાર્થીઓ, મહિલાઓ, વડીલો અને સામાન્ય નાગરિકોને શાળા કોલેજમાં પ્રવેશ, સરકારી યોજનાઓનો લાભ, વારસાઈ પ્રક્રિયા, આધાર કાર્ડ, પાસપોર્ટ સહિતના વિવિધ કામોમાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. જનતાને સમયસર સેવા આપવાની સરકારની જવાબદારી છે, તેથી આ મુદ્દે તાત્કાલિક પગલાં લેવામાં આવે તેવી તેમણે માંગણી અમરેલી જિલ્લા કોંગ્રેસ ઉપપ્રમુખ શ્રી ટીકુભાઈ વરૂએ કરી છે.

### મુસાફરો -વાહનચાલકો અટવાયા..

# મહારાષ્ટ્રનાં ઘાઘબારીમાં કાદવમાં ત્રણ ટ્રકો ફસાતા સાપુતારા-નાસિક હાઈવે ઠપ્પ

ડાંગ | ગુજરાત અને મહારાષ્ટ્રને જોડતા અત્યંત મહત્વપૂર્ણ એવા સાપુતારા-નાસિક માર્ગ પર આજે મોટો વાહનવ્યવહાર ખોરવાઈ જવાની ઘટના સામે આવી છે. સાપુતારા નજીક આવેલા મહારાષ્ટ્ર સરહદના ઘાઘબારી વિસ્તારમાં કાદવ-કીચડના કારણે એક સાથે ત્રણ ટ્રકો ફસાઈ જતા આ રોડ સંપૂર્ણપણે અવરોધાઈ ગયો છે,જેના કારણે માર્ગના બંને તરફ વાહનોની લાંબી લાઈનો લાગી ગઈ છે.મળતી માહિતી મુજબ, હાલમાં સાપુતારાથી નાસિકને જોડતા આ મુખ્ય માર્ગનું નવીનીકરણનું કામ મહારાષ્ટ્ર સરકાર દ્વારા હાથ ધરવામાં આવ્યું છે. રસ્તાના નવીનીકરણ અને રોડ નિર્માણની કામગીરી ચાલુ હોવા વચ્ચે ચોમાસાના કારણે ઘાઘબારી નજીક માર્ગ પોહળો કરવાની કામગીરી ચાલુ હતી.આ માર્ગ પર હાલમાં ચોમાસાની ઋતુમાં ભારે કાદવ-કીચડનું સામ્રાજ્ય સર્જાયું હતુ.આજે અચાનક આ માર્ગ પરથી પસાર થઈ



રહેલી ત્રણ મોટી ટ્રકો કાદવમાં ઊંડે સુધી ખુંપી ગઈ હતી. ઘટના બની ત્યારબાદ સ્થાનિક તંત્ર દ્વારા જેસીબી (JCB) અને હિટાચી જેવા ભારે મશીનોની મદદથી ફસાયેલી ટ્રકોને બહાર કાઢવાનો ભારે પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ કાદવ એટલો ગંભીર હતો કે મશીનરીની મદદ છતાં પણ વાહનો બહાર નીકળી શક્યા ન હતા.જેથી માર્ગ સંપૂર્ણપણે બંધ થઈ જવાના કારણે વાહનવ્યવહાર પર ભારે વિપરીત અસર પડી છે. ગુજરાત તરફથી મહારાષ્ટ્રના વણી, નાસિક, અને પુણે તરફ જતી ગુજરાત એસ.ટી. નિગમની બસો તેમજ અન્ય ખાનગી વાહનો સાપુતારા ખાતે જ થંભાવી દેવામાં આવ્યા છે. માર્ગ અવરોધાવવાના લીધે ગુજરાતથી મહારાષ્ટ્ર તરફ પ્રયાણ કરતા હજારો મુસાફરો વચ્ચે રસ્તે અટવાઈ પડ્યા છે અને ભારે હેરાનગતિનો સામનો કરી રહ્યા છે.હાલમાં માર્ગ મોકળો કરવા માટે મહારાષ્ટ્રનાં નાસિક વિભાગનાં તંત્ર દ્વારા વધુ મશીનરી બોલાવીને રસ્તો પુનઃ શરૂ કરવા માટેના પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે.

# પ્રથમ દૃષ્ટિ એ છાયા ની વાત પર ભરોસો ન બેઠો પણ...

ઘરના દરવાજાની ડોરબેલ બે ત્રણ વાર વાગતા દરવાજો ખોલ્યો તો સામે વીસ પચ્ચીસ વર્ષ આસપાસની નાનકડી દીકરી ઊભી હતી. પ્રથમ દૃષ્ટિ એ એના કપડાં અને દેખાવ જોતા લાગતું હતું કે સાધારણ મધ્યમ વર્ગીય છોકરી હશે.જ્યારે એણે સંકોચ વગર આધાર કાર્ડ આપતા કહ્યું ને કે આંટી,મારે કામ જોઈએ છે મને તમારે ઘરે કામ આપશો,ઘણા વખત થી ઓ. એન.જી.સી ના રસોઈ વિભાગમાં કામ કરતી હતી પણ ઠેકેદાર નો ઠેકો કેન્સલ થતા ચાર મહિનાથી પુનઃ નવા ઠેકા માં કામ મળે એની રાહ જોઈ એમાં બચાવેલ મૂડી ખર્ચાઈ જતા બે મહિનાની બાળકોની ફી એકઠી થઈ ગઈ છે..જો ફી સમયસર ભરીશ નહી ને તો મારા બાળકો પણ મારા જેમ ભણતર થી વંચિત રહેશે. મારા બાળકો નું ભવિષ્ય મારા જેવું અંધકારમય બનશે તો એ ભયે કામ માંગવા આવી છું.

પ્રથમ દૃષ્ટિ એ છાયા ની વાત પર ભરોસો ન બેઠો પણ એના મુખ પર "મજબૂરી" સ્પષ્ટ વાંચતું હતું.આજકાલ બનતી ઘટનાઓને ધ્યાન માં લઈને અજાણી વ્યક્તિ પર વિશ્વાસ મૂકતા પહેલા સાવચેતી રાખવી અત્યંત જરૂરી છે પણ છાયા નાટક નહતી કરતી. આ સમજાતા એની પાસેથી આધાર કાર્ડ અને ભાડે ઘરનો ભાડા કરાર અને ફોન નંબર વગેરે માહિતીઓ લીધા બાદ કાલે જણાવીશ બોલી ને એને તુરંત વિદાઈ કરી. વિચાર કરીને કાલ ફોન કરીશ બોલી ને બીજા દિવસ પર ટાળ્યું ત્યારે એની આંખ માં નિરાશા ડોકિયું કરી રહી હતી પણ શું કરવું વિશ્વાસ નું ઓપોઝિટ ધોખો થાય છે. એના ગયા બાદ કાગળ વગેરે ચેક કરીને મનોમન વિચાર્યું કે શંકા સાચી વાત છે પણ આ દિકરી એ મજબૂરી માં અનૈતિક ધંધા થી રૂપિયા કમાવવાનો સરળ માર્ગ શોધવા ને બદલે એનો મહેનતથી કમાણી કરવાનો માર્ગ સરાહનીય છે.

આમ તો ઘરમાં કામવાળી પ્રવેશતા જ થોડા દિવસો માં ઘર ની લોકપ્રિય સદસ્ય બની જતી હોય છે.કામવાળી એ ઘરમાં પગ મૂક્યો એ બાદ એની કથની સાંભળવી હોય કે ન સાંભળવી હોય એતો સંભળાવશે જ.

આમ તો મારા જીવન માં ઘણી કામવાળીઓ આવી ને જતી રહી છે,કેમ? સ્ત્રી સહજ સ્વભાવ. કામ માં લબાડ વેડા ને વેઠ આપણા પસંદ નથી.

બીજેજ દિવસે કામે લાગ્યા બાદ છાયા આજે સોસાયટી ના ઘણા ફ્લેટ્સ માં કામ કરવા લાગી છે ને ઓ.એન. જી.સી ના રસોઈ ના ઠેકા માં પણ એને કામ પાછું મળી ગયું છે. જ્યારે માણસ પાસે કશુજ નથી હોતું ને ત્યારે એની ઈમાનદારી અને મહેનત જ એને સફળતા નો માર્ગ પ્રાપ્ત કરાવે છે.મહિને પાંચ સાત હજાર કમાણી ઘરે ઘરે કામ કરતા થઈ જશે તો એમાંથી ખર્ચ નીકળી જશે વિચારતી છાયા ની આવક માત્ર બેત્રણ મહિનો માં ત્રીસેક હજાર જેટલી થઈ ગઈ.આ સફળતામાં છાયાની રાત દિવસ જોયા વગર ઈમાનદારી માં ખંત થી કરેલ મહેનત જ માની શકાય.



મારી કામવાળી

- રુપાલી દવે

જૂના ડ્રેસ કે ટીશર્ટ કે સાડીઓ આપો તો એની આંખ માં અચાનક ધન મળી ગયું હોય એવી ચમક આવી જાય છે. ક્યારેક ગરમ ચા નો કપ આપો તો ખુશખુશાલ થતા બોલી ઉઠે છે કે આંટી,તમે કેટલા સારા છો?

ખાસ એના બાળકોના જન્મ દિવસ નિમિત્તે સો બસો રૂપિયા આપો તો એની આંખ માંથી લાગણીમાં આંસુઓ સરી પડે છે.

ક્યારેક મોડી કામ કરવા આવે ને ત્યારે એના પર સહેજ ગુસ્સો કરો તો ભય ના માર્યા ચૂપચાપ કામ કરવા લાગે છે.આમ તો ઘરમાં પ્રવેશતા જ એનું આલ ઈન્ડિયા રેડિયો માફક સતત બોલ બોલ ચાલતું જ રહેતું હોય છે પણ એને ઘરમાં પતિ ના મામલે બબાલ થઈ હોય ત્યારે મોબાઈલ ને કાન પર ચિપકાવી ને એની માતા ની આગળ ફરિયાદી બની જાય છે.

માડી!!રે, તે કેવા માણસ ની સાથે બાંધી દીધી છે?એને મન નથી પત્ની નું સુખ કે બાળકો નું ભવિષ્ય..

શું થાય નસીબ?

બીજી બહેનો ના પતિ તો તે એને માથા પર રાખી ને ફરે છે એવા શોધ્યા છે તો મને જ આવો કેમ ભટકડયો?..

કમાણી ના રૂપિયા દારૂ અને બૈરા માં વાપરી નાખે ને ઘર માં ફૂટી પાય પણ ન આપે..

બાળકો ની ફી તો છોડો ઘર નું ભાડું પણ બે મહિને આપે છે. એની પાસે રૂપિયા માંગો તો આપી તો દે છે પણ બેત્રણ દિવસ બાદ ભયાનક ઝઘડાઓ કરીને પાછા લઈ લે છે..

માડી!!રે,આના કરતા તો કુંવારી રાખી હોત તો સારું થાત.. ના રે ના તારે મન તો દીકરી એટલે સાપ નો ભારો હતી એટલે તો કાયમી છુટકારો મેળવવા માટે દારૂડિયા ની સાથે પરણાવી ને વળાવી દીધી..લે તારે તો હવે શું ચિંતા?

ઘણી વખત છાયા ના ફરિયાદી સુર સાંભળી ને હસવું આવે છે પણ એની વાત વાતમાં "નસીબ" સમજાતું નથી.

આ પ્રકાર ની વાતો એ મને કરે છે ત્યારે એને સમજવું છું કે તું પગભર સ્ત્રી છો તારે સુંદર બે બાળકો છે તું તારું જીવન એની સાથે આનંદ થી ખુશ ખુશાલ વિતાવ.તારા પતિ પર તને પ્રેમ છે એટલે તને એની ચિંતા થવી સ્વભાવિક છે પણ એના માં પડવાનું કે એને ભાવ દેવાનું સાવ બંધ કરી દઈશ ને તો જ એને તારી કિંમત થશે

સલાહ આપવી સહેલી છે પણ જીવન નિભાવનાર નું દર્દ તો પોતાનું રહેવાનું.

નાનકડી બે બાળકોની માતા છાયાનો સવાર ના ૬ વાગ્યા થી લઈને સાંજ ના ૭ વાગ્યા સુધી થાક્યા હાર્યા વગર કામ કરવાનો ઉત્સાહ અને આનંદ જોતા થાય છે કે એક તરફ છાયા જેવી કાયમ ખિલખિલાટ હસતી દીકરીઓ સમાજ માં છે જે લગ્ન ને સાત જન્મ ના સબંધ સ્વીકારી ને દારૂડિયા અને એક્સ્ટ્રા મેરિટલ અફેર માં પડેલા પતિ ના તંદુરસ્ત આયુષ્ય માટે વટ સાવિત્રી અને કડવા ચોથ વગેરે જેવા વ્રતો કરે છે. આજે પણ સમાજ માં છાયા જેવી સંસ્કારી દીકરીઓ હયાત છે એટલે જ સરકાર સ્ત્રી તરફી કાયદાઓ ને પ્રોત્સાહન આપે છે. પતિ ના જોર જુલ્મ " ને સમાજ શું કહેશે?" ના ભયે ઘરની ચાર દીવાલ ની અંદર સહન કરી જીવન વિતાવી રહી છે. મધ્ય પ્રદેશ ના નાનકડા ગામડા ગામથી અમદાવાદ પતિ સાથે આવેલ છાયા ને પૂછ્યું કે તારો પતિ આટલો બધો નાલાયક છે છતાંય એના માટે આકરા વ્રતો કરે છે, એને કેમ છોડી દેતી નથી? નાનકડી વીસ પચ્ચીસ વર્ષ ની છાયા નો જવાબ "આંટી,પતિ થી છુટા પડ્યા બાદ સમસ્યા ઘટવા ને બદલે વધવાની જ,પારકો પુરુષ કામ પૂરતો જ સબંધ બનાવી ને રાખશે.ગમે તેવો નાખી દીધેલો પતિ હશે ને તો પણ સમાજ ના ભયે એણે ગૃહસ્થી ચલાવી જ પડશે. પતિઓના ઢાલ ને કારણે તો આપણે સુરક્ષિત રહીએ છીએ" વાત માં દમ તો છે.છાયા ની વાત સાંભળતા જ અફસોસ!! એ વાત નો થયો કે છાયા જેવી વીસ પચ્ચીસ વર્ષની અભણ નાનકડા ગામડા ગામ ની છોકરી જે જીવન ની અગત્યની વાત સમજે છે એ વાત સાધન સંપન્ન ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલા વર્ગ ની દીકરીઓને સમજાતી નથી.

સિનેમામાં ઘણા હીરો આવ્યા, ઘણા સુપરસ્ટાર બન્યા, પરંતુ એક એક્ટર એવો પણ હતો જેણે પડદા પર ઉપકાર, પૂરબ ઔર પશ્ચિમ, રોટી કપડા ઔર મકાન જેવી ફિલ્મો દ્વારા દેશભક્તિને જીવી. તેમનું નામ મનોજ કુમાર હતું. દેશપ્રેમ જ તે કારણ હતું કે લોકો તેમનું અસલી નામ ભૂલવા લાગ્યા અને તેમને ફક્ત એક નામથી બોલાવવા લાગ્યા 'ભારત કુમાર'। તેમની ફિલ્મોમાં દેખાતો જુસ્સો, ઝનૂન અને દર્દ માત્ર અભિનય નહોતો. તેમણે પોતે 10 વર્ષની ઉંમરે ભારત-પાકના ભાગલાથી ઉઠેલી ચીસો સાંભળી અને ઘણા લોકોને જતા જોયા. બીમાર માતાને દર્દથી કણસતા જોયા અને નાના ભાઈને દમ તોડતા પણ. માથે છત નહોતી, ભવિષ્યનો કોઈ ભરોસો નહોતો અને આશા પણ તૂટવા લાગી, પરંતુ કોને ખબર હતી કે પાકિસ્તાનથી ભાગેલો તે બાળક, દેશભક્તિનું એવું ઉદાહરણ બનશે કે દરેક જણ તેમને અસલી નામ કરતાં વધુ ભારત કુમારના નામથી ઓળખશે.

# ભાગલામાં માતાની ચીસો સાંભળી, ભાઈને મરતો જોયો! : ચાળા પાડવાના કારણે શાહરુખ પર કેસ કર્યો, સરકારે મનોજ કુમારની ફિલ્મો પર પ્રતિબંધ મૂક્યો હતો...



(એજન્સી) મુંબઈ | તા.24

આજે મનોજ કુમાર ઉર્ફે ભારત કુમારની બર્થ એનિવર્સરી છે. એપ્રિલ 2025માં તેમનું નિધન થયું છે, પરંતુ જો આજે તેઓ જીવતા હોત તો 88 વર્ષના થયા હોત. તેમની જન્મજયંતિ નિમિત્તે જાણો, વિભાજનના દર્દમાંથી બહાર આવીને દેશના હીરો બનવાની કહાણી-

બ્રિટિશ ભારતના એબોટાબાદના પંજાબી હિંદુ પરિવારમાં હરિકૃષ્ણ ગિરી ગોસ્વામીનો જન્મ થયો, જેઓ પાછળથી મનોજ કુમારના નામથી ઓળખાયા. તે ભાગ જ્યાં તેમનો જન્મ થયો હતો તે ભાગલા પછી પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વામાં આવે છે.

મનોજ કુમાર માત્ર 10 વર્ષના હતા, જ્યારે અંગ્રેજો પાસેથી આઝાદી મળ્યા પછી ભાગલા શરૂ થયા. રમખાણો ફાટી નીકળ્યા અને જીવ બચાવતા મનોજ કુમારનો પરિવાર દિલ્હીના હડસન લાઇન રેફ્યુજી કેમ્પમાં આવીને રહેવા લાગ્યો. નાનો ભાઈ કુક્કુ માત્ર 2 મહિનાનો હતો. જન્મથી જ તેની તબિયત ખરાબ રહેતી હતી અને માતા પણ બીમાર ચાલી રહી હતી. રમખાણો વચ્ચે ડોક્ટરો પણ જીવ બચાવવા માટે સંઘર્ષ કરી રહ્યા હતા, ત્યારે ભાઈને યોગ્ય સારવાર ન મળવાને કારણે તેનું મૃત્યુ થયું.

બાળપણનો એ દર્દ યાદ કરીને મનોજ કુમારે સંસદ ટીવીના શો ગુફ્તગૂમાં કહ્યું- એ રડતું બાળપણ, જે લાહોરથી વિખૂટું પડી ગયું, જે એબોટાબાદથી વિખૂટું પડી ગયું. એ ખૂબ રડતું બાળપણ હતું, આજે પણ વિચારું છું તો આંખો ભલે સંભાળી લઉં, પણ દિલ રડે છે. દિલનું રડવું ખૂબ ભયાનક હોય છે.

સૌથી મોટો હું, મારાથી નાની બહેન લલિતા. જ્યારે ભાગલા પડ્યા ત્યારે માએ નાના ભાઈને જન્મ આપ્યો. કુક્કુ નામ હતું તેનું, બીમાર, મા પણ બીમાર. અમે રેફ્યુજી કેમ્પમાં હતા. માને દિલ્હીની તીસ હજારી હોસ્પિટલમાં રાખવામાં આવી. જ્યારે સાયરન વાગતું હતું, ત્યારે ડોક્ટર-નર્સ અંડરગ્રાઉન્ડ જતા રહેતા હતા. મારી મા તડપી રહી હતી, ભાઈ તડપી રહ્યો હતો. મા ચીસો પાડી રહી હતી કે ડોક્ટરને બોલાવો. તે બધા અંડરગ્રાઉન્ડ હતા. માએ ચીસ પાડી, મારો ભાઈ કુક્કુ જતો રહ્યો હતો. હું ગુસ્સામાં હતો. હું લાકડી લઈને અંડરગ્રાઉન્ડ ગયો. ડોક્ટરોને પણ માર્યા, નર્સને પણ માર્યા. પિતાજી આવ્યા, તેમણે સંભાળ્યું.

બીજા દિવસે તે 2 મહિનાના બાળકને યમુનાજીમાં વહાવી દીધો, જેમ જેમ તે નીચે જઈ રહ્યો હતો, તેમ તેમ લાગતું હતું કે હું ડૂબી રહ્યો છું. પછી પિતાજીએ રાત્રે પોતાના માથા પર હાથ રાખીને કસમ ખવડાવી કે જિંદગીમાં રમખાણ, મારપીટ ન કરવી.

ભાઈના મૃત્યુ પછી પણ મનોજ કુમાર 2 મહિના સુધી રેફ્યુજી કેમ્પમાં જ રહ્યા અને પરિસ્થિતિ સુધર્યા પછી પરિવાર દિલ્હીમાં જ સ્થાયી થયો. પિતા સ્ટીલની ફેક્ટરીમાં કામ કરતા હતા, પરંતુ સાથે જ તેઓ શાયર પણ હતા. જ્યારે મનોજ કુમારના પિતા 5મા ધોરણમાં હતા, ત્યારે લામા ઈકબાલે તેમની નઝમ સાંભળીને તેમને ખિઝ્રનો તકાજો આપ્યો હતો. જ્યારે તેમનો કલામ છપાયો, ત્યારે તેમને મહારાષ્ટ્ર ઉર્દૂ એકેડમી તરફથી સિમરન એવોર્ડ મળ્યો.

## દિલીપ કુમારને ફિલ્મોમાં મરતા જોઈને ફરિશ્તો માની લીધો, વિચાર્યું- હું પણ ફરિશ્તો બનીશ

દિલ્હીમાં જ મનોજ કુમારનો અભ્યાસ થયો. તેઓ નાની ઉંમરના હતા, જ્યારે મામા તેમને અવારનવાર ફિલ્મો બતાવવા લઈ જતા હતા. ત્યારે દિલીપ કુમાર સ્ટાર બની ચૂક્યા હતા, જેમની ફિલ્મો અવારનવાર સિનેમાઘરોમાં લાગતી હતી. મનોજ કુમારે સૌથી પહેલા દિલીપ કુમારની 1947માં આવેલી ફિલ્મ જુગ્નુ જોઈ, જેમાં તેમના પાત્રનું મૃત્યુ થઈ જાય છે. ત્યાં સુધી મનોજ કુમાર જાણતા ન હતા કે સિનેમા શું હોય છે. થોડા સમય પછી તેમણે દિલીપ કુમારની ફિલ્મ શહીદ (1948) જોઈ. તેમાં પણ દિલીપ કુમારને મરતા બતાવવામાં આવ્યા હતા.

મનોજ કુમાર ફિલ્મ જોઈને ઘરે પાછા ફર્યા, તો મોડે સુધી સૂતા જ નહીં. મનમાં બસ એક જ વિચાર હતો કે જ્યારે તે વ્યક્તિ એક વર્ષ પહેલાં (ફિલ્મ જુગ્નુમાં) મરી ચૂક્યા છે, તો ફરીથી (ફિલ્મ શહીદમાં) કેવી રીતે મરી શકે છે.

માતાએ તેમને જાગતા જોયા, તો પૂછી લીધું- સૂતા કેમ નથી?

મનોજ કુમારે માસૂમ અવાજમાં કહ્યું- બીજી (જેમ તેઓ માતાને બોલાવતા હતા), માણસ કેટલી વાર મરે છે?

માતાએ જવાબ આપ્યો- એક વાર. મનોજ કુમારે ફરી કહ્યું- અને જે 2-3 વાર મરે?

માતાએ કહ્યું- તે તો ફરિશ્તો જ હશે.તે દિવસે મનોજ કુમારે નક્કી કરી લીધું કે હું પણ મોટો થઈને ફરિશ્તો જ બનીશ.



# 'સિસ્ટમ સડી ગઈ છે'

## કમલ હાસને શિક્ષણ પ્રણાલી પર સવાલો ઉઠાવ્યા, ઈમરાન ખાન જંતર-મંતર પહોંચ્યો; કરીના-વરુણ પણ વિદ્યાર્થીઓ પડખે આવ્યા

(એજન્સી) મુંબઈ | તા.24

દિલ્હીમાં કોકરોચ જનતા પાર્ટીના નેતૃત્વ હેઠળ ચાલી રહેલા નીટ પેપર લીક અને શિક્ષણ સુધાર આંદોલનને હવે બોલિવૂડ હસ્તીઓનો મોટો ટેકો મળી રહ્યો છે. સલમાન ખાન, આલિયા ભટ્ટ અને અનન્યા પાંડે પછી હવે કરીના કપૂર ખાન, કમલ હાસન, વરુણ ધવન, ઈમરાન ખાન અને પીયૂષ મિશ્રા પણ વિદ્યાર્થીઓના પક્ષમાં આવી ગયા છે.

કરીના કપૂરે કહ્યું કે દેશના યુવાનોની માંગ સાંભળવી એ કોઈ અહેસાન નથી, પરંતુ આપણી ફરજ છે. જ્યારે કમલ હાસને વર્તમાન શિક્ષણ વ્યવસ્થાને સડેલી ગણાવી છે. ઈમરાન ખાને મુંબઈમાં પોતે રસ્તા પર ઉતરીને વિદ્યાર્થીઓ સાથે પ્રદર્શન કર્યું.

કરીના કપૂરે પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક નોટ શેર કરી છે. તેણે લખ્યું, હું છેલ્લા કેટલાક દિવસોથી આ મુદ્દે શાંત હતી, પરંતુ હવે ચૂપ રહી શકતી નથી. પોતાનો અવાજ ઉઠાવનારા યુવાનોની અવગણના કરવી અશક્ય છે અને આવું થવું પણ ન જોઈએ.

શિક્ષાથી બાળકને વિશ્વાસ અને આશા મળે છે. પરંતુ શિક્ષા ત્યારે જ કામ કરે છે જ્યારે બાળકોને તેના પર વિશ્વાસ હોય. જો તેમને લાગશે કે ઈમાનદારી, મહેનત અને મેરિટનો કોઈ અર્થ નથી, તો તેમનો વિશ્વાસ ઉઠી જશે.

કરીનાએ આગળ લખ્યું, 'વિદ્યાર્થીઓને એવી વ્યવસ્થા મળવી જોઈએ જેના પર તેઓ વિશ્વાસ કરી શકે. જ્યારે આખી પેઢી પોતાના ભવિષ્ય માટે એક અવાજમાં બોલે છે, ત્યારે તેમને સાંભળવું એ અહેસાન નથી, આપણી ફરજ છે. આપણા બાળકો આપણને જોઈ રહ્યા છે. તેઓ આવતીકાલની તૈયારી નથી કરી રહ્યા, પરંતુ તેઓ જ આપણું આવતીકાલ છે.'

એક્ટર અને નેતા કમલ હાસને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર દેશની શિક્ષણ પ્રણાલી પર સવાલો ઉઠાવ્યા. તેમણે લખ્યું, 'જ્યારે એક બાળક રડ્યું હતું, ત્યારે આપણે સાંભળી લેવું જોઈતું હતું. આપણે ત્યાં સુધી રાહ જોઈ જ્યાં સુધી ઘણા બાળકોના મોત ન થયા. એક એવી સિસ્ટમ જ્યાં શીખવાની જગ્યા કોચિંગે લઈ લીધી છે, ઉત્સુકતાની જગ્યા ચિંતાએ લઈ લીધી છે અને મેરિટની જગ્યા ગુનાએ લઈ લીધી છે, તે સિસ્ટમ સંપૂર્ણપણે સડી ગઈ છે.

જ્યારે બાળકોને જવાબોને બદલે બેરિકેડ્સ અને લાઠીઓ મળે છે, ત્યારે દેશ નિષ્ફળ સાબિત થાય છે. કમલ હાસને 28 જૂનથી અનિશ્ચિતકાળની ભૂખ હડતાળ પર બેઠેલા પર્યાવરણ કાર્યકર્તા સોનમ વાંગચુકનો ઉલ્લેખ કરતા તેમને પોતાનું અનશન સમાપ્ત કરવા અપીલ પણ કરી. તેમણે દેશના બાળકોને કહ્યું કે તમે તમારી ફરજ નિભાવી છે, હવે દેશે તમારા માટે પોતાની ફરજ નિભાવવી પડશે.

### મુંબઈમાં પ્રદર્શનમાં ઈમરાન ખાન જોડાયા

એક્ટર ઈમરાન ખાન બુધવારે નીટ કૌભાંડ વિરુદ્ધ મુંબઈમાં આયોજિત એક વિરોધ માર્ચમાં પોતે જોડાયા હતા. આ પહેલા તેમણે દિલ્હીમાં 'ચલો સંસદ' માર્ચ દરમિયાન વિદ્યાર્થીઓ પર થયેલા ટીયર ગેસ અને લાઠીચાર્જ પર નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે લખ્યું હતું કે, 'જ્યારે મેં જોયું કે પોલીસ વિદ્યાર્થીઓ પર ટીયર ગેસ અને લાઠીચાર્જ કરી રહી છે, ત્યારે મારું હૃદય તૂટી ગયું. જે વિદ્યાર્થીઓએ મહેનત કરી, તેમને સિસ્ટમે દગો આપ્યો અને જ્યારે તેમણે પોતાની વાત રજૂ કરવા માગી, ત્યારે તેમને લાઠીઓથી ચૂપ કરી દેવામાં આવ્યા.' મુંબઈ માર્ચ દરમિયાન જ્યારે એક યુવા કલાકારે તેમને પૂછ્યું કે ઘણા કલાકારો રાજકારણ પર બોલવાથી બચે છે, ત્યારે ઈમરાને કહ્યું, 'સાચી કલામાં કલાકારનો પોતાનો દૃષ્ટિકોણ હોય છે. જો તમે તમારા અભિપ્રાય સાથે ઊભા રહી શકતા નથી અને તમારી કલામાં દિલ રેડી શકતા નથી, તો તે કલાની કોઈ કિંમત નથી.'

એક્ટર વરુણ ધવને પણ ઈન્સ્ટાગ્રામ પર વિદ્યાર્થીઓને સમર્થન આપ્યું. વરુણે લખ્યું, 'વિદ્યાર્થીઓ દેશનું ભવિષ્ય છે. જ્યારે કોઈ વિદ્યાર્થીનું સપનું તૂટે છે, ત્યારે માત્ર એક સપનું જ નહીં, પરંતુ આખા પરિવારની આશાઓ તૂટે છે. સિસ્ટમ નિષ્ફળ જાય ત્યારે તેમને સવાલ પૂછવાનો પૂરો હક છે. અધિકારીઓએ તેમની ચિંતાઓ પર ધ્યાન આપવું જોઈએ અને પારદર્શક ઉકેલ શોધવો જોઈએ. આ માત્ર વિદ્યાર્થીઓનું આંદોલન રહેવું જોઈએ.


# હિટ ફિલ્મ પછી પણ ક્રિતી 15 મહિના બેરોજગાર રહી

(એજન્સી) મુંબઈ | તા.24

પહેલા રેમ્પ શો પછી હું ઓટોમાં બેસીને આખો રસ્તો રડતી રહી હતી... પહેલા ફોટોશૂટ પછી પણ ઘરે જઈને રડી હતી. હિટ ફિલ્મ પછી પણ 15 મહિના કામ ન મળ્યું. ઘણી વાર એવું બન્યું કે જે ફિલ્મ માટે ઓડિશન આપ્યું, છેવટે તે કોઈ સ્ટાર કિડને મળી ગઈ. ઘણા-ઘણા મહિનાઓ સુધી કોઈ ઓડિશન આવતું નહોતું. હું મમ્મીને દિવસમાં દસ-દસ વાર ફોન કરીને રડતી હતી.

આજે ક્રિતી સેનન બોલિવૂડની સફળ એક્ટ્રેસમાં ગણાય છે. તેના નામે નેશનલ એવોર્ડ, ઘણી સુપરહિટ ફિલ્મો અને પોતાનું પ્રોડક્શન હાઉસ છે. પરંતુ આ મુકામ સુધી પહોંચવાનો રસ્તો રિજેક્શન, એકલતા, મહેણાં-ટોણાં અને આત્મવિશ્વાસની લડાઈમાંથી પસાર થઈ છે. આ વાર્તા તે છોકરીની છે, જેણે ક્યારેય એક્ટિંગનું સપનું જોયું નહોતું, પરંતુ રસ્તો પસંદ કર્યો તો પાછળ વળીને જોયું નથી.

આજની સક્સેસ સ્ટોરીમાં ક્રિતી સેનનના કરિયર અને અંગત જીવન સાથે જોડાયેલી કેટલીક ખાસ વાતો. ક્રિતી સેનનનો જન્મ 27 જુલાઈ 1990ના રોજ નવી દિલ્હીમાં થયો હતો. તેના પિતા રાહુલ સેનન ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે, જ્યારે માતા ગીતા સેનન દિલ્હી યુનિવર્સિટીમાં એસોસિયેટ પ્રોફેસર રહી ચૂક્યા છે. તેની નાની બહેન નૂપુર સેનન પણ અભિનય અને સિંગિંગની દુનિયામાં એક્ટિવ છે.



ક્રિતીએ પ્રારંભિક અભ્યાસ દિલ્હી પબ્લિક સ્કૂલ (ડીપીએસ), આર.કે. પુરમમાંથી કર્યો. ત્યારબાદ જેપી ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ફોર્મેશન ટેકનોલોજી, નોઈડામાંથી ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન એન્જિનિયરિંગમાં બી.ટેકની ડિગ્રી મેળવી. ક્રિતી સેનને બોલિવૂડ બબલને આપેલા ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે બાળપણમાં તેનું સંપૂર્ણ ધ્યાન ભણતર પર રહેતું હતું. તે ભણવામાં સારી હતી, પરંતુ ખૂબ જ શરમાળ પણ હતી. તે કહે છે, 'મને સ્ટેજ પર જતાં પણ ડર લાગતો હતો. ડાન્સ કરવો ગમતો હતો, પરંતુ એક્ટિંગ, થિયેટર કે ડ્રામામાં મેં ક્યારેય ભાગ લીધો નહોતો. ફિલ્મોમાં આવવાનું તો મેં ક્યારેય વિચાર્યું જ નહોતું.' સ્કૂલ પછી એન્જિનિયરિંગનો અભ્યાસ શરૂ થયો. જીવન નિર્ધારિત માર્ગ ચાલી રહ્યું હતું..

# મોદી હૈ તો મુમકિન ગીત દબાણ હેઠળ કર્યું હતું : રાજકુમાર રાવ

(એજન્સી) મુંબઈ | તા.24 મુંબઈમાં અભિનેતા રાજકુમાર રાવે વિદ્યાર્થી આંદોલનને ટેકો આપતી પોસ્ટ પર ચાહકના સવાલનો જવાબ આપ્યો હતો. તેણે 'મોદી હૈ તો મુમકિન હૈ' ગીત દબાણ હેઠળ કર્યું હોવાનું કબૂલી, 'કેવાં દબાણો હોય છે તેની તમને ખબર નથી' તેમ જણાવ્યું. જોકે, બાદમાં રાજકુમારે આ કોમેન્ટ ડિલીટ કરી દીધી હતી, પરંતુ તેના સ્ક્રીનશોટ વાયરલ થતાં તે નવા વિવાદમાં સપડાયો છે. રાજ કુમાર રાવે કોમેન્ટ ડિલીટ મારી દીધી અનેક યૂઝર્સે સ્ક્રીન શોટ વાયરલ કરી દેતાં રાજકુમાર રાવ નવા વિવાદમાં

મુંબઈ :રાજુકુમાર રાવ ભૂતકાળમાં પોતે 'મોદી હૈ તો મુમકિન હૈ' સોંગ દબાણમાં આવીને કર્યું હોવાનો સ્વીકાર કરતાં ભારે વિવાદ થયો છે. જોકે, બાદમાં રાજકુમારે પોતાની આ પોસ્ટ ડિલીટ કરી દીધી હતી. સોશિયલ મીડિયા પર રાજકુમાર રાવે હાલનાં વિદ્યાર્થી આંદોલનને સપોર્ટ કરતી એક પોસ્ટ મૂકી હતી. તેના જવાબમાં એક ચાહકે તેને અગાઉ મોદી હૈ તો મુમકિન હૈ સોંગ શા માટે કર્યું હતું તેવો સવાલ પૂછયો હતો. આ ગીત પછી તારા માટે માન ઉતરી ગયું છે તેમ આ ચાહકે જણાવ્યું હતું. આ સવાલના જવાબમાં રાજકુમાર રાવે લખ્યું હતું કે કેવાં કેવાં દબાણો હોય છે તેની તમને લોકોને ક્યારેય ખબર હોતી નથી. એક ગીત હું કોણ છું કે મારી શું વિચારધારા છે તે દર્શાવી શકે નહીં. હું જે સાચું હોય છે જે આપણને માનવ તરીકે એક રાખે તેને સમર્થન આપતો હોઉં છું.

જોકે, થોડા સમયમાં જ રાજકુમાર રાવે આ કોમેન્ટ ડિલીટ કરી દીધી હતી. પરંતુ તેના સ્ક્રીન શોટ થોડીવારમાં જ વાયરલ થઈ ગયા હતા. ઉલ્લેખનીય છે કે આ ગીતમાં રાજકુમાર રાવની સાથે અન્ય સંખ્યાબંધ ફિલ્મ કલાકારો પણ હતા.

# અનુપમા રોય ફરી વેનિસ ફિલ્મ ફેસ્ટિવલમાં એવોર્ડની હોડમાં

નવી દિલ્હી : અનુપમા રોય આ વર્ષે વેનિસ ફિલ્મ ફેસ્ટિવલમાં બેસ્ટ ડિરેક્ટરના એવોર્ડ માટે ફરી હોડમાં છે. તેઓ આ વર્ષે તેમની ફિલ્મ 'લવર્સ ઈન ધી બ્લૂ નાઈટ' રજૂ કરી રહ્યાં છે.

ગયાં વર્ષે આ ફિલ્મ ફેસ્ટિવલમાં અનુપમાની ફિલ્મ 'સોંગ્સ ઓફ ધી ફોરગોટન ટ્રીઝ' ને બેસ્ટ ડિરેક્શનનો એવોર્ડ મળ્યો હતો. વેનિસ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં ઓરિઝોન્તી સેક્શનમાં આ એવોર્ડ મેળવનારાં તેઓ સર્વપ્રથમ ભારતીય ફિલ્મ સર્જક બન્યાં હતાં. વેનિસ ફિલ્મ ફેસ્ટિવલમાં સતત બીજાં વર્ષે જેમની ફિલ્મો એવોર્ડની હોડમાં સામેલ થઈ હોય તેવાં જુજ ભારતીય ફિલ્મ સર્જકોની હરોળમાં હવે અનુપમાએ પણ સ્થાન મેળવ્યું છે.

અનુપમાની આ બીજી ફિલ્મ મુંબઈના બેકગ્રાઉન્ડ પર છે અને તેમાં માઈગ્રન્ટ શ્રમિકોની વાત કહેવામાં આવી છે. ફિલ્મમાં નીલીમા શર્મા, પ્રીતમ પિલાનિયા, ભૂષણ શિમ્પી, જતીન સરીન અને કાજલ કેશલ થથા વિનોદ સૂર્યવંશી સહિતના કલાકારો છે.

ફેસ્ટિવલમાં એવોર્ડની યાદીમાં સામેલ ફિલ્મોની ગુરુવારે જાહેરાત કરવામાં આવી હતી.

અનુપમાએ એક નિવેદનમાં કહ્યું હતું કે મારી બીજી ફિલ્મ પણ વેનિસ ફિલ્મ ફેસ્ટીવલમાં ગયાં વર્ષે 'સોંગ્સ ઓફ ધી ફોરગોટન ટ્રીઝ'ને એવોર્ડ મળ્યો હતો અને હવે આ વર્ષે 'લવર્સ ઈન ધી બ્લૂ નાઈટ' ફેસ્ટિવલમાં સામેલ થઈ રહી છે તેથી હું કૃતજ્ઞાતા અનુભવું છું.

# ભોજપુરી સ્ટાર ખેસારી લાલ યાદવ પર ભડકી મલાઈકા અરોરા:ફોટો માટે ડોગને નિર્દયતાથી ઢસડવામાં આવ્યો

(એજન્સી) મુંબઈ | તા.24

એક્ટ્રેસ મલાઈકા અરોરા તાજેતરમાં ભોજપુરી સ્ટાર ખેસારી લાલ યાદવ પર ભડકી ગઈ છે. એટલું જ નહીં એક્ટ્રેસ તેમને ઓળખી પણ શકી નહીં અને તેમના અસ્તિત્વ પર સવાલ ઉભા કર્યા.

તાજેતરમાં ખેસારી લાલ યાદવ એક ઈવેન્ટનો ભાગ બન્યા હતા. જેમ જ તેઓ પોઝ આપવા માટે કેમેરામેન સામે પહોંચ્યા, તો તેમણે જોયું કે જે જગ્યાએ બેકગ્રાઉન્ડ બેનર લાગેલું છે, બરાબર તે જ જગ્યાએ એક સ્ટ્રીટ ડોગ બેઠું છે. ખેસારી લાલ યાદવે પોતે તો કૂતરાને સ્પર્શ પણ ન કર્યો, પરંતુ ત્યાં હાજર ટીમે તે કૂતરાને નિર્દયતાથી ઘસડીને ત્યાંથી અલગ કરી દીધો.

ખેસારી લાલ યાદવ શાંત ઊભા રહીને જોતા રહ્યા અને કૂતરાને હટાવ્યા પછી તેમણે ત્યાં પોઝ આપ્યા. ઈવેન્ટનો વીડિયો સામે આવ્યા પછી મલાઈકા ભડકી ગઈ.

મલાઈકાએ પોતાના ઓફિશિયલ સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી ખેસારી લાલ યાદવનો તે વીડિયો શેર કરીને ભડકતા લખ્યું છે, 'આ લોકો કોણ છે અને આ માણસ કોણ છે, જે ઊભો રહીને પોઝ આપી રહ્યો છે. વાહિયાત.'

આટલું જ નહીં. ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી વીડિયો રી-શેર કરવા ઉપરાંત મલાઈકા અરોરાએ શેર કરાયેલા વીડિયો પર પણ બે કમેન્ટ કરી. પહેલી કમેન્ટમાં મલાઈકાએ લખ્યું, 'વાહિયાત'. અને બીજી કમેન્ટમાં તેણે લખ્યું, 'આ બેવકૂફ કોણ છે, શું તેના માટે પોઝ આપવો આટલો જરૂરી હતો.'

મલાઈકાની કોમેન્ટ સામે આવ્યા બાદ ઘણા લોકો ખેસારી લાલ યાદવની તરફેણ કરતા તેમની ઓળખ જણાવી રહ્યા છે. જ્યારે કેટલાક ટ્રોલર્સ એવા પણ છે, જે મલાઈકાને જ ટ્રોલ કરી રહ્યા છે.



## કોણ છે ખેસારી લાલ યાદવ?

- ખેસારી લાલ યાદવ ભોજપુરી સિનેમાના સુપરસ્ટાર છે.
- તેમની પહેલી ભોજપુરી ફિલ્મ 'સાજન ચલે સસુરાલ' (2011) સુપરહિટ રહી હતી, જેણે તેમને રાતોરાત સ્ટાર બનાવી દીધા.
- ખેસારીએ 100થી વધુ ભોજપુરી ફિલ્મોમાં અભિનય કર્યો છે અને ઘણી ફિલ્મો બોક્સ ઓફિસ પર સફળ રહી છે.
- તેઓ એક સફળ એક્ટર હોવા ઉપરાંત લોકપ્રિય ગાયક પણ છે. તેમના ઘણા ગીતો કરોડો વખત જોવામાં અને સાંભળવામાં આવ્યા છે.
- તેમણે ટીવીના લોકપ્રિય રિયાલિટી શો બિગ બોસ 13માં ભાગ લઈને રાષ્ટ્રીય સ્તરે પણ ઓળખ બનાવી. જેને સલમાન હોસ્ટ કરે છે.
- ખેસારી લાલ યાદવને ભોજપુરી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં તેમના અભિનય અને ગાયન માટે ઘણા પુરસ્કારો અને સન્માન મળ્યા છે.
- આજે તેઓ ભોજપુરી મનોરંજન જગતના સૌથી વધુ ફી લેનારા અને સૌથી પ્રભાવશાળી કલાકારોમાં ગણાય છે. સોશિયલ મીડિયા પર તેમની મોટી ફેન ફોલોઈંગ છે.

**એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ**

ભારતીય મહિલા ટીમ રચશે નવો કીર્તિમાન

## ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાં ભારતની ઐતિહાસિક એન્ટ્રી




(એજન્સી) ગ્લાસગો । તા. 24

યુનાઈટેડ કિંગડમ ખાતે શરૂ થયેલી પ્રતિષ્ઠિત કોમનવેલ્થ ગેમ્સમાં ભારતીય ખેલાડીઓએ પોતાના શાનદાર પ્રદર્શનથી નવો ઈતિહાસ રચવાની તૈયારી કરી લીધી છે. આ વૈશ્વિક મહાકુંભમાં પહેલીવાર ભારતની મહિલા વ્હીલચેર બાસ્કેટબોલ ટીમ ભાગ લઈ રહી છે, જેને લઈને સમગ્ર દેશમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. મીડિયા અહેવાલ અનુસાર, આ વર્ષની સ્પર્ધામાં ભારતના કુલ એકસો છવીસ ખેલાડીઓનો કાફલો ભાગ લઈ રહ્યો છે, જેમાં ચાર અદમ્ય સાહસી મહિલા ખેલાડીઓ ત્રણ બાય ત્રણ વ્હીલચેર બાસ્કેટબોલ સ્પર્ધામાં દેશનું પ્રતિનિધિત્વ કરી રહી છે. આ વિશેષ પેરા-સ્પોર્ટ્સ ઈવેન્ટ ગત દ્વિવાર્ષિક રમતોમાં પ્રથમવાર દાખલ કરવામાં આવી હતી, પરંતુ તે સમયે ભારત તેમાં ભાગ લઈ શક્યું ન હતું.

આ ઐતિહાસિક સફર સરળ ન હતી કારણ કે થાઈલેન્ડ ખાતે યોજાયેલી આંતરરાષ્ટ્રીય વ્હીલચેર બાસ્કેટબોલ ફેડરેશન એશિયા-ઓશેનિયા ચેમ્પિયનશિપમાં શાનદાર વિજય મેળવીને આ ચારેય ખેલાડીઓએ ગ્લાસગો માટેની પાત્રતા મેળવી હતી. આ રમતમાં મેદાન પર કોઈપણ સમયે પ્રત્યેક ટીમમાંથી ત્રણ ખેલાડીઓ રમશે જ્યારે એક ખેલાડી અવેજી તરીકે ઉપલબ્ધ રહેશે અને આ રોમાંચક મુકાબલો દસ મિનિટ સુધી ચાલશે. ટીમની આગેવાની મહારાષ્ટ્રની મીનાક્ષી હરિચંદ્ર જાધવ કરી રહી છે, જ્યારે તેમની સાથે મણિપુરની ઈરેંગબામ રિતુ ચાનુ, મહારાષ્ટ્રની રીના રમેશચંદ્ર ગુપ્તા અને કર્ણાટકની લક્ષ્મી રાયપ્પા રાયન્નાવર પણ ટીમનો મહત્ત્વપૂર્ણ હિસ્સો છે. આ તમામ ખેલાડીઓએ જીવનના સંઘર્ષો અને શારીરિક પડકારોને મ્હાત આપીને આ મુકામ હાંસલ કર્યો છે.

આ અદ્ભુત ખેલાડીઓની જીવનયાત્રા પ્રેરણાદાયી રહી છે. ટીમની કેપ્ટન મીનાક્ષી જાધવ ભૂતકાળમાં એક દુર્ઘટનાનો ભોગ બન્યા બાદ કરોડરજ્જુની ઈજા પામ્યા હતા, પરંતુ મુંબઈના પુનર્વસન કેન્દ્રમાં પ્રશિક્ષણ મેળવીને તેમણે આ રમતને અપનાવી હતી. તેવી જ રીતે, બાળપણમાં માર્ગ અકસ્માતમાં પોતાનો પગ ગુમાવનાર રિતુ ચાનુએ પણ આર્થિક મુશ્કેલીઓ વચ્ચે પોતાની મહેનતથી રાષ્ટ્રીય સ્તરે નામ રોશન કર્યું છે.

**કેન્દ્ર સરકારનો મોટો રમતગમત નિર્ણય, બુદ્ધ ઈન્ટરનેશનલ સર્કિટ પુનઃપ્રારંભ**

# ભારતમાં મોટરસ્પોર્ટ્સ અને ફોર્મ્યુલા વન વાપસી

(એજન્સી) નવી દિલ્હી । તા. 06

ભારતમાં મોટરસ્પોર્ટ્સના વિકાસને વેગ આપવા અને ફોર્મ્યુલા વન રેસિંગની દેશમાં પુનઃપ્રાપ્તિ માટે કેન્દ્રીય રમતગમત મંત્રાલય દ્વારા એક અત્યંત મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. મંત્રાલયે ફેડરેશન ઓફ મોટર સ્પોર્ટ્સ ક્લબ્સ ઓફ ઈન્ડિયા એટલે કે એફએમએસસીઆઈને રાષ્ટ્રીય રમતગમત ફેડરેશન તરીકેનો અસ્થાયી દરજ્જો સત્તાવાર રીતે પ્રદાન કર્યો છે, જેનાથી આગામી સમયમાં આ ક્ષેત્રે નવી તકો અને સંભાવનાઓના દ્વાર ખુલી ગયા છે.

ચેન્નઈ સ્થિત અને અરિન્દમ ઘોષના વડપણ હેઠળ કાર્યરત એફએમએસસીઆઈએ ગત ૧૧ જૂનના રોજ આ રાષ્ટ્રીય ફેડરેશનના માન્યતા માટે સત્તાવાર અરજી કરી હતી. રમતગમત મંત્રાલય દ્વારા ગત ૨૩ જુલાઈએ જારી કરવામાં આવેલા આદેશ અનુસાર, આ સંસ્થાને મંજૂરી આપવામાં આવી છે જેથી બંને સંસ્થાઓ વચ્ચે પરસ્પર સંકલન મજબૂત થઈ શકે. જોકે, મંત્રાલયે સ્પષ્ટ સૂચના આપી છે કે ફેડરેશને રાષ્ટ્રીય રમતગમત શાસન અધિનિયમ, ૨૦૨૫ અને તેના નિયમો અનુસાર ચોક્કસ



સમયમર્યાદામાં પોતાના બંધારણમાં જરૂરી સુધારા કરવા પડશે.

આ માન્યતા મળવા પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રેટર નોઈડા સ્થિત બુદ્ધ ઈન્ટરનેશનલ સર્કિટ ખાતે ફોર્મ્યુલા વન એટલે કે એફવન રેસિંગની ભારતમાં ફરીથી વાપસી સુનિશ્ચિત કરવાનો છે. આ માટે સરકાર દ્વારા રાજ્ય એકમોની લઘુત્તમ સંલગ્નતા સંબંધિત નિયમોમાં પણ વિશેષ છૂટછાટ આપવામાં આવી છે. ગત મહિને જ રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ જાહેરાત કરી હતી કે દેશમાં મોટા મોટરસ્પોર્ટ્સ આયોજનોના પડકારો અને ફાયદાઓનું મૂલ્યાંકન કરવા માટે વહેલી તકે એક વિશેષ ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવશે.

### આગામી સમયની રૂપરેખા અને ભવિષ્યની શક્યતાઓ

આ આગામી ટાસ્ક ફોર્સ ભારતમાં મોટા રમતગમતના આયોજનોથી અર્થતંત્ર, પ્રવાસન અને રોકાણમાં થનારા ફાયદાઓની સમીક્ષા કરશે તેમજ ટકાઉ વિકાસ માટે જરૂરી માળખાકીય જરૂરિયાતોને ઓળખશે. બીજી તરફ, જો ફેડરેશન નાણાકીય પારદર્શિતા, ઉત્તેજક દવા વિરોધી નિયમો કે શાસન માળખાના માર્ગદર્શિકાનું પાલન કરવામાં નિષ્ફળ જશે તો મંત્રાલય તેની માન્યતા રદ કરવાનો અધિકાર પણ ધરાવે છે. વૈશ્વિક સ્તરે મોટરસ્પોર્ટ્સના ચાહકો માટે આ પગલું ભારતને આંતરરાષ્ટ્રીય મોટર રેસિંગના નકશા પર ફરીથી અગ્રિમ હરોળમાં લાવવા માટે માઈલસ્ટોન સાબિત થશે.

# NEET પેપર લીક વિદ્યાર્થી સમર્થન, દેશભરમાં યુવા આંદોલન હલચલ, પરીક્ષા વિવાદ અને ન્યાય

(એજન્સી) નવી દિલ્હી । તા. 24

દેશભરમાં ચકચાર જગાવનાર મેડિકલ પ્રવેશ પરીક્ષા એટલે કે નીટ પેપર લીક વિવાદ મામલે હવે રમતગમત જગતમાંથી પણ મોટા અવાજો ઉઠવા લાગ્યા છે, જેના ભાગરૂપે ભારતીય ક્રિકેટ ટીમના યુવા ઓપનર શુભમન ગિલ અને પૂર્વ સ્ટાર ઓલરાઉન્ડર ઈરફાન પઠાણ વિરોધ પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓના સમર્થનમાં ખુલીને મેદાનમાં આવ્યા છે. આ બંને અગ્રણી ખેલાડીઓએ સોશિયલ મીડિયા પર અત્યંત ભાવુક અને ધારદાર સંદેશાઓ શેર કરીને વિદ્યાર્થીઓની વર્ષોની સખત મહેનત અને તેમના ભવિષ્ય સાથે થઈ રહેલા ખિલવાડ અંગે પોતાની ગંભીર ચિંતા વ્યક્ત કરી છે.

ક્રિકેટના મેદાન પર દેશનું ગૌરવ વધારનારા આ બંને સ્ટાર્સે દેશના યુવાઓ અને વિદ્યાર્થીઓના હકો માટે અવાજ ઉઠાવતા આ મુદ્દો હવે સોશિયલ મીડિયા પર જોરદાર વાયરલ થઈ રહ્યો છે અને દેશભરમાં ચર્ચાનો વિષય બન્યો છે. ટીમ ઈન્ડિયાના સ્ટાર બેટ્સમેન શુભમન ગિલે પોતાની સોશિયલ મીડિયા પોસ્ટમાં વિદ્યાર્થીઓની




રાત-દિવસની અથાક મહેનતનો ઉલ્લેખ કરતા લખ્યું હતું કે કોઈપણ પરીક્ષા માટે વર્ષો સુધી સંઘર્ષ કરનારા વિદ્યાર્થીઓ અને તેમના પરિવારો જ્યારે આવા ભ્રષ્ટાચારનો ભોગ બને છે, ત્યારે તે જોઈને ભારે દુઃખ થાય છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં ઉમેર્યું કે આ માત્ર કોઈ સામાન્ય પેપર લીક નથી, પરંતુ લાખો યુવાનોની આશા, સપના અને તેમની કઠોર મહેનતનું ઘોર અપમાન છે.

શુભમન ગિલ ઉપરાંત પોતાના બેબાક અને સ્પષ્ટ અંદાજ માટે જાણીતા પૂર્વ ક્રિકેટર ઈરફાન પઠાણે પણ આ ગંભીર મામલે સંબંધિત સિસ્ટમ અને વ્યવસ્થા સામે આકરા સવાલો ઉઠાવ્યા છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરીને જણાવ્યું હતું કે શિક્ષણ જગતમાં આ પ્રકારની લાપરવાહી અને ભ્રષ્ટાચાર બિલકુલ સહન કરી શકાય નહીં અને આ મામલે ત્વરિત અને કડક તપાસ થવી જ જોઈએ. બંને ક્રિકેટરોએ તમામ પીડિત વિદ્યાર્થીઓ અને આ મુશ્કેલ સમયમાં ન્યાય માટે સડકો પર ઉતરીને લડી રહેલા યુવાનોની પડખે મજબૂતાઈથી ઊભા રહેવાની જાહેરાત કરી છે.

વિદ્યાર્થીઓ દ્વારા દેશભરમાં કરવામાં આવી રહેલા વિરોધ પ્રદર્શનો અને દિગ્ગજ ખેલાડીઓના સમર્થનને કારણે હવે સરકાર અને સંલગ્ન ભરતી બોર્ડ પર દોષિતો સામે કડક કાર્યવાહી કરવા માટેનું દબાણ અનેકગણું વધી ગયું છે. નિષ્ણાતોના મતે જો સમયસર આ મામલે કોઈ નક્કર અને પારદર્શક પગલાં નહીં ભરાય, તો યુવા વર્ગનો શૈક્ષણિક પ્રણાલી પરથી વિશ્વાસ ઉઠી શકે છે અને આંદોલન વધુ ઉગ્ર બની શકે છે.

## ભારતીય જુડો ખેલાડી ડોપ ટેસ્ટ ફેલ, ગ્લાસગો રમતગમત મોટો આંચકો

**નેશનલ એન્ટી ડોપિંગ એજન્સી કાર્યવાહી**



(એજન્સી) નવી દિલ્હી । તા. 24

ભારતીય ખેલ જગત માટે એક અત્યંત નિરાશાજનક અને આંચકાજનક સમાચાર સામે આવ્યા છે, કારણ કે આગામી ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સની શરૂઆત થાય તે પહેલાં જ દેશના સ્ટાર જુડો ખેલાડી અરુણ કુમાર ડોપ ટેસ્ટમાં નિષ્ફળ સાબિત થયા છે. નેશનલ એન્ટી ડોપિંગ એજન્સી દ્વારા લેવામાં આવેલા સેમ્પલમાં પ્રતિબંધિત પદાર્થોના સેવન બદલ તેઓ દોષિત ઠર્યા છે, જેના કારણે તેમની આગામી કોમનવેલ્થ ગેમ્સમાં ભાગીદારી પર કાયમ માટે પૂર્ણવિરામ મુકાઈ ગયું છે અને રમતગમત વર્તુળોમાં ભારે ચિંતા પ્રસરી ગઈ છે.

આગામી ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાં ભારતને જુડો રમતમાંથી મેડલ જીતવાની પ્રબળ આશા હતી અને અરુણ કુમાર આ પ્રતિનિધિ ટીમનો અત્યંત મહત્ત્વનો હિસ્સો હતા. સ્પર્ધા માટે રવાના થતા પૂર્વે ખેલાડીઓની ફિટનેસ અને ક્લીન રેકોર્ડ ચકાસવા માટે ફરજિયાતપણે કરવામાં આવતા ડોપ ટેસ્ટનો રિપોર્ટ પોઝિટિવ આવતા ભારતીય કેમ્પમાં સન્નાટો વ્યાપી ગયો છે. નિયમો અનુસાર આ પ્રકારની પદ્ધતિસરની ચકાસણીઓમાં ખેલાડીઓએ શિસ્ત અને એન્ટી-ડોપિંગ માર્ગદર્શિકાનું પાલન કરવું અનિવાર્ય હોય છે, જેમાં નિષ્ફળ રહેવા પર કડક પ્રતિબંધોની જોગવાઈ છે. આ ગંભીર ઘટના બાદ સંબંધિત એજન્સી દ્વારા અરુણ કુમારને કામચલાઉ ધોરણે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે અને તેમની સામે નિયમોનુસાર શિસ્તભંગની તપાસ સમિતિ બેસાડવામાં આવશે. જો તેઓ પોતાના બચાવમાં કોઈ સંતોષકારક કે યોગ્ય પુરાવા રજૂ નહીં કરી શકે, તો તેમના પર આગામી બે થી ચાર વર્ષ સુધીનો લાંબો પ્રતિબંધ પણ લાદવામાં આવી શકે છે, જે તેમની ઉભરતી અને ઉજ્જવળ રમતગમતની કારકિર્દી માટે અત્યંત ઘાતક સાબિત થશે. ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિએશન અને જુડો ફેડરેશન ઓફ ઈન્ડિયા આ સમગ્ર મામલાને અત્યંત ગંભીરતાથી લઈ રહ્યા છે.

રોમાંચક ફાઈનલમાં શાનદાર વિજય

## ધ્રુવ નેગીએ જીતી ઓલ ઈન્ડિયા સિનિયર બેડમિન્ટન ટ્રોફી

ચેન્નાઈ | યુવા બેડમિન્ટન ખેલાડી ધ્રુવ નેગીએ જુનિયર સ્તરેથી સિનિયર સ્તરે પ્રવેશ્યા બાદના મુશ્કેલ સમયને પાછળ




છોડીને ગુરુવારે ચેન્નાઈ ખાતે રમાયેલી ઓલ ઈન્ડિયા સિનિયર રેન્કિંગ બેડમિન્ટન સ્પર્ધામાં મેન્સ સિંગલ્સનું ટાઈટલ જીતી લીધું છે. ઉત્તરાખંડના વીસ વર્ષીય શટલર ધ્રુવે ફાઈનલ મુકાબલામાં પ્રણય કટ્ટાને પરાજય આપીને સિનિયર સર્કિટમાં પોતાની કારકિર્દીનું આ પ્રથમ ગૌરવવંતુ ટાઈટલ પોતાના નામે કર્યું છે, જેના કારણે સમગ્ર રમતગમત જગતમાં ખુશીની લહેર છવાઈ ગઈ છે. જ્યુનિયર સર્કિટ પૂર્ણ કર્યા બાદ તરત જ ઘૂંટણમાં સ્ટ્રેસ ફ્રેક્ચર જેવી ગંભીર ઈજાના કારણે ધ્રુવને આશરે છ મહિના સુધી રમતના મેદાનથી દૂર રહેવું પડ્યું હતું. આ ઈજા અને ત્યારબાદ સિનિયર ખેલાડીઓની રમત સાથે તાલમેલ સાધવાના સંઘર્ષના કારણે તેનો આત્મવિશ્વાસ થોડો ઓછો થઈ ગયો હતો. લગભગ દોઢ વર્ષ સુધી અપેક્ષિત પ્રદર્શન ન કરી શક્યા બાદ, આ ભવ્ય વિજયથી તેણે શાનદાર પુનરાગમન કર્યું છે અને સ્પર્ધામાં પોતાની પ્રતિભાનું ઉત્તમ પ્રદર્શન કર્યું છે.

ચેન્નાઈ ખાતે યોજાયેલી આ રોમાંચક ફાઈનલ મેચમાં ધ્રુવ નેગીએ અત્યંત સંઘર્ષપૂર્ણ મુકાબલામાં પ્રણય કટ્ટાને પરાજિત કર્યો હતો. મેચ બાદ પોતાના અનુભવો શેર કરતા તેણે જણાવ્યું કે શારીરિક ક્ષમતા અને માનસિક દ્રઢતા વધારવા માટે તેણે સખત મહેનત કરી છે.

**મયંક યાદવ ઘાતક બોલિંગ**

## ભારત ઝિમ્બાબ્વે ટી૨૦ જીત, વૈભવ સૂર્યવંશી તોફાની ફિફ્ટી

(એજન્સી) હરારે । તા. 24

ઝિમ્બાબ્વે સામે રમાયેલી પ્રથમ ટી૨૦ મેચમાં ભારતીય યુવા ટીમે શાનદાર અને આક્રમક પ્રદર્શન કરીને મેચ પોતાના નામે કરી લીધી છે. ઝિમ્બાબ્વે દ્વારા આપવામાં આવેલા ૧૨૬ રનના સાધારણ લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમે વિસ્ફોટક બેટિંગના સહારે આસાનીથી વિજય મેળવીને શ્રેણીની ધમાકેદાર શરૂઆત કરી છે.

મેચમાં ટૉસ હારીને પ્રથમ બેટિંગ કરવા માટે મેદાન પર ઉતરેલી ઝિમ્બાબ્વેની ટીમ નિર્ધારિત ૨૦ ઓવરમાં ૭ વિકેટ ગુમાવીને માત્ર ૧૨૫ રન જ બનાવી શકી હતી. ઝિમ્બાબ્વે તરફથી વેસ્લી મધેવેરે સૌથી વધુ ૩૯ રનનું યોગદાન આપ્યું હતું જ્યારે રયાન બર્લે ૨૬ રન બનાવ્યા હતા, પરંતુ ભારતીય બોલરોના સચોટ આક્રમણને કારણે ટીમ મોટો સ્કોર બનાવવામાં નિષ્ફળ રહી હતી.

ભારતીય બોલિંગ આક્રમણમાં મયંક યાદવ અને પ્રિન્સ યાદવે અત્યંત ઘાતક બોલિંગ કરીને ૨-૨ વિકેટ ઝડપી હતી, જ્યારે શિવમ દુબે અને રવિ બિશ્નોઈને ૧-૧ સફળતા મળી હતી. જવાબમાં ૧૨૬ રનના લક્ષ્યનો પીછો કરવા ઉતરેલા યુવા ઓપનર વૈભવ સૂર્યવંશીએ માત્ર ૧૮ બોલમાં જ પોતાની તોફાની અડધી સદી પૂરી કરીને સનસનાટી મચાવી દીધી હતી. વૈભવે કુલ ૧૯ બોલમાં ૪ ચોગ્ગા અને ૪ ગગનચુંબી છગ્ગાની મદદથી વિસ્ફોટક ૫૦ રન ફટકાર્યા હતા, જેના કારણે ક્રિકેટ જગતમાં તેમની ચર્ચા થઈ રહી છે. બીજી તરફ, બીજા ઓપનર અભિષેક શર્મા આ મેચમાં ખાસ કમાલ કરી શક્યા ન હતા અને માત્ર ૧ રન બનાવીને આઉટ થયા હતા, જે આગામી મેચોમાં સુધારો કરવા માટે પ્રયાસ કરશે. વૈભવ સૂર્યવંશીના આ અદ્ભુત પ્રદર્શનથી ક્રિકેટ ચાહકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને ભારતીય ટીમ આત્મવિશ્વાસ સાથે આગામી મુકાબલા માટે તૈયારી કરી રહી છે. શ્રેણીમાં હજી બે મેચ બાકી છે, જેમાં ભારતીય યુવા ખેલાડીઓ પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન ચાલુ રાખવા માટે કટિબદ્ધ છે.




**ડર વગર રમો વિજય મેળવો, હરારેમાં પ્રથમ જીતની આશા**

## ઝિમ્બાબ્વે સામે શ્રેયસ અય્યરે કહી મોટી વાત

(એજન્સી) હરારે । તા. 24

ભારતીય ક્રિકેટ ટીમ ઈંગ્લેન્ડ અને આયરલેન્ડ પ્રવાસ પરના નિરાશાજનક પ્રદર્શન બાદ હવે ઝિમ્બાબ્વે સામે ૩ મેચોની ટી-૨૦ શ્રેણી માટે હરારે ખાતે મેદાન પર ઉતરવા માટે સંપૂર્ણપણે સજ્જ થઈ ગઈ છે. શ્રેણીનો પ્રથમ મુકાબલો રમાનાર છે તે પૂર્વે ભારતીય કેપ્ટન શ્રેયસ અય્યરે ખેલાડીઓને નિડર થઈને રમવા માટે સ્પષ્ટ હાકલ કરી છે, જેથી ટીમ જૂના પરાજયને પાછળ છોડીને નવી શરૂઆત કરી શકે.

તાજેતરમાં રમાયેલા પ્રવાસોમાં ભારતીય ટીમનું પ્રદર્શન ખૂબ જ ચિંતાજનક રહ્યું હતું, જ્યાં આયરલેન્ડે ૨-૦થી અને ઈંગ્લેન્ડે ૪-૦થી ભારતને સજ્જડ શિકસ્ત આપી હતી. આ સતત પરાજયોના કારણે કેપ્ટન શ્રેયસ અય્યરની આગેવાની પર પણ દબાણ નોંધપાત્ર રીતે વધી ગયું છે. પ્રેસ કોન્ફરન્સ દરમિયાન અય્યરે સ્વીકાર્યું હતું કે મુશ્કેલ સમયમાંથી ટીમને ઘણું શીખવા મળ્યું છે અને ખેલાડીઓને પોતાની ખામીઓ સુધારીને મેદાન પર ઉત્સાહ સાથે ઉતરવાની સોનેરી તક મળી છે. કેપ્ટન અય્યરે ખેલાડીઓને માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે જ્યારે પણ ખેલાડીઓ મનમાં હારનો ભય રાખે છે, ત્યારે તેઓ બચાવત્મક મુદ્રામાં આવી જાય છે અને માત્ર પોતાને બચાવવા માટે રમવા લાગે છે. આ માનસિકતાના કારણે તેઓ પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન આપી શકતા નથી. તેમણે ટીમને ડ્રેસિંગ રૂમની બહાર થતી ચર્ચાઓ અને ટીકાઓ પર ધ્યાન આપ્યા વિના માત્ર વર્તમાન મેચ પર જ સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરવા તાકીદ કરી છે. શ્રેયસ અય્યર માટે કેપ્ટન તરીકેની સફર અત્યાર સુધી પડકારજનક રહી છે પરંતુ બેટ્સમેન તરીકે તેણે છેલ્લી ૭ ઈનિંગ્સમાં શાનદાર પ્રદર્શન કરી અર્ધસદીઓ ફટકારી છે. ઝિમ્બાબ્વેનો આ તેનો પ્રથમ પ્રવાસ છે અને હરારેની પરિસ્થિતિઓ સાથે ટીમ જેટલી ઝડપથી અનુકૂળ થશે, તેટલી જ ઝડપથી શ્રેણીમાં પકડ મજબૂત બનશે.

**રેન્કિંગ** // **ટોપ ચારમાં ત્રણ ભારતીય બેટરો સામેલ, ન્યુઝીલેન્ડના ડેરિલ મિચેલ પ્રથમ**

# આઈસીસી વનડે રેન્કિંગમાં ભારતીય ખેલાડીઓનો દબદબો

(એજન્સી) નવી દિલ્હી । તા. 24

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલી નવી વનડે બેટિંગ રેન્કિંગમાં ભારતીય ક્રિકેટ ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કરીને વૈશ્વિક સ્તરે પોતાનો દબદબો ફરી એકવાર સાબિત કરી દીધો છે. આ તાજી રેન્કિંગ અનુસાર વિશ્વના શ્રેષ્ઠ ચાર બેટરોમાંથી ત્રણ મહત્ત્વના સ્થાનો પર ભારતીય ખેલાડીઓએ કબજો જમાવ્યો છે, જેમાં યુવા ઓપનર શુભમન ગિલ, રન મશીન વિરાટ કોહલી અને હિટમેન રોહિત શર્માનું નામ મોખરે છે.




ન્યુઝીલેન્ડના ડેરિલ મિચેલ ૮૦૨ રેટિંગ પોઈન્ટ સાથે આ યાદીમાં પ્રથમ સ્થાન પર યથાવત છે, પરંતુ ભારતીય યુવા કપ્તાન શુભમન ગિલ ૮૦૧ પોઈન્ટ સાથે નંબર વન બનવાથી માત્ર એક જ ડગલું દૂર એટલે કે બીજા ક્રમે મજબૂત સ્થિતિમાં છે. આ ઉપરાંત, તાજેતરની ઈંગ્લેન્ડ સામેની વનડે શ્રેણીમાં અત્યંત પ્રભાવશાળી બેટિંગ પ્રદર્શન કરનાર વિરાટ કોહલી ત્રીજા ક્રમે અને રોહિત શર્મા ૭૫૮ રેટિંગ પોઈન્ટ સાથે ચોથા ક્રમે બિરાજમાન છે.

ઈંગ્લેન્ડ સામેની શ્રેણી દરમિયાન વિરાટ કોહલીએ બીજી વનડેમાં ૬૫ રન અને ત્રીજી વનડેમાં ૭૪ રનની દમદાર ઈનિંગ્સ રમી હતી, જ્યારે રોહિત શર્માએ લૉર્ડ્સના ઐતિહાસિક મેદાન પર ૧૩૮ રનની શાનદાર સદી ફટકારીને સૌનું ધ્યાન ખેંચ્યું હતું. આ શ્રેણીમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર ઈંગ્લેન્ડના જો રૂટે પણ ચાર સ્થાનની છલાંગ લગાવીને સીધા આઠમા ક્રમે સ્થાન મેળવ્યું છે, જ્યારે ટોપ-૧૦ ની આ યાદીમાં અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને શ્રીલંકાના ખેલાડીઓએ પણ જગ્યા બનાવી છે.

ભારતીય બેટરોનું આ સતત શાનદાર પ્રદર્શન આગામી સમયમાં રમાનારી વિવિધ આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ અને મેગા શ્રેણીઓ માટે અત્યંત પ્રોત્સાહક સાબિત થશે. શુભમન ગિલ પાસે આગામી મેચોમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરીને આઈસીસી રેન્કિંગમાં ફરીથી પ્રથમ સ્થાન હાસલ કરવાની સોનેરી તક રહેલી છે. ભારતીય ક્રિકેટ ટીમની આ બેટિંગ મજબૂતાઈ વિરોધી ટીમો માટે હંમેશાં ચિંતાનો વિષય રહી છે અને આગામી સમયમાં પણ ટીમ આ જ લય જાળવી રાખવા માટે સંપૂર્ણપણે કટિબદ્ધ છે.

**હોકી અને અન્ય રમતોના અપડેટ્સ**

# વર્લ્ડ જુનિયર સ્કેવોશમાં અનાહત સિંહ ક્વાર્ટરમાં પહોંચી

(એજન્સી)ચેન્નાઈ। તા. 24

કેનેડાના ઓન્ટારિયોમાં રમાઈ રહેલી વર્લ્ડ સ્કેવોશ જુનિયર ઈન્ડિવિજ્યુઅલ ચેમ્પિયનશિપમાં ભારતની સ્ટાર ખેલાડી અનાહત સિંહે શાનદાર પ્રદર્શન કરતા મહિલાઓની ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. ટૂર્નામેન્ટમાં ટોચનું ક્રમાંક ધરાવતી અનાહતે પ્રી-ક્વાર્ટર ફાઈનલ મુકાબલામાં મલાયશિયાની ખેલાડી ડોયસે યે સાન લી સામે આસાન વિજય મેળવ્યો હતો. ગત વર્ષે બ્રોન્ઝ મેડલ જીતનારી અનાહતે પોતાની પ્રતિભાનું ઉત્તમ પ્રદર્શન કરતા આ મુકાબલો એકતરફી અંદાજમાં જીતી લીધો હતો.



મહિલા વર્ગમાં વિશ્વમાં વીસમો ક્રમ ધરાવતી અનાહત સિંહે પોતાની પ્રતિસ્પર્ધી સામે શરૂઆતથી જ આક્રમક રમત દાખવી હતી. મેચ દરમિયાન અનાહતે શાનદાર રેલીઓ અને શચોટ શૉટ્સની મદદથી પ્રી-ક્વાર્ટર ફાઈનલ મેચ અગિયાર ચાર, અગિયાર આઠ અને અગિયાર ત્રણના સ્કોરથી સરળતાથી જીતી લીધી હતી. હવે આગામી મુકાબલામાં તેનો સામનો ઈજિપ્તની પાંચમી અને આઠમી ક્રમાંકિત ખેલાડી હબીબા રિઝક સામે થશે. બીજી તરફ, અંડર-નવસારીના એશિયન ચેમ્પિયન આર્યવીર દેવાનને આ સ્પર્ધામાં પરાજયનો સામનો કરવો પડ્યો છે.

આ ઉપરાંત રમતગમતની અન્ય મોટી અપડેટ્સમાં, આસામ પ્રીમિયર લીગની પ્રથમ સીઝન આગામી પહેલી ઓગસ્ટથી શરૂ થવા જઈ રહી છે, જેમાં કુલ આઠ ટીમો ભાગ લેશે અને તેવતાળીસ જેટલી રોમાંચક મેચો રમાશે. મોટરસ્પોર્ટ ક્ષેત્રે મુંબઈ ફાલ્કન્સ રેસિંગ લિમિટેડ દ્વારા દિલ્હીમાં એફ વન સિમ રેસિંગ ઈન્ડિયા ઓપન ટાઈમ ટ્રાયલ્સનું આયોજન કરવામાં આવશે, જેમાં વિજેતા ખેલાડીઓને પ્રોફેશનલ મોટરસ્પોર્ટમાં આગળ વધવાની સોનેરી તક મળશે.

## વૈશ્વિક અર્થતંત્ર પર જોખમ

# US ઈરાન મહાયુદ્ધ ખતરો, પશ્ચિમ એશિયા મહાયુદ્ધ સંકટ

(એજન્સી) વોશિંગ્ટન | તા. 24

પશ્ચિમ એશિયામાં શાંતિ સ્થપાવાના બદલે સ્થિતિ દિવસેને દિવસે વધુ વણસી રહી છે અને તાજેતરમાં જ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને અત્યાર સુધીના સૌથી ખતરનાક હુમલાની ખુલ્લી ધમકી આપી છે. જૂનમાં સીઝફાયર ભંગ થયા બાદ અને સ્ટ્રેટ ઓફ હોર્મુઝ પર તણાવ ચરમસીમાએ પહોંચતા આ ગંભીર સ્થિતિનું નિર્માણ થયું છે, જેના કારણે વૈશ્વિક અર્થતંત્રમાં મોટો ખળભળાટ મચી ગયો છે. જો ઈરાન ગંભીરતાથી વાટાઘાટો નહીં કરે, તો અમેરિકા પોતાની પૂરી સૈન્ય તાકાત સાથે હુમલો કરી શકે છે અને આનાથી આંતરરાષ્ટ્રીય સ્તરે ગંભીર પરિણામો આવી શકે છે.

ફેબ્રુઆરી ૨૦૨૬માં અમેરિકા અને ઈઝરાયલે ઈરાન પર 'ઓપરેશન એપિક ફ્યુરી' હેઠળ મોટા પાયે હુમલા શરૂ કર્યા હતા, જેમાં અનેક ટોચના નેતાઓ માર્યા ગયા હતા. જવાબમાં ઈરાને પણ મિસાઈલ અને



ડ્રોન હુમલા કર્યા હતા જેમાં લેબેનોનથી હિઝબુલ્લાહ પણ જોડાયું હતું. એપ્રિલ ૨૦૨૬માં સીઝફાયર થયું હતું પરંતુ જૂનમાં ઈરાને સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી પસાર થતા જહાજો પર હુમલા શરૂ કરતા તણાવ ફરી વકર્યો છે. આ તણાવના કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ પ્રતિ બેરલ ૧૦૦ ડૉલરને પાર પહોંચી ગયા છે, જેનાથી ભારત જેવા વિકાસશીલ દેશો પર મોંઘવારીનો મોટો બોજ પડવાની પૂરી શક્યતા છે.

અમેરિકન પ્રમુખ ટ્રમ્પની આ ધમકી તેમની 'મેક્સિમમ પ્રેશર' વ્યૂહનીતિનો એક મહત્ત્વપૂર્ણ ભાગ માનવામાં આવે છે, જેના દ્વારા તેઓ ઈરાનને પરમાણુ કાર્યક્રમ બંધ કરવા દબાણ કરી રહ્યા છે. બીજી તરફ, ઈઝરાયલના વડાપ્રધાન ઈરાનના પરમાણુ પ્રોગ્રામને સંપૂર્ણપણે નષ્ટ કરવા માગે છે અને દક્ષિણ લેબેનોનમાંથી પીછેહઠ કરવા તૈયાર નથી. આ તમામ ઘટનાક્રમને કારણે શાંતિ વાટાઘાટોમાં મોટો અવરોધ ઊભો થયો છે અને વિશ્વભરના દેશો ચિંતામાં મુકાયા છે. જો યુદ્ધ વધુ આગળ વધશે તો ક્રૂડ ઓઈલ ૧૫૦ થી ૨૦૦ ડૉલર સુધી પહોંચી શકે છે, જેથી વૈશ્વિક સપ્લાય ચેઈન સંપૂર્ણપણે ખોરવાઈ જશે. વર્તમાન પરિસ્થિતિને જોતાં રક્ષણ અને પરરાષ્ટ્ર બાબતોના નિષ્ણાતો આગામી સમય માટે ત્રણ મુખ્ય શક્યતાઓ જોઈ રહ્યા છે. પ્રથમ શક્યતા એ છે કે કોઈ તટસ્થ દેશોની મધ્યસ્થીથી રાજદ્વારી રસ્તો નીકળે, બીજી શક્યતા એ છે કે અમેરિકા માત્ર ચોક્કસ લશ્કરી ઠેકાણાઓ પર જ લક્ષિત હુમલા કરે, અથવા ત્રીજી અને સૌથી ભયાનક શક્યતા એ છે કે સમગ્ર પશ્ચિમ એશિયા એક મહાયુદ્ધમાં હોમાઈ જાય. હાલમાં વિશ્વ આખાનું ધ્યાન સ્ટ્રેટ ઓફ હોર્મુઝનો માર્ગ ખુલ્લો રહે અને ક્રૂડ ઓઈલનો પુરવઠો વણથંભ્યો જળવાઈ રહે તેના પર જ કેન્દ્રિત છે, કારણ કે આના પર જ વૈશ્વિક બજારનું ભવિષ્ય નિર્ભર છે.

## વોશિંગ્ટન બજાર મોટા સમાચાર

# ટેસ્લા સ્પેસએક્સ શેર કડાકો, વૈશ્વિક અબજોપતિ સંપત્તિ હલચલ



(એજન્સી) વોશિંગ્ટન | તા. 24

વૈશ્વિક અબજોપતિ ઈલોન મસ્કની કંપનીઓ ટેસ્લા અને સ્પેસએક્સના શેરોમાં બુધવારે ૨૨ જુલાઈના રોજ મોટો ઘટાડો નોંધાતા તેમની કુલ સંપત્તિમાં એક જ દિવસમાં ૪૪.૪ અબજ ડોલરનો જબરદસ્ત કડાકો બોલ્યો હતો. બ્લૂમબર્ગ બિલિયોનર ઈન્ડેક્સ અનુસાર, આ ભારે નુકસાનના કારણે મસ્કની કુલ સંપત્તિ ઘટીને લગભગ ૭૪૫ અબજ ડોલર રહી ગઈ છે, જેનાથી શેરબજારમાં રોકાણકારો વચ્ચે ચિંતાનું મોજું ફરી વળ્યું છે.

બુધવારના કારોબાર દરમિયાન ટેસ્લાના શેરમાં પાંચ ટકા અને સ્પેસએક્સના શેરમાં છ ટકાનો ઘટાડો નોંધાયો હતો, જેના લીધે ટેસ્લાનો શેર ઘટીને ૩૭૪.૦૧ ડોલર પર આવી ગયો હતો. વર્ષ ૨૦૨૬ની શરૂઆતથી અત્યાર સુધીમાં ટેસ્લાના શેરમાં લગભગ ૧૫ ટકા જેટલો ઘટાડો જોવા મળ્યો છે. જો કે થોડા સમય પહેલાં જ ઈલોન મસ્ક વિશ્વના પ્રથમ ટ્રિલિયોનર બન્યા હતા, પરંતુ તાજેતરના આ આંચકાથી તેમની નેટવર્થને મોટો ફટકો પડ્યો છે.

આ કડાકા પાછળ ટેસ્લા દ્વારા જાહેર કરવામાં આવેલા એપ્રિલથી જૂન ક્વાર્ટરના મિશ્ર નાણાકીય પરિણામો મુખ્ય કારણ રહ્યા છે. કંપનીની કુલ આવક અપેક્ષા કરતાં સારી રહીને ૨૮.૨૪ અબજ ડોલર એટલે કે વાર્ષિક ધોરણે ૨૬ ટકા વધુ રહી હતી, પરંતુ નફામાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો. વોલ સ્ટ્રીટની પ્રતિ શેર ૦.૫૧ ડોલર નફાની આશા સામે કંપનીની પ્રતિ શેરદીઠ આવક માત્ર ૦.૩૩ ડોલર જ રહી હતી, અને ચોખ્ખો નફો પાંચ ટકા ઘટીને ૧.૧૧ અબજ ડોલર પર પહોંચ્યો હતો.

### સમયની રૂપરેખા અને ભવિષ્યની શક્યતાઓ

ઓટોમોબાઈલ કારોબારની આવક ૨૦.૫૨ અબજ ડોલર અને એનર્જી બિઝનેસની આવક ૩.૧૪ અબજ ડોલર રહી હોવા છતાં, ટેસ્લાનું કુલ માર્જિન ૧૭.૨ ટકાથી ઘટીને ૧૬.૮ ટકા થઈ ગયું છે. આ ઉપરાંત સૌથી મોટી ચિંતાનો વિષય કંપનીનો નેગેટિવ ફ્રી કેશ ફ્લો છે, જેમાં ૧.૧ અબજ ડોલરનો ઘટાડો થયો છે જ્યારે કંપનીનો ખર્ચ વધીને ૫.૭૯ અબજ ડોલર થયો છે. નિષ્ણાતોના મતે જો રોકાણકારોનો વિશ્વાસ પાછો મેળવવો હશે તો કંપનીએ આગામી ત્રિમાસિક ગાળામાં પોતાના ખર્ચ પર કાપ મૂકીને નફાકારકતા સુધારવી પડશે.

## ન્યૂઝ બ્રીફ

### વિદેશમંત્રી એસ. જયશંકરે બ્રુની અને પાપુઆ ન્યુ ગિનીના નેતાઓને મળ્યા



મનીલા | ફિલિપાઈન્સની રાજધાની મનીલામાં યોજાયેલી એસોસિએશન ઓફ સાઉથ ઈસ્ટ એશિયન નેશન્સ એટલે કે આસિયાન દેશોના વિદેશમંત્રીઓની બે દિવસીય પરિષદ દરમિયાન ભારતના વિદેશમંત્રી એસ. જયશંકરે બ્રુની અને પાપુઆ ન્યુ ગિનીના વિદેશમંત્રીઓ સાથે સઘન મંત્રણા યોજી હતી. આ બેઠક દરમિયાન ઈન્ડો પેસિફિક વિસ્તારની પ્રાથમિકતાઓ, ઉભરતી ટેકનોલોજી, આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ અને ડિજિટલ ક્ષેત્રે નવી તકો ઊભી કરવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ભારતે હાથ ધરેલી એક્ટ ઈસ્ટ પોલીસીના ભાગરૂપે વિદેશમંત્રીએ બ્રુનીના વિદેશમંત્રી પ્રિન્સ અબ્દુલ માતીનને તેમના નવા પદ પર થયેલી નિયુક્તિ બદલ અભિનંદન પાઠવ્યા હતા. આ સાથે જ ઝડપભેર પલટાઈ રહેલી ટેક્નોલોજી અને ડિજિટલ ક્ષેત્રે સહયોગ વધારવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. પાપુઆ ન્યુ ગિનીના વિદેશમંત્રી જસ્ટીન ડબલ્યુ તત્કાએન્કો સાથેની બેઠકમાં ઈન્ડો પેસિફિક વિસ્તારના પ્રશ્નો અંગે ચર્ચા થઈ હતી તેમજ ફોરમ ફોર ઈન્ડિયા પેસિફિક આઈલેન્ડ કોઓપરેશન સંસ્થાને વધુ મજબૂત કરવા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

### અમેરિકાએ ભારત સહિત સાઠ દેશો પર નવો આયાત ટેરિફ ઝીંક્યો



વાશિંગ્ટન | અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસને વેપાર નીતિમાં મોટો ફેરબદલ કરતા ભારત સહિત વિશ્વના સાઠ દેશો પર દસ ટકાથી લઈને સાડા બાર ટકા સુધીનો નવો આયાત ટેરિફ લાદવાની જાહેરાત કરી છે. અમેરિકી તંત્રના જણાવ્યા અનુસાર, બંધુઆ મજૂરીથી બનતા સામાન પર યોગ્ય પ્રતિબંધ અને તેનો કડક અમલ ન કરવા બદલ આ સખત પગલું લેવામાં આવ્યું છે. આ નવા ટેરિફના નિર્ણયથી વૈશ્વિક વેપાર ક્ષેત્રે મોટી હલચલ મચી ગઈ છે અને અનેક દેશો દ્વારા તેનો વિરોધ પણ શરૂ થઈ ગયો છે. ફેડરલ રજિસ્ટર નોટિસ અનુસાર, આ નવો ટેરિફ ભારતીય સમય મુજબ શનિવારે સવારે નવ ને એકત્રીસ મિનિટે લાગુ થઈ જશે, જે આ સમયે જ પૂરા થઈ રહેલા અસ્થાયી દસ ટકા ગ્લોબલ ટેરિફનું સ્થાન લેશે. નવી નીતિ હેઠળ ભારતને દસ ટકાના ટેરિફ સ્લેબમાં રાખવામાં આવ્યું છે. ભારત ઉપરાંત બ્રિટન, કેનેડા, મેક્સિકો, બાંગ્લાદેશ, પાકિસ્તાન અને શ્રીલંકા જેવા અઢાર દેશો પર દસ ટકા જકાત લાગુ થશે, જ્યારે ચીન સહિતના બાકીના દેશોએ સાડા બાર ટકા સુધીનો ટેરિફ ચૂકવવો પડશે.

## ગરમીને કારણે 20 દિવસમાં 21674 લોકોનાં મોત

# ફ્રાન્સ ભીષણ ગરમીમાં અનેકનાં મોત થયા, વૈશ્વિક તાપમાન સ્વાસ્થ્ય સંકટ

(એજન્સી) નવી દિલ્હી | તા. 24

ફ્રાન્સમાં વર્ષ ૨૦૨૬ દરમિયાન પડી રહેલી ભીષણ અને અસહ્ય ગરમીએ સમગ્ર દેશમાં ભારે ચિંતાનું મોજું ફેલાવી દીધું છે, કારણ કે જૂન મહિનાના અંતિમ દિવસો અને જુલાઈની શરૂઆત વચ્ચેના ટૂંકા સમયગાળામાં હજારો લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. ફ્રાન્સની પબ્લિક હેલ્થ એજન્સી દ્વારા જાહેર કરવામાં આવેલા સત્તાવાર આંકડાઓ અનુસાર, ગત ૧૭ જૂનથી ૨ જુલાઈ સુધીના માત્ર વીસ દિવસના સમયગાળામાં કુલ ૨૧,૬૭૪ લોકોનાં મોત થયા છે, જેણે આંતરરાષ્ટ્રીય સ્તરે પણ તમારું ધ્યાન ખેંચ્યું છે.

સામાન્ય સંજોગોમાં ફ્રાન્સમાં આ નિશ્ચિત સમયગાળા દરમિયાન આશરે ૧૫,૯૧૦ જેટલા સ્વાભાવિક મૃત્યુ નોંધાતા હોય છે, પરંતુ આ વખતે આંકડો સામાન્ય કરતાં પૂરાં ૫,૭૬૪ જેટલો વધુ નોંધાયો છે. આ ભયાનક આંકડાઓ પરથી સ્પષ્ટ સાબિત થાય છે કે આબોહવા પરિવર્તનને કારણે વધતું તાપમાન હવે માત્ર હવામાન પૂરતું મર્યાદિત નથી રહ્યું, પરંતુ તે સીધી રીતે સામાન્ય માનવીના સ્વાસ્થ્ય માટે ગંભીર ખતરો બનીને ઉભરી આવ્યું છે.

સ્થાનિક અધિકારીઓ અને નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, આ તમામ ૨૧,૬૭૪ મૃત્યુ સીધી રીતે માત્ર ગરમીના કારણે જ થયા નથી, પરંતુ અતિશય વધારે તાપમાન અને લૂના પ્રકોપને કારણે અગાઉથી ગંભીર બીમારીઓથી પીડાતા દર્દીઓની તબિયત વધુ વણસી ગઈ હતી. ખૂબ જ વધારે તાપમાન માનવ શરીર પર અસહ્ય દબાણ વધારે છે, જેના કારણે શરીરમાં પાણીનું પ્રમાણ ઘટી જાય છે અને હૃદય, ફેફસાં તેમજ કિડની જેવા મહત્વના અવયવો પર ગંભીર અસર પડે છે.

આ અણધારી કુદરતી આપત્તિના કારણે ફ્રાન્સની હોસ્પિટલો અને સ્વાસ્થ્ય કેન્દ્રો પર દર્દીઓનો ભારે ધસારો જોવા મળ્યો હતો અને તંત્ર પર પણ મોટું દબાણ સર્જાયું હતું. ફ્રાન્સમાં આ સમયગાળા દરમિયાન સામાન્ય કરતાં ૩૬ ટકા



જેટલા વધારે મોત નોંધાતા વૈશ્વિક સ્તરે પર્યાવરણ અને આરોગ્ય સંભાળની નીતિઓ પર પુનર્વિચાર કરવાની જરૂરિયાત ઊભી થઈ છે. આગામી સમયમાં જો ગરમીના આવા પ્રકોપથી બચવું હશે તો સરકારે સમયસર રેડ એલર્ટ જારી કરવા અને હીટવેવ સામે રક્ષણ મેળવવા માટે અત્યારથી જ મજબૂત આગોતરી વ્યવસ્થાઓ ગોઠવવી પડશે.

આ દરમિયાન હોસ્પિટલ અને સ્વાસ્થ્ય કેન્દ્રો ઉપર પણ દબાણ વધી ગયું છે. કોઈ પણ આપત્તિ કે ઘટનાની અસર સમજવા માટે આરોગ્ય એજન્સીઓ અગાઉ કરતા કેટલા મોત વધારે થયા છે તે રજૂ કરે છે.

ફ્રાન્સમાં ૧૭ જૂનથી ૨ જુલાઈ સુધીનાં સમયગાળામાં સામાન્યથી ૩૬ ટકા વધારે મોત થયા છે. જો કે આ દરેક મોતનું કારણ ગરમી ન હતી પણ ગરમીને કારણે અગાઉથી બિમાર લોકોની બિમારી વધુ ગંભીર બની ગઇ હતી. ખૂબ જ વધારે ગરમી શરીર પર દબાણ વધારે છે. જેના કારણે શરીરમાં પાણી ઘટી જાય છે. હૃદય, ફેફસા અને કિડની પર અસર પડે છે.

# ભારતીય જેનેરિક દવાઓ પર ઓગસ્ટ 2028થી અમેરિકાનો 100 ટકા ટેરિફ

વોશિંગ્ટન | વોશિંગ્ટનથી અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી કે, જેનેરિક દવાઓના સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવા ઓગસ્ટ 2029થી 200% ટેરિફ લાગશે. આ નિર્ણય ભારત માટે ચિંતાજનક છે, કારણ કે ભારત અમેરિકાને જેનેરિક દવાઓનો સૌથી મોટો નિકાસકાર છે.

2025માં ભારતે અમેરિકામાં 9.7 અબજ ડોલરની દવાઓ નિકાસ કરી હતી, જેમાં હાઈપરટેન્શન, ડાયાબિટીસ, કેન્સર અને માનસિક સ્વાસ્થ્ય સંબંધિત દવાઓનો સમાવેશ થાય છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે જાહેરાત કરી હતી કે તેઓ આયાતી જેનેરિક્સ પર ટેરિફ નાખીને સ્થાનિક સ્તરે દવા ઉત્પાદનને વેગ આપવા માંગે છે. આ માટે તેઓ પહેલાં તો બે વર્ષ જેનેરિક દવા પર ઝીરો ટકા ટેરિફ નાખશે અને પછીના વર્ષે ૧૦૦ ટકા અને તેના પછીના વર્ષે ૨૦૦ ટકા ટેરિફ નાખશે. ટ્રમ્પના આ પગલાંથી ભારત પર નોંધપાત્ર અસર પડી શકે છે. ભારત અમેરિકાની દવાઓમાં જેનેરિક ડ્રગ્સનું સૌથી મોટું નિકાસકાર છે.

# અમેરિકી પ્રમુખ ટ્રમ્પે સાઉદી સામે મૂકી મોટી ન્યુક્લિયર શરત, ઈઝરાયેલ સાથે કરાર

(એજન્સી) વોશિંગ્ટન | તા. 24

મધ્યપૂર્વમાં ચાલી રહેલા રાજકીય સમીકરણો વચ્ચે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સાઉદી અરેબિયા સાથેની નાગરિક પરમાણુ ડીલ માટે એક મોટી અને કડક શરત મૂકી છે. ટ્રમ્પે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે સાઉદી અરેબિયાએ ઈઝરાયેલ સાથે સંબંધ સુધારવા માટે અબ્રાહમ એકોર્ડ્સમાં જોડાવું પડશે, તો જ આ મહત્ત્વનો પરમાણુ કરાર આગળ વધશે. આ સિવાય લાલ સમુદ્રમાં સાઉદી અરેબિયાના તેલ ટેન્કરો પર થયેલા હુમલા બાદ તેમણે હુથી વિદ્રોહીઓ અને ઈરાનને પણ ગંભીર પરિણામો ભોગવવાની ચેતવણી આપી છે.

સોશિયલ મીડિયા પર પોતાના નિવેદનમાં ટ્રમ્પે સ્પષ્ટતા કરી છે કે યુએસ ઊર્જા વિભાગ અને સાઉદી અરેબિયા વચ્ચે થઈ રહેલો સિવિલ ન્યુક્લિયર કરાર ફક્ત ગેર-સૈન્ય ઉપયોગ માટે જ મર્યાદિત રહેશે અને તેમાં યુરેનિયમ સંવર્ધનની કોઈ મંજૂરી આપવામાં આવશે નહીં. આ પરમાણુ સુવિધા સંયુક્ત આરબ અમીરાત અને ઈરાન પાસે રહેલી સુવિધાઓ જેવી જ રાખવામાં આવશે. બીજી બાજુ, લાલ સમુદ્રમાં તાજેતરમાં બે સાઉદી તેલ ટેન્કરો પર થયેલા હુમલાથી અમેરિકી પ્રમુખ ભારે નારાજ થયા છે અને આ મામલે કડક વલણ અપનાવ્યું છે.

મીડિયા અહેવાલ મુજબ, એક વર્ષ પહેલાં અમેરિકાએ કોમર્શિયલ જહાજો પરના હુમલાના જવાબમાં હુથીઓ સામે સખત સૈન્ય કાર્યવાહી કરી હતી. ટ્રમ્પે યાદ અપાવ્યું કે અગાઉ હુથીઓનું વલણ જવાબદારીપૂર્વકનું રહ્યું હતું, પરંતુ સાઉદી જહાજો પર હુમલો કરીને તેમણે ફરીથી ઉપદ્રવ શરૂ કર્યો છે. આ વિદ્રોહીઓ વાસ્તવમાં ઈરાનના જ પ્રતિનિધિ છે અને જો તેઓ ભવિષ્યમાં આવી હરકતો ચાલુ રાખશે, તો અમેરિકા તેના માટે સીધું ઈરાનને જવાબદાર ગણશે.

# રાતા સમુદ્ર સુધી યુદ્ધ પહોંચ્યું અને હૂતીએ ટેન્કર પર હુમલો કર્યો, યુએસના હુમલા, મધ્યપૂર્વમાં તણાવ

(એજન્સી) નવી દિલ્હી | તા. 24

મધ્યપૂર્વમાં ચાલી રહેલો સૈન્ય સંઘર્ષ હવે વધુ ને વધુ ભીષણ સ્વરૂપ ધારણ કરી રહ્યો છે. અમેરિકી સેના દ્વારા ઈરાન પર સતત બારમી રાત્રીએ પણ આક્રમક હુમલાઓ જારી રાખવામાં આવ્યા છે. આ તરફ યમનના ઈરાન સમર્થિત હૂતી વિદ્રોહીઓએ રાતા સમુદ્રમાં નાકાબંધી કરીને સાઉદી અરેબિયાના તટ પાસે રહેલા બે તેલ ટેન્કરો પર મિસાઈલ અને ડ્રોન હુમલા કરતા આ યુદ્ધ હવે રાતા સમુદ્ર સુધી પહોંચી ગયું છે.

અમેરિકી સેન્ટ્રલ કમાન્ડ દ્વારા જાહેર કરવામાં આવેલી વિગતો અનુસાર, આ હુમલાઓનો મુખ્ય હેતુ ઈરાનની લશ્કરી તાકાતને તોડવાનો અને હોર્મુઝ સમુદ્રધુની પર નિયંત્રણ મેળવવાનો છે. ઈરાનના સરકારી મીડિયાના અહેવાલ મુજબ, દેશના દક્ષિણ-પશ્ચિમમાં આવેલા રામગીર અને અરબાઝ શહેરો તેમજ બુશહર પ્રાંતના દરિયાકાંઠાના વિસ્તારો પર અમેરિકી મિસાઈલો



ત્રાટક્યા હતા. સુરક્ષા અધિકારીઓના જણાવ્યા અનુસાર આ હુમલાઓમાં બે લોકોના મોત થયા છે અને અનેક નાગરિકો ઘાયલ થયા છે.

તાજેતરમાં જ હૂતી જૂથ દ્વારા શિપિંગ કંપનીઓને ગંભીર ચેતવણી આપવામાં આવી હતી કે જો તેઓ સાઉદી અરેબિયાના બંદરોનો ઉપયોગ કરશે તો તેમના ટેન્કરો પર હુમલાનું જોખમ વધી જશે. આ ઘોષણા બાદ રાતા સમુદ્રમાં ટેન્કરો પર હુમલાની ઘટનાઓ બની છે, જેની જવાબદારી હૂતીઓએ સ્વીકારી છે. આ પરિસ્થિતિ સામે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સ્પષ્ટ કર્યું છે કે જો હૂતીઓ સાઉદી અરેબિયાના બંદરોની ઘેરાબંધી ચાલુ રાખશે, તો અમેરિકા તેનો કડક જવાબ આપશે.

આ બધાની વચ્ચે અમેરિકા દ્વારા સાઉદી અરેબિયા સાથે નાગરિક પરમાણુ સંધિ કરવામાં આવી છે, જેનાથી ઈરાન વધુ ભડક્યું છે. ઈરાનનો દાવો છે કે તેનો પરમાણુ કાર્યક્રમ શાંતિમય હેતુઓ માટે છે છતાં અમેરિકા તેના પર હુમલા કરી રહ્યું છે, જ્યારે સાઉદી અરબને પરમાણુ શક્તિ માટે સહાય આપવામાં આવી રહી છે. આ વિરોધાભાસી નીતિને કારણે મધ્યપૂર્વમાં આગામી દિવસોમાં યુદ્ધ વધુ વકરવાની પૂરી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

**છટણી** | કેલિફોર્નિયા ટેક ક્ષેત્ર સંકટ, કૃત્રિમ બુદ્ધિમત્તા રોજગાર અસર

# ટેક કંપનીઓમાં એઆઈ આધારિત છટણી

(એજન્સી) કેલિફોર્નિયા | તા. 24

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કે કૃત્રિમ બુદ્ધિમત્તાના અતિશય વધતા ઉપયોગને કારણે વિશ્વની ટોચની ટેક કંપનીઓમાં કર્મચારીઓની છટણીનો દોર વધુ તીવ્ર બન્યો છે, જેના ભાગરૂપે હવે એમેઝોન અને ઉબર જેવી દિગ્ગજ કંપનીઓએ મોટાપાયે કર્મચારીઓને ઘટાડવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ નિર્ણયોથી ટેક સેક્ટરમાં કામ કરતા યુવાનો અને વ્યાવસાયિકોમાં ભારે ચિંતાનું મોજું ફરી વળ્યું છે, કારણ કે ઓટોમેશન અને સ્માર્ટ ટેકનોલોજી માનવ શ્રમનું સ્થાન ઝડપથી લઈ રહી છે. એમેઝોને પોતાની આર્ટિફિશિયલ જનરલ ઈન્ટેલિજન્સ ટીમમાં ફરી એકવાર કર્મચારીઓની છટણી શરૂ કરી દીધી છે, જો કે પ્રભાવિત થયેલા લોકોનો ચોક્કસ આંકડો હજી જાહેર કરવામાં આવ્યો નથી. કંપનીનું એવું માનવું છે કે આ પગલું એઆઈ સંબંધિત પ્રોજેક્ટ્સને વધુ અસરકારક બનાવવા અને ગ્રાહકોને સીધી અસર કરતા પ્રોજેક્ટ્સ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે અનિવાર્ય બન્યું હતું. અગાઉ આ




વર્ષે જાન્યુઆરી મહિનામાં જ એમેઝોને આશરે ૧૬,૦૦૦ કર્મચારીઓને નોકરીમાંથી છૂટા કર્યા હતા, જેણે ઉદ્યોગ જગતમાં ખળભળાટ મચાવ્યો હતો.

કેલિફોર્નિયાથી પ્રાપ્ત વિગતો અનુસાર, માત્ર એમેઝોન જ નહીં પરંતુ કેબ એગ્રીગેટર કંપની ઉબરે પણ પોતાના કસ્ટમર સપોર્ટ વિભાગમાંથી આશરે ૧૦ ટકા કર્મચારીઓની છટણી કરવાની સત્તાવાર જાહેરાત કરી છે. ઉબરે ઈતિહાસમાં પહેલી વખત જાહેરમાં સ્વીકાર્યું છે કે ગ્રાહક સેવા ક્ષેત્રે એઆઈ અને ઓટોમેટેડ ટૂલ્સનો વ્યાપ વધવાને કારણે આ સખત નિર્ણય લેવો પડ્યો છે, જેનાથી મુખ્યત્વે કમ્યુનિટી ઓપરેશન્સ ટીમ સાથે જોડાયેલા કર્મચારીઓને સીધી અસર પહોંચી છે. માઈક્રોસોફ્ટ, મેટા અને ઓરેકલ જેવી અન્ય અગ્રણી કંપનીઓએ પણ આ જ કારણોસર હજારો કર્મચારીઓની વિદાય કરી છે.

### આગામી સમયની રૂપરેખા અને ભવિષ્યની શક્યતાઓ

નિષ્ણાતોના મતે આગામી સમયમાં ટેકનોલોજી ક્ષેત્રે પરંપરાગત નોકરીઓનું અસ્તિત્વ જોખમમાં મુકાઈ શકે છે કારણ કે કંપનીઓ માનવબળ પાછળનો ખર્ચ ઘટાડીને ઓટોમેશન તરફ આગળ વધી રહી છે. જો કર્મચારીઓએ ટકી રહેવું હશે તો તેમણે એઆઈ અને નવી તકનીકો સાથે સુસંગત બનવા માટે અપસ્કિલિંગ પર ભાર મૂકવો પડશે. વહીવટી સ્તરે પણ જો આ પ્રવાહ પર કાપ નહીં મૂકાય તો બેરોજગારીનો દર મોટો પડકાર બનીને ઉભરી શકે છે, જેનાથી સમગ્ર વૈશ્વિક શ્રમ બજારમાં મોટું પરિવર્તન જોવા મળશે.

# USએ હુથીઓ સામે યુદ્ધનું મોરચું ખોલ્યું, સાઉદી જહાજ પર હુમલો

(એજન્સી) વોશિંગ્ટન | તા. 24

મધ્યપૂર્વમાં યુદ્ધનો વ્યાપ સતત વધવાના એંધાણ વચ્ચે, યમનના ઈરાન સમર્થિત હુથી બળવાખોરો દ્વારા સાઉદી અરેબિયાના બે જહાજો પર હુમલો કરવામાં આવતા અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ લાલઘૂમ થઈ ગયા છે. અમેરિકાએ ઈરાન અને હુથીઓનો કસ કાઢવા માટે મધ્યપૂર્વમાં પાંચ હજારથી વધુ સૈનિકો, સ્પેશ્યલ ઓપરેશન ફોર્સીસ, કોમ્બેટ મેડિક્સ અને અત્યાધુનિક બોમ્બર વિમાનો હાઈ એલર્ટ પર મૂકી દીધા છે.

અમેરિકી નૌકાદળે હાલમાં મધ્યપૂર્વમાં પોતાની તાકાત વધારતા જેટલા યુદ્ધ જહાજો તહેનાત કર્યા છે, જેમાં બે કેરિયર સ્ટ્રાઈક ગૃપ્સ અને અગિયાર ડિસ્ટ્રોયર્સ સામેલ છે. અમેરિકા દ્વારા સતત બારમા દિવસે પણ ઈરાન પર હવાઈ હુમલા જારી રાખવામાં આવ્યા છે. બીજી બાજુ, ઈરાની સરકારી મીડિયાના અહેવાલ મુજબ દેશના દક્ષિણ-પશ્ચિમ વિસ્તારમાં આવેલા રામગીર, અરબાઝ અને બુશહર પ્રાંત પર અમેરિકી મિસાઈલ હુમલા થયા છે, જેમાં નાગરિકોને નુકસાન પહોંચ્યાના અહેવાલો સામે આવ્યા છે.

તાજેતરમાં હુથી બળવાખોરોએ એન્સેલિયા અને લયલા નામના બે જહાજોને નિશાન બનાવીને બાબ અલ મંડેબ જળમાર્ગને બંધ કરવાની ધમકી આપી હતી. આ ઉપરાંત શિપિંગ કંપનીઓને પણ ચેતવણી આપવામાં આવી હતી કે જો તેઓ સાઉદી બંદરોનો ઉપયોગ કરશે તો તેમના ટેન્કરો પર જોખમ વધી જશે. આ ઘટના બાદ ગુસ્સે ભરાયેલા પ્રમુખ ટ્રમ્પે સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે જો હુથીઓ દ્વારા હજુ એક પણ હુમલો કરવામાં આવશે તો તેમને સદંતર ખેદાનમેદાન કરી નાખવામાં આવશે.

# અલ્ટ્રાટેક સિમેન્ટ લિમિટેડ (વણાકબોરી) ના ક્ષમતા વિસ્તરણ પ્રોજેક્ટ અંગે જાહેર સુનાવણી યોજાઈ

**અશેષ વ્યાસ | ખેડા**

ખેડા જિલ્લાના સાંગોલ ખાતે આવેલ અલ્ટ્રાટેક સિમેન્ટ કંપની (યુનિટ: વણાકબોરી ) દ્વારા પોતાના વર્તમાન સિમેન્ટ ગ્રાઈન્ડિંગ યુનિટની ક્ષમતા 3.0 મિલિયન ટન પ્રતિ વર્ષ (MTPA) થી વધારીને 6.5 MTPA (નવી લાઈન-2) કરવાના વિસ્તરણ આયોજન સંદર્ભે જાહેર સુનાવણી (પબ્લિક હિયરીંગ) નું આયોજન કરવામાં આવ્યું હતું. આ જાહેર સુનાવણીમાં પ્રાંત અધિકારીશ્રી, મામલતદારશ્રી, તથા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) ના અધિકારીઓ પ્રત્યક્ષ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત આસપાસના ગામોના સ્થાનિક સરપંચો, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, નાગરિકો, ગ્રામજનો તથા અલ્ટ્રાટેક સિમેન્ટ કંપનીના ઉચ્ચ પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સ્થાનિકોની રજૂઆતો અને સૂચનો કરવામાં આવ્યા હતા જેમાં લોક સુનાવણી દરમિયાન ઉપસ્થિત સરપંચો, જનપ્રતિનિધિઓ અને ગ્રામજનોએ મુક્તપણે પોતાના સૂચનો તથા રજૂઆતો અધિકારીઓ સમક્ષ મૂકી હતી. જેમાં મુખ્યત્વે સ્થાનિક યુવાનોને રોજગારીમાં પ્રાધાન્ય આપવું, આસપાસના રસ્તા અને આરોગ્ય ની સુવિધા પુરી પાડવામાં આવે, અને કંપનીના સામાજિક ઉત્તરાદાયિત્વ



(CSR) હેઠળ શિક્ષણ તથા આરોગ્ય લક્ષી કાર્યો કરવા બાબતે ભાર મૂકાયો હતો. પ્રોજેક્ટ અને પર્યાવરણીય સુવિધાઓની ની માહિતી આપતા કંપની ના અધિકાર એ જણાવ્યું હતું કે કંપની દ્વારા રૂ. 450 કરોડના ખર્ચે આ વિસ્તરણ કરાશે, જે હાલના 28.093 હેક્ટર જમીન પરિસરમાં જ પૂર્ણ થશે (નવી જમીનની જરૂર નથી). શૂન્ય જળ પ્રદૂષણ (ZLD): પ્લાન્ટ સંપૂર્ણ ડ્રાય ટેકનોલોજી પર આધારિત હોવાથી બહાર કોઈ દૂષિત પાણી નિકાલ થશે નહીં. 80 KLD ક્ષમતાના STP પ્લાન્ટ દ્વારા શુદ્ધ પાણી ગ્રીનબેલ્ટમાં વપરાશે. ધૂળ નિયંત્રણ અને હરિયાળી: સિમેન્ટ મિલ અને પેકિંગ યુનિટમાં આધુનિક 'બેગ હાઉસ/બેગ ફિલ્ટર્સ' સ્થાપવામાં આવશે. પ્લાન્ટમાં પહેલેથી જ 25000 થી વધુ વૃક્ષો વાવેલા છે (33 % ગ્રીનબેલ્ટ). પર્યાવરણ બજેટમાં પર્યાવરણ સંભાળ (EMP) માટે રૂ.36 કરોડ મૂડી ખર્ચ તથા વાર્ષિક રૂ. 1.5 કરોડ અને વન્યજીવ સંરક્ષણ માટે રૂ. 120 લાખની યોજના બનાવાઈ છે. પ્રાંત અધિકારીશ્રી અને GPCB ના અધિકારીઓએ ગ્રામજનોના તમામ પ્રશ્નો અને રજૂઆતોની નોંધ લીધી હતી તથા નિયમોનુસાર યોગ્ય કાર્યવાહી અને પર્યાવરણીય કાળજી લેવાની ખાતરી સાથે લોક સુનાવણી શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી.

## સીજેપી આંદોલનમાં વિદેશી ભંડોળ સામેલ, એનઆઈએ તપાસની માગ



નવી દિલ્હી : દિલ્હીના જંતર-મંતર પર કોકરોચ જનતા પાર્ટી (સીજેપી)ના દેખાવો ચાલુ છે ત્યારે આ આંદોલન પર વિદેશી ભંડોળના આક્ષેપ થઈ રહ્યા છે. આ આંદોલનને મળી રહેલા ભંડોળની એનઆઈએ પાસે તપાસ કરાવવાની માગણી કરતી એક જાહેર હિતની અરજી દિલ્હી હાઈકોર્ટમાં કરવામાં આવી છે. હાઈકોર્ટ અરજીની સુનાવણી માટે તૈયાર થઈ ગઈ છે. વધુમાં ૨૦ દિવસથી શાંતિપૂર્ણ ચાલતા ધરણાં અંતિમ તબક્કામાં હિંસક થઈ જવા અંગે સુરક્ષા એજન્સીઓની આંતરિક તપાસમાં અનેક ચોંકાવનારા ખુલાસા થયા છે. દિલ્હી હાઈકોર્ટમાં થયેલી જાહેર હિતની અરજીમાં ૨૦ જુલાઈએ થયેલી સંસદ માર્ચ અને સીજેપી દેખાવોની એનઆઈએની તપાસ કરાવવા માગ કરાઈ છે. હાઈકોર્ટ શુક્રવારે આ પીઆઈએલની સુનાવણી માટે તૈયાર થઈ ગઈ છે. અરજીમાં દાવો કરાયો છે કે આ દેખાવો સુનિયોજિત કાવતરું હતા, જેમાં વિદેશી ભંડોળથી સંકળાયેલા લોકોની ભૂમિકા હતી. આ દેખાવોથી દિલ્હીવાસીઓને બંધક જેવી સ્થિતિમાં નાંખી દેવાયા છે.સતીશ કુમાર અગ્રવાલ તરફથી વકીલ બરુણ સિંહાની અરજી પર દિલ્હી હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ ડીકે ઉપાધ્યાય અને ન્યાયાધીશ તેજસ કરિયાની ડબલ બેન્ચ શુક્રવારે સુનાવણી કરશે. અરજીમાં કહેવાયું છે કે કથિત વિદ્યાર્થી આંદોલને સમગ્ર દિલ્હીને બંધક બનાવી દીધી છે.બીજીબાજુ દિલ્હીના જંતર-મંતર પર સોનમ વાંગચુકના નેતૃત્વમાં સીજેપી અને વિદ્યાર્થીઓ ૨૦ દિવસથી ધરણા પર બેઠા હતા. જોકે, આ ધરણાં અંતિમ તબક્કામાં સોમવારે સંસદ માર્ચ સમયે હિંસક બની ગયા હતા. આ અંગે સુરક્ષા એજન્સીઓની આંતરિક તપાસમાં ચોંકાવનારા ખુલાસા થયા છે.એજન્સીઓના રિપોર્ટ મુજબ ૨૦ દિવસથી ચાલતા શાંતિપૂર્ણ ધરણા અને દેખાવોને સોમવારે બાહ્ય તત્વોએ હાઈજેક કરી લીધા. તેને ઈન્ટેલિજન્સ ફેલ્યોર અને સુરક્ષામાં મોટી ચૂક માનવામાં આવે છે. સોમવારે સંસદ માર્ચ શરૂ થતા પહેલાના ૪૮થી ૭૨ કલાકમાં સંગઠિત જૂથોએ આ દેખાવોમાં ઘૂસણખોરી કરી હતી.સૂત્રો મુજબ સંસદ માર્ચમાં ૭૦૦૦થી ૮૦૦૦ દેખાવકારો એકત્ર થશે તેવું સુરક્ષા એજન્સીઓનું અનુમાન હતું.

**News Brief**

### સંસદમાં નીટ વિવાદને લઈને હોબાળો, સરકારે ચર્ચા માટે તૈયારી દર્શાવી

નવી દિલ્હી: લોકસભામાં શુક્રવારે પણ નીટ પરીક્ષાના વિવાદને લઈને ભારે હોબાળો જારી રહ્યો હતો અને વિપક્ષી સભ્યો વેલ સુધી ધસી આવ્યા હતા. પીઠાધીશ દ્વારા વારંવારની અપીલો છતાં હોબાળો ન અટકતા કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ સ્પષ્ટ કર્યું હતું કે સરકાર આ મુદ્દે ચર્ચા કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે અને અત્યારે ચર્ચા ન કરવાથી દેશમાં સારો સંદેશ જશે નહીં. ભારે હોબાળા વચ્ચે આખરે લોકસભાની કાર્યવાહી આગામી સોમવારની સવાર સુધી સ્થગિત કરવામાં આવી હતી.સદસ્યોને સંબોધતા કિરેન રિજિજુએ જણાવ્યું હતું કે તમામ પક્ષોની એવી ઈચ્છા છે કે નીટના મુદ્દે ચર્ચા થવી જોઈએ અને વડાપ્રધાને પણ દેશને આશ્વાસન આપ્યું છે. તેમણે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીને અપીલ કરતા કહ્યું હતું કે સાસંદોને સમજાવવું જોઈએ કે સત્રના પાંચમા દિવસે આ મહત્વપૂર્ણ વિષય પર સારી ચર્ચા થવી જરૂરી છે અને કોઈ શરતો ન મૂકવી જોઈએ. વિપક્ષ તરફથી કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની શરત મૂકવામાં આવી રહી છે, જેના કારણે ચર્ચામાં અવરોધ ઊભો થઈ રહ્યો છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે એક વીડિયો સંદેશના માધ્યમથી જાહેરાત કરી હતી કે પેપર લીક જેવી ગંભીર બાબતો સામે વધુ કડક પગલાં લેવામાં આવશે અને ફાસ્ટ-ટ્રેક કોર્ટની રચના કરવામાં આવશે. આજની કેબિનેટ બેઠકમાં આ અંગેના કડક કાયદાના ડ્રાફ્ટ અને પ્રસ્તાવ પર અંતિમ નિર્ણય લેવામાં આવશે. સરકારનું માનવું છે કે પરીક્ષા પ્રણાલીને પારદર્શક બનાવવા માટે કડક કાયદાકીય જોગવાઈઓ અનિવાર્ય છે.

## ડાંગ જિલ્લા પંચાયતની વિવિધ સ્થાયી સમિતિઓની સર્વાનુમતે રચના કરવામાં આવી.

ડાંગ | ડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખ રાજેશભાઈ ગામીતનાં અધ્યક્ષસ્થાને આજે જિલ્લા પંચાયતના સભાખંડ ખાતે વિવિધ સ્થાયી સમિતિઓની સર્વાનુમતે રચના કરવામાં આવી હતી.આ બેઠકમાં ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી, નાયબ જિલ્લા વિકાસ અધિકારી તેમજ જિલ્લા પંચાયતના તમામ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત નાયબ મુખ્ય દંડક અને ડાંગના ધારાસભ્ય વિજયભાઈ પટેલ,તથા જિલ્લા પંચાયતનાં ઉપપ્રમુખ ઉષાબેન ધર્મેશભાઈ પટેલ પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.આ બેઠક દરમિયાન જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓનાં સભ્યોની નીચે મુજબ સર્વાનુમતે રચના કરવામાં આવી હતી.(1) કારોબારી સમિતિમાં યોગીતાબેન વિજયભાઈ પવાર,સુંદરબેન શૈલેષભાઈ ચૌધરી,ચન્દ્રકલાબેન નગીનભાઈ ગાવીત,જિતેન્દ્રભાઈ દામુભાઈ પવાર



(2)સામાજિક ન્યાય સમિતિમાં સુંદરબેન શૈલેષભાઈ ચૌધરી,ઉષાબેન ધર્મેશભાઈ પટેલ,જિતેન્દ્રભાઈ દામુભાઈ પવાર,સ્નેહલકુમાર રામુભાઈ ઠાકરે,શ્રદ્ધાબેન તુષારભાઈ ખરે (3)શિક્ષણ સમિતિમાં શંકરભાઈ જીવરામભાઈ પવાર, યોગીતાબેન વિજયભાઈ પવાર,મનાભાઈ ગબદુભાઈ સૂર્યવંશી,દિનેશભાઈ રમેશભાઈ હિલીમ,શ્રદ્ધાબેન તુષારભાઈ ખરે (4)જાહેર આરોગ્ય સમિતિમાં દિનેશભાઈ રમેશભાઈ હિલીમ,કમળાબેન હિરાભાઈ રાઉત, સુંદરબેન શૈલેષભાઈ ચૌધરી,આશાબેન બિપિનભાઈ ગામીત (5)જાહેર બાંધકામ સમિતિમાં ચન્દ્રકલાબેન નગીનભાઈ ગાવિત,શ્રદ્ધાબેન તુષારભાઈ ખરે,ગીતાબેન રાજુભાઈ બાગુલ,શંકરભાઈ જીવરામભાઈ પવાર,રાજેશભાઈ મનસુખભાઈ ગામીત (6) ઉત્પાદન, સહકાર અને સિંચાઈ સમિતિમાં જિતેન્દ્રભાઈ દામુભાઈ પવાર, કમળાબેન હીરાભાઈ રાઉત,ઉષાબેન ધર્મેશભાઈ પટેલ,મનાભાઈ ગબદુભાઈ સૂર્યવંશી (7)મહિલા અને બાળ વિકાસ સમિતિમાં કમળાબેન હિરાભાઈ રાઉત,યોગીતાબેન વિજયભાઈ પવાર,ઉષાબેન ધર્મેશભાઈ પટેલ,વિમલબેન રમેશભાઈ ભોયે (8)અપીલ સમિતિમાં રાજેશભાઈ મનસુખભાઈ ગામીત, ગીતાબેન રાજુભાઈ બાગુલ, મંગળભાઈ ગંગાજીભાઈ ગાવિત,મનાભાઈ ગબદુભાઈ સૂર્યવંશીનાઓને સમિતિ ઓમાં સમાવેશ કરી રચના કરવામાં આવી હતી.ડાંગ જિલ્લા પંચાયતની આ વિવિધ સમિતિઓની રચના સર્વાનુમતે કરવામાં આવતા આવનાર દિવસોમાં વિકાસલક્ષી કાર્યોને વધુ ગતિ મળશે તેમજ વિવિધ વિભાગોની કામગીરી વધુ અસરકારક અને સુવ્યવસ્થિત રીતે આગળ વધશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.આ બેઠકનું આયોજન સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયુ હતુ..

### અખિલેશ યાદવનું ભાજપ પર આક્રમક નિવેદન, દેશની તમામ સમસ્યાઓનું મૂળ ભાજપ હોવાનો આક્ષેપ

લખનૌ: સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવે શુક્રવારે ભારતીય જનતા પાર્ટી પર આકરા પ્રહારો કરતા દેશ સામેની તમામ વર્તમાન સમસ્યાઓનું મૂળ શાસક પક્ષ હોવાનું જણાવ્યું છે. સોશિયલ મીડિયા પર એક કટાક્ષત્મક કવિતાત્મક શૈલીમાં તેમણે સરકારની નીતિઓની ટીકા કરતા લખ્યું હતું કે જ્યારે રોગ મૂળમાં જ હોય ત્યારે માત્ર ફળની સારવારથી કોઈ ફરક પડતો નથી. દેશની દરેક સમસ્યાનું માત્ર એક જ મૂળ છે અને તે બીજેપી છે. તેમણે 'નો ફાસ્ટ ટ્રેક; બીજેપી ગો બેક!' નારો આપીને સરકારને સત્તા પરથી હટાવવાની માંગ પણ કરી હતી.

આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે દેશભરમાં રાષ્ટ્રીય સ્તરની પરીક્ષા પ્રણાલીમાં કથિત અનિયમિતતાઓને લઈને મોટા પાયે દેખાવો થઈ રહ્યા છે. પ્રદર્શનકારીઓ દ્વારા કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ કરવામાં આવી રહી છે. મધ્યપ્રદેશના ભોપાલમાં પણ વિદ્યાર્થીઓ અને યુવા સંસ્થાઓએ દિલ્હીના જંતર મંતર પર પ્રદર્શનકારીઓ પર થયેલી પોલીસ કાર્યવાહી સામે વિરોધ નોંધાવ્યો હતો અને બેરોજગારી તથા નર્સિંગ કોલેજની અનિયમિતતાઓ સામે અવાજ ઉઠાવ્યો હતો.

આ આંદોલનમાં રાજ્યના વીસ જેટલા જિલ્લાઓમાંથી વિદ્યાર્થીઓ જોડાયા હતા. હિમાચલ પ્રદેશના શિમલામાં સીટુ દ્વારા નીટ પેપર લીક મુદ્દે કેન્દ્ર સરકાર વિરુદ્ધ દેખાવો કરવામાં આવ્યા હતા અને શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગ દોહરાવવામાં આવી હતી. આ ઉપરાંત કર્ણાટક, મહારાષ્ટ્ર અને બિહાર જેવા રાજ્યોમાં પણ નીટની અનિયમિતતાઓને લઈને વિરોધ પ્રદર્શનો યથાવત રહ્યા છે. વિદ્યાર્થીઓની આ વધતી જતી અસંતોષની જ્વાળાને કારણે રાજકીય માહોલ વધુ ગરમાયો છે અને વિરોધ પક્ષો સરકારને ઘેરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

## ડાંગ, આહવા-સાપુતારા ઘાટમાં એક્સપાયર થયેલા ખાદ્યપદાર્થોનો જથ્થો ફેંકાયો, આરોગ્ય અને પર્યાવરણ સામે ગંભીર સવાલો



ડાંગ જિલ્લાના આહવા-સાપુતારા ઘાટ માર્ગ પર તેમજ નદીના કાંઠે કથિત રીતે એક્સપાયર થયેલા કેક, ચોકલેટ, મીઠી સોપારી, તંબાકુ અને સાબુ સહિતની સામગ્રી મોટા પ્રમાણમાં ફેંકી દેવામાં આવી હોવાની ઘટના સામે આવી છે. ઘટનાને પગલે સ્થાનિકોમાં રોષની લાગણી જોવા મળી રહી છે.આ સામગ્રી કોઈ વેપારી કે દુકાનદાર દ્વારા ગેરકાયદેસર રીતે નિકાલ કરવામાં આવી હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. જો આ સામગ્રી વેચાણ માટે રાખવામાં આવી હોય અથવા યોગ્ય રીતે નિકાલ કરવામાં આવી ન હોય, તો તે ગ્રાહકોના આરોગ્ય તેમજ પર્યાવરણ માટે ગંભીર જોખમ ઊભું કરી શકે છે.

આ ઘટનાને પગલે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ અને સંબંધિત તંત્ર સામે પણ અનેક સવાલો ઊભા થયા છે. સ્થાનિકોની માંગ છે કે સમગ્ર મામલે તાત્કાલિક તપાસ હાથ ધરી જવાબદાર વ્યક્તિઓને શોધી તેમની સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે.ઘટનાને પગલે સ્થાનિકોમાં રોષની લાગણી જોવા મળી રહી છે.આ સામગ્રી કોઈ વેપારી કે દુકાનદાર દ્વારા ગેરકાયદેસર રીતે નિકાલ કરવામાં આવી હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. જો આ સામગ્રી વેચાણ માટે રાખવામાં આવી હોય અથવા યોગ્ય રીતે નિકાલ કરવામાં આવી ન હોય, તો તે ગ્રાહકોના આરોગ્ય તેમજ પર્યાવરણ માટે ગંભીર જોખમ ઊભું કરી શકે છે.સાથે જ જિલ્લાના તમામ કરિયાણા, બેકરી અને ખાદ્યપદાર્થોના વેપારીઓની દુકાનોમાં વિશેષ ચેકિંગ અભિયાન ચલાવી એક્સપાયરી થયેલી સામગ્રીનું વેચાણ થતું અટકાવવામાં આવે તેમજ નિયમોનું ઉલ્લંઘન કરનાર સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

## ગ્રાહક-મૈત્રીપૂર્ણ પહેલ સાથે ઉત્તરપૂર્વ સરહદી રેલ્વે માલસામાનની સેવાઓને વેગ આપે છે

માલીગાંવ : ઉત્તરપૂર્વ સરહદી રેલ્વેએ તેના નેટવર્કમાં માલસામાનની આવક વધારવા અને માલસામાનની સેવાઓ સુધારવા માટે અનેક ગ્રાહક-કેન્દ્રિત પહેલ શરૂ કરી છે. આ પગલાંનો હેતુ ગ્રાહકો માટે કાર્ગો હિલચાલને ઝડપી, વધુ કાર્યક્ષમ અને અનુકૂળ બનાવવાનો છે.પાર્સલ હેન્ડલિંગ સુવિધાઓનો વિસ્તાર કરવા, આવનારા અને જતા બંને લીઝ્ડ પાર્સલનું બુકિંગ અને હેન્ડલિંગ, 10 જૂન, 2026 થી લુમડિંગ ડિવિઝન હેઠળના નારંગી સ્ટેશન પર SLR અને પાર્સલ વાનમાં પાર્સલ જગ્યાનું એડવાન્સ બુકિંગ અને ઈન્ડેન્ટેડ પાર્સલ ટ્રાફિક શરૂ કરવામાં આવ્યો છે. માલસામાનની સુવ્યવસ્થિતતા તરફના બીજા પગલામાં, કટિહાર ડિવિઝન હેઠળના બાલુરઘાટ-હિલી સેક્શન પર નવા બનેલા બ્રોડ-ગેજ સ્ટેશનો માટે આંતર-અંતર શુલ્ક 23 જૂન, 2026 થી મંજૂર કરવામાં આવ્યા છે, જેથી માલસામાનની સરળ હિલચાલ સુનિશ્ચિત થાય.NFR એ તેના વિભાગોમાં ઉત્તમ માલસામાન લોડિંગ પણ રેકોર્ડ કર્યું. અલીપુરદ્વાર ડિવિઝનમાં છ રેક



(252 વેગન) મકાઈ લોડ કરવામાં આવી હતી, જેનાથી 4.22 કરોડની માલસામાનની આવક થઈ હતી. કટિહાર ડિવિઝનમાં 39 રેક મકાઈ લોડ કરવામાં આવી હતી, જેનાથી 23.53 કરોડની આવક થઈ હતી.લુમડિંગ ડિવિઝનમાં પણ 1,712 વેગન સ્ટોન ચિપ્સ બુક કરીને મજબૂત પ્રદર્શન નોંધાયું હતું, જેનાથી 6.97 કરોડની આવક થઈ હતી. વધુમાં, 2,420 વેગન સિમેન્ટ લોડ કરવામાં આવ્યું હતું, જેનાથી 9.89 કરોડની આવક થઈ હતી, જ્યારે પેટ્રોલિયમ, તેલ અને લુબ્રિકન્ટ્સના 444 વેગનથી 4.08 કરોડની આવક થઈ હતી.આ પહેલો ઉત્તરપૂર્વ સરહદી રેલ્વેના નૂર સુવિધાઓનો વિસ્તાર કરવા, લોજિસ્ટિક્સ માળખાને મજબૂત બનાવવા અને કાર્યક્ષમ કાર્ગો હિલચાલ સુનિશ્ચિત કરીને ગ્રાહક અનુભવ સુધારવાના સતત પ્રયાસોને પ્રતિબિંબિત કરે છે. વ્યવસાયો માટે વધુ રેલ પરિવહન તકો ઊભી કરીને, NFR સમગ્ર પ્રદેશમાં પ્રાદેશિક વેપાર, આર્થિક વિકાસ અને વિશ્વસનીય નૂર પરિવહન સેવાઓને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છે.

## કર્ણાટકના CM ડી.કે. શિવકુમારની મોદી પર ટિપ્પણી

બંગલુરુ: કર્ણાટકના મુખ્યમંત્રી ડી.કે. શિવકુમારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પેપર લીક કેસો માટે ફાસ્ટ-ટ્રેક કોર્ટની સ્થાપના અંગેના વિડિઓ સંદેશ બાદ કટાક્ષ કરતા જણાવ્યું હતું કે પંદર દિવસ કે એક મહિનો મોડા પડ્યા પછી પણ તેઓ બોલ્યા છે તે સારી બાબત છે. કોર્પોરેટ અગ્રણીઓ સાથેની નાસ્તાની બેઠક દરમિયાન તેમણે કહ્યું હતું કે આપણે સૌ આપણા બાળકો અને યુવાનોના ભવિષ્ય માટે કામ કરી રહ્યા છીએ અને આ બાબત દેશ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે સરકાર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને આધુનિક તકનીકી શિક્ષણને રાજ્યના ગ્રામીણ બાળકો સુધી પહોંચાડવા માટે ઉત્સુક છે. તેમણે ઉદ્યોગના અગ્રણીઓને ગ્રામીણ વિસ્તારો કે નાના શહેરોમાં રોકાણ કરવા આહ્વાન કર્યું હતું અને આગામી બેંગલુરુ ટેક સમિટમાં ભાગ લેવા અનુરોધ કર્યો હતો. કર્ણાટકના નેતાઓ અને પ્રતિભાશાળી લોકો દ્વારા નિર્મિત નામનાને જાળવી રાખીને સૌએ સાથે મળીને કામ કરવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો છે.આંતરરાજ્ય પાણીની વહેંચણી અંગેના પ્રશ્નના જવાબમાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે હાલમાં મંત્રીમંડળના વિસ્તાર જેવી પ્રાથમિક કામગીરી પૂર્ણ થયા બાદ જ આ અંગે formal ચર્ચાઓ શરૂ કરવામાં આવશે. બીજી તરફ, રાજ્યના મંડિયા ખાતે નીટની અનિયમિતતાઓને લઈને વિરોધ પ્રદર્શનો તેજ બન્યા છે. દલિત સંઘર્ષ સમિતિ અને અન્ય પ્રગતિશીલ સંસ્થાઓ દ્વારા કેન્દ્ર સરકાર વિરોધી સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા અને કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ સાથે પૂતળાદહન પણ કરવામાં આવ્યું હતું.

## કોર્ટની કાર્યવાહીના વીડિયો એડિટ કે શેર કરવા પર પ્રતિબંધ, સુપ્રીમ કોર્ટનો આદેશ

**(એજન્સી) નવી દિલ્હી | તા.24**

સુપ્રીમ કોર્ટે કોર્ટ કાર્યવાહીના ઑડિયો-વીડિયો રેકોર્ડિંગના દુરુપયોગ રોકવા મહત્ત્વનો આદેશ કર્યો છે. હવે સુપ્રીમ કે હાઈકોર્ટની કાર્યવાહી સંબંધિત અધિકારીની પૂર્વમંજૂરી વિના સોશિયલ મીડિયા પર પોસ્ટ કે અપલોડ કરી શકાશે નહીં. ચીફ જસ્ટિસ સૂર્ય કાંતની બેન્ચે ન્યાયિક પ્રક્રિયાની પવિત્રતા જાળવવા આ વચગાળાનો આદેશ આપ્યો છે. આ મામલે કેન્દ્ર સરકારને નોટિસ પાઠવી જવાબ મંગાયો છે. સુપ્રીમ કોર્ટે કોર્ટની કાર્યવાહીની ઑડિયો-વીડિયો રેકોર્ડિંગના ગેરઉપયોગને રોકવા મહત્ત્વપૂર્ણ વચગાળાનો આદેશ આપ્યો છે. હવે સુપ્રીમ કોર્ટ અથવા હાઈકોર્ટની ન્યાયિક કાર્યવાહીની રેકોર્ડિંગને સંબંધિત સત્તાધિકારીની પૂર્વમંજૂરી વગર સોશિયલ મીડિયા અથવા અન્ય ડિજિટલ પ્લૅટફૉર્મ પર પોસ્ટ, રી-પોસ્ટ કે અપલોડ કરી શકાશે નહીં. ચીફ જસ્ટિસ સૂર્ય કાંત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વી. મોહનાની બેન્ચે આદેશ આપતાં કહ્યું કે, 'સુપ્રીમ કોર્ટના મહાસચિવ અથવા સંબંધિત હાઈકોર્ટના રજિસ્ટ્રાર જનરલની મંજૂરી વિના કોર્ટની કાર્યવાહીનું રેકોર્ડિંગ કાઢવું, તેમાં ફેરફાર કરવો, વાઈરલ કરવું અથવા કોઈ પણ ડિજિટલ પ્લૅટફૉર્મ પર શેર કરવું પ્રતિબંધિત રહેશે.' આ મામલો કોર્ટની લાઈવસ્ટ્રીમિંગ અને કાર્યવાહીના વીડિયોના સોશિયલ મીડિયા પર થઈ રહેલા ગેરઉપયોગને લગતી અરજી બાદ સામે આવ્યો હતો. સુપ્રીમ કોર્ટે આ અરજી પર કેન્દ્ર સરકાર અને અન્ય સંબંધિત પક્ષોને નોટિસ પાઠવી જવાબ પણ માગ્યો છે. સુનાવણી દરમિયાન અરજદાર તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ વિકાસ સિંહે દલીલ કરી હતી કે કોર્ટની કાર્યવાહીના વીડિયો સોશિયલ મીડિયા પર સંદર્ભ બહાર વાઈરલ થઈ રહ્યા છે, જેના કારણે ન્યાયતંત્રની પ્રક્રિયાની ખોટી રજૂઆત થવાની શક્યતા રહે છે. બીજી તરફ, સૉલિસિટર જનરલ તુષાર મહેતાએ પણ આ ચિંતાને સમર્થન આપતાં જણાવ્યું કે કોર્ટની કાર્યવાહીના ડિજિટલ ઉપયોગ માટે સ્પષ્ટ નિયમો બનાવવાની જરૂર છે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું કે આ વચગાળાનો આદેશ ન્યાયિક પ્રક્રિયાની પવિત્રતા જાળવવા અને કોર્ટની કાર્યવાહીના વીડિયો તથા ઑડિયોના ભ્રામક, સંપાદિત અથવા ગેરમાર્ગે દોરતા ઉપયોગને અટકાવવા માટે આપવામાં આવ્યો છે. હવે આ મામલે કેન્દ્ર સરકાર અને અન્ય પક્ષોના જવાબ બાદ આગળની સુનાવણી હાથ ધરાશે.

## સોનમ વાંગચુકનાં પત્નીએ રાહુલ ગાંધીની ટીકા કરી

નવી દિલ્હી : નીટ પેપર લીક મુદ્દે, સોનમ વાંગચુકનાં પત્ની ગીતાંજલી આંગ્મોએ રાહુલ ગાંધીની ઝાટકણી કાઢી છે. તેમણે કહ્યું કે, વડાપ્રધાન આવાસ બહાર ધરણાં યોગ્ય નહોતા, જંતર-મંતર પર વિદ્યાર્થીઓ સાથે બેસવું જોઈતું હતું. ગીતાંજલીએ ભારપૂર્વક જણાવ્યું કે, વિદ્યાર્થીઓને વિલન તરીકે ચિતરવા ન જોઈએ અને તેમના શાંતિપૂર્ણ આંદોલનને હિંસા સાથે જોડવું ખોટું છે. તેમણે પ્રમાણિકતાથી મુદ્દાને ઉકેલવા આહ્વાન કર્યું. નીટ પેપર લીક મુદ્દે શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામુ માગતા આમરણ ઉપવાસ પર ઉતરેલા સોનમ વાંગચુકનાં પત્ની ગીતાંજલી આંગ્મોએ ગુરુવારે લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીની આકરી ઝાટકણી કાઢી હતી.



તેમણે કહ્યું, વડાપ્રધાન આવાસની બહાર ધરણાં કરવા યોગ્ય નહોતું. હકીકતમાં રાહુલ ગાંધીએ જંતર-મંતર પર વિદ્યાર્થીઓ સાથે આવીને બેસવાની જરૂર હતી. ગીતાંજલી વાંગચુકે કહ્યું કે, અમે ભારતના ઉજ્જવળ ભવિષ્યની ચિંતા કરતા હોય તેવા દરેક પક્ષ અને વ્યક્તિની સાથે છીએ. વડાપ્રધાન આવાસની બહાર થયેલા ધરણાં-પ્રદર્શનની વાત છે ત્યાં સુધી બધાએ એક બાબતની નોંધ લીધી કે તેમાં પ્રમાણિક્તા નહોતી. તેઓ નીટ પેપર લીક મુદ્દે પ્રમાણિક હોત તો જંતર-મંતર પર વિદ્યાર્થીઓ સાથે ઊભા રહ્યા હોત. તમે લોકોને મુરખ બનાવી શકો નહીં. આજનું ભારત જાગી ગયું છે. તેમણે આ મુદ્દે પ્રમાણિક્તા સાથે આગળ આવવું જોઈએ.

તેમણે ઉમેર્યું હતું કે, આપણા વિદ્યાર્થીઓને વિલન તરીકે દર્શાવવામાં આવી રહ્યા છે તે જોઈને ઘણી પીડા થાય છે. તેમની ચિંતાઓ સાંભળવાના બદલે તેમના ઈરાદાઓ સામે શા માટે સવાલ ઉઠાવવામાં આવી રહ્યા છે. તેમણે જંતર-મંતર પર વિદ્યાર્થીઓના દેખાવોને દિલ્હીમાં થયેલી હિંસાઓ સાથે નહીં જોડવા અપીલ કરી હતી. તેમણે કહ્યું કે, આ આંદોલન હજુ પણ શાંતિપૂર્ણ છે. એક એજ્યુકેટર તરીકે મીડિયામાં આપણા વિદ્યાર્થીઓની છબી ખરડવામાં આવી રહી છે તે જોઈને ખૂબ દુ:ખ થાય છે. આપણા બાળકો સુરક્ષિત ભવિષ્ય માટેના હકદાર છે.

VASTU HOUSING FINANCE
**વાસ્તુ હાઉસિંગ ફાઈનાન્સ કોર્પોરેશન લિમિટેડ**
યુનિટ 203 અને 204, બીજો માળ, "એ" વિંગ, નવભારત એસ્ટેટ, ઝકરિયા બંદર રોડ, સેવરી (વેસ્ટ), મુંબઈ 400015. મહારાષ્ટ્ર.
CIN નંબર: U65922MH2005PLC272501

**કબજાની સૂચના**

જ્યારે, નીચે સહી કરનાર, નાણાકીય સંપત્તિના સિક્યોરિટાઈઝેશન અને રિકન્સ્ટ્રક્શન અને સુરક્ષા હિતના અમલીકરણ અધિનિયમ, 2002 હેઠળ વાસ્તુ હાઉસિંગ ફાઈનાન્સ કોર્પોરેશન લિમિટેડના અધિકૃત અધિકારી તરીકે અને સિક્યોરિટી હિત (અમલીકરણ) નિયમો 2002 ના નિયમ 3 સાથે વાંચવામાં આવતી કલમ 13 (12) હેઠળ તેમને મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને, નીચે ઉલ્લેખિત દેવાદારોને ઉપરોક્ત નોટિસ પ્રાપ્ત થયાની તારીખથી 60 દિવસની અંદર સંબંધિત નોટિસમાં ઉલ્લેખિત રકમ ચૂકવવા માટે એક માંગ નોટિસ જારી કરી. લોન લેનારાઓએ રકમ ચૂકવવામાં નિષ્ફળ જતા, નીચે ઉલ્લેખિત તારીખે ઉપરોક્ત કાયદાની કલમ 13 (4) સાથે વાંચવામાં આવતી નિયમ 8 હેઠળ મને આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને નીચે વર્ણવેલ મિલકતનો કબજો લીધો છે. ખાસ કરીને ઉધાર લેનાર અને ગેરંટી આપનાર અને સામાન્ય રીતે જાહેર જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓ મિલકત સાથે વ્યવહાર ન કરે અને મિલકત સાથેના કોઈપણ વ્યવહાર પર નીચે મુજબની રકમ અને તેના પરના વ્યાજ, ખર્ચ વગેરે માટે વાસ્તુ હાઉસિંગ ફાઈનાન્સ કોર્પોરેશન લિમિટેડ શાખાના ચાર્જ રહેશે.

| એસ. એન | ઉધાર લેનાર, સહ-ઉધાર લેનારનું નામ અને LAN નં. | ડિમાન્ડ નોટિસની તારીખ અને રકમ | મિલકતનું વર્ણન | તારીખ અને કબજાનો પ્રકાર |
|---|---|---|---|---|
| 1 | મહેશકુમાર આર અમરેલીયા (ઉધાર લેનાર) સંગીતાબેન મહેશભાઈ અમરેલીયા (સહ-ઉધાર લેનાર) HL0000000209973 | ૧૬/૦૩/૨૦૨૬ ૧૪/૦૩/૨૦૨૬ ના રોજ રૂ. ૩૫૨૬૫૫૫/- | ધોરાજી, આર.એસ. નં. ૪૯૫ પાયકી અને ૪૮૦/૧ પાયકી, સી.એસ. વોર્ડ શીટ નં. ૧૨૬, સી.એસ. નં. ૨૦૬૦ પાયકી ઉત્તર બાજુ, પ્લોટ નં. ૧૬/૧૯ પાયકી (બી) પાયકી ઉત્તર બાજુ, શ્રી કલ્યાણ કંપની ઓપ. હાઉસિંગ સોસાયટી લિમિટેડ, ધોરાજી, રાજકોટ, ગુજરાત, ૩૬૦૪૧૦, (૯૦-૫૩ ચોરસ મીટર જમીન) ખાતે આવેલી સ્થાવર મિલકતના તે બધા ટુકડાઓ અને પાર્સલનું વર્ણન પ્લોટ નં. ૧૬/૧૯ ૫ (બી) ની ઉત્તર બાજુ 'શ્રી કલ્યાણ કંપની ઓપ. હાઉસિંગ સોસાયટી લિમિટેડ' તરીકે ઓળખાતા વિસ્તારમાં ૯૦-૫૩ ચોરસ મીટર જમીન ધરાવતા રહેણાંક મકાન. ગુજરાત રાજ્યના રાજકોટ પેટા જિલ્લા ધોરાજી રેવન્યુ સર્વે નં. ૪૯૫૫/૪૮૦/૧૫, સિટી સર્વે શીટ નં. ૧૨૬, સિટી સર્વે નં. ૨૦૬૦૫ (ઉત્તર બાજુ) ની સીમાઓ નીચે મુજબ છે: સરવે નં. ૨૦૫૯ ના પ્લોટ નં. ૧૬/એ પર ઉત્તર-મિલકત, દક્ષિણ - આ સર્વે નંબર પર અન્યની મિલકત, પૂર્વ - જાહેર માર્ગ, પશ્ચિમ - સરવે નં. ૨૦૬૧ ના પ્લોટ નં. ૧૭/એ પર મિલકત. | ૧૯/૦૭/૨૦૨૬ ના રોજ ભૌતિક કબજો લેવામાં આવ્યો |

તારીખ: 25.07.2026
સ્થળ: રાજકોટ
અધિકૃત અધિકારી
વાસ્તુ હાઉસિંગ ફાયનાન્સ કોર્પોરેશન લિ

## અમદાવાદ શહેર પૂર્વની તમામ શાળાઓ આવતીકાલે બંધ

અમદાવાદ | શહેરમાં સતત વરસી રહેલા ભારે વરસાદ અને વિદ્યાર્થીઓની સલામતીને ધ્યાનમાં રાખીને અમદાવાદ શહેર પૂર્વના જિલ્લા શિક્ષણાધિકારીએ મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. સરકારની સૂચના અનુસાર તા. 25/07/2026 (શનિવાર) ના રોજ અમદાવાદ શહેર પૂર્વ વિસ્તારમાં આવેલી તમામ સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર પ્રાથમિક, માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તેમજ કોલેજોમાં રજા જાહેર કરવામાં આવી છે. જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા જાહેર કરાયેલા પરિપત્રમાં જણાવાયું છે કે, ભારે વરસાદની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી વિદ્યાર્થીઓના આરોગ્ય અને સલામતીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી છે.

## ગુરૂકુળમાં દુકાનોમાં પાણી ઘૂસતા વેપારીઓને લાખોનું નુકસાન

અમદાવાદ | નવા રોડ બન્યા છતાં ગટરના પાણીના નિકાલની કોઈ વ્યવસ્થા જ નથી. તંત્ર અને સત્તાધિશોએ કરેલા પ્રિ મોન્સૂન કામગીરીના દાવા પોકળ સાબિત થયા છે. વેપારીઓનું કહેવું છે કે ટેક્સ વસૂલાય છે પણ સુવિધા મળતી નથી. ગુરૂવારે અમદાવાદમાં ભારેથી અતિભારે વરસાદ ખાબક્યો હતો. શહેરમાં જ્યાં જુઓ ત્યાં જળભરાવ થયો હતો. વાહન ચાલકો રોડ પર જ ફસાઈ ગયા હતાં. અનેક સોસાયટીઓ અને મકાનો પાણીમાં ગરકાવ હતાં. સ્કૂલોનો છૂટવાનો સમય હતો આ દરમિયાન પણ અનેક સ્કૂલ વાન પણ પાણીમાં ફસાઈ ગઈ હતી.




### નવસારીમાં વાયુસેના દ્વારા એરલિફ્ટ અને સૈન્યની ટુકડીઓ મેદાનમાં

નવસારી જિલ્લામાં પૂરની વિકટ પરિસ્થિતિ સામે પહોંચી વળવા NDRF અને SDRFની 4 ટુકડીઓ ઉપરાંત વહીવટી તંત્ર દ્વારા સ્પેશિયલ મિલિટરી બટાલિયનને બોલાવવામાં આવી છે, જે અત્યાધુનિક ઈક્વિપમેન્ટ સાથે ધમડાછા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં રેસ્ક્યૂ કરી રહી છે.

બીજી તરફ, ગણદેવી તાલુકાના ભાટ ગામ પાસે ઝીંગા ફાર્મ પર ફસાયેલા 30થી વધુ લોકોએ મદદની ગુહાર લગાવતાં, વાયુસેનાના હેલિકોપ્ટર મારફતે તમામ લોકોને સુરક્ષિત રીતે એરલિફ્ટ કરીને બચાવી લેવાયા છે.

# નવસારીમાં 30થી વધુ લોકોને એરલિફ્ટ કરાયા

## અમદાવાદ-રાજકોટ હાઈવે બંધ, બગોદરા ડાઈવર્ઝન અપાયું:, જામનગરમાં કાર પૂરમાં ફસાઈ, અમરેલીમાં તણાયેલા યુવકનું દિલધડક રેસ્ક્યૂ



ગુજરાતમાં ચોમાસાની તોફાની પધરામણી વચ્ચે આજે સવારે 6થી 12 વાગ્યામાં 239 તાલુકાઓમાં વરસાદ ખાબક્યો છે, જેમાં સૌથી વધુ વાવ-થરાદના દિયોદર અને ભાભર તાલુકામાં સાડા છ ઈંચથી વરસ્યો છે. સુરતમાં ખાડીપૂરની સ્થિતિ વધુ વિકટ બની છે. નવસારીમાં પૂરની કટોકટી સામે પહોંચી વળવા NDRF-SDRF અને મિલિટરી બટાલિયન ઉપરાંત ભારતીય વાયુસેનાના હેલિકોપ્ટર મારફતે ભાટ ગામ નજીક ઝીંગા ફાર્મ પર ફસાયેલા 30થી વધુ લોકોને સફળતાપૂર્વક એરલિફ્ટ કરાયા છે. પૂરના કારણે એક હજારથી વધુ કારોને નુકસાન થયું છે.

બીજી, તરફ જામનગરના કાલાવડમાં ઘોડાપૂરમાં ફસાયેલી કારને ગ્રામજનોએ ટ્રેક્ટર અને દોરડા વડે ખેંચીને મોટી દુર્ઘટના ટાળી હતી.

રાજકોટના ગોંડલ-જેતપુર નેશનલ હાઈવેથી સ્વામિનારાયણ ગુરુકુલ થઈને વીરપુર જતા રસ્તે ઘોડાપૂરમાં કાર તણાતાં 2 લોકોની શોધખોળ હાથ ધરાઈ છે. અમદાવાદમાં અનરાધાર વરસાદથી દુકાનો-ઘરોમાં હજુ પાણી ભરાયેલા છે.

હવામાન વિભાગ દ્વારા આજે 24 જુલાઈના રોજ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. મધ્ય ગુજરાતના પંચમહાલ, મહીસાગર અને દાહોદ જિલ્લામાં આજે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, જ્યારે 13 જિલ્લાઓમાં ઓરેન્જ અને 10 જિલ્લાઓમાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે.

અમદાવાદ-રાજકોટ નેશનલ હાઈવે પર બાવળા પાસે ભારે વરસાદના કારણે ગંભીર સ્થિતિ સર્જાતાં બગોદરાથી સનાથલ સુધીનો માર્ગ સંપૂર્ણ બંધ કરી દેવામાં આવ્યો છે. બાવળાના ગેલોપ્સ પાર્ક પાસે પૂરના પાણીમાં ફસાયેલા 900 જેટલા લોકોને બચાવવા માટે પોલીસ અને SDRFની ટીમો દ્વારા યુદ્ધધોરણે રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. હાઈવે બંધ થતાં વાહન-વ્યવહાર ઠપ્પ થઈ ગયો છે, જેથી તંત્ર દ્વારા અમદાવાદ-રાજકોટ વચ્ચે મુસાફરી કરતા વાહનો માટે બગોદરાથી વેજળકા થઈને ધોલેરા એક્સપ્રેસ હાઈવે પર ડાઈવર્ઝન આપવામાં આવ્યું છે.

રાજ્યભરમાં સર્જાયેલી ધોધમાર વરસાદી સ્થિતિને પગલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર ખાતે ઉચ્ચસ્તરીય બેઠક યોજી રાહત અને બચાવ કામગીરીની સમીક્ષા કરી હતી. મુખ્યમંત્રીએ અમદાવાદ શહેરમાં ભરાયેલા વરસાદી પાણીનો તાત્કાલિક નિકાલ કરવા વહીવટી તંત્રને કડક આદેશ આપ્યા હતા. બીજી તરફ, રાજ્યના DGPએ પણ તમામ SP અને રેન્જ IG સાથે વીડિયો કોન્ફરન્સ યોજી પોલીસ કાફલાને સતત પ્રજાની વચ્ચે રહી ટ્રાફિક અને રેસ્ક્યૂ કામગીરીમાં સક્રિય રહેવા સૂચના આપી હતી.અપડેટ



## ગણદેવી અને શાંતાદેવીમાં કરોડોનું ધોવાણ...

નવસારી જિલ્લામાં વરસાદનું જોર ઘટતાં અંબિકા નદી ઘટીને 36.8 ફૂટ અને કાવેરી 18 ફૂટ પર આવતાં રાહત થઈ છે, પરંતુ પૂર્ણા નદી હજુ 29 ફૂટ પર સ્થિર છે. પાણી ઓસરતાં જ વાંસદા તરફનો ઓવરબ્રિજ ધોવાઈ જતાં રસ્તો બંધ થયો છે. ગણદેવી તાલુકાના 25થી વધુ ગામોમાં 1,000થી વધુ વાહનો તણાઈ જતાં કરોડોનું નુકસાન થયું છે, જ્યારે હીરા ઉદ્યોગના હબ ગણાતા શાંતાદેવી વિસ્તારમાં 12 ફૂટ પાણી ભરાતાં 3,000થી વધુ પરિવારો ફસાયા છે.

જેમને મનપા દ્વારા ઘરો સુધી જઈને રાશન અને જરૂરી સામગ્રી પહોંચાડાઈ રહી છે. અમદાવાદમાં 24 જુલાઈના રોજ વહેલી સવારે 5 વાગ્યાથી સાર્વત્રિક ધોધમાર વરસાદ શરૂ થયો છે, જેમાં સૌથી વધુ ચાંદખેડામાં 2 ઈંચ તેમજ ગોતા, મેમ્કો, નરોડા અને એરપોર્ટ સહિતના વિસ્તારોમાં 1.5 ઈંચ વરસાદ નોંધાયો છે.

ભારે વરસાદના પગલે ત્રાગડ રોડ, IOC રોડ અને ડિકેબીન રોડ સહિતના માર્ગો પર પાણી ભરાઈ ગયા હતા, જ્યારે મોડીરાત્રે ભરાયેલા પાણીના કારણે બંધ કરાયેલા 17 અંડરબ્રિજમાંથી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પાણીનો નિકાલ કરાતાં 9 બ્રિજ શરૂ કરાયા છે અને મકરબા, પરિમલ, અખબાર નગર, મણિનગર દક્ષિણી, કાળીગામ, ચાંદલોડિયા, રાણીપ GST તથા ચાંદખેડા જેવા 8 અંડરબ્રિજ હજુ પણ બંધ છે. ખોખરા જાડેજા કોર્નર પાસે પાણીમાં ફસાયેલી બસમાંથી મણિનગર ફાયર ટીમે 55 લોકોને સહીસલામત બહાર કાઢ્યા હતાં. આ ઉપરાંત નિકોલની મધુમાલતી આવાસ યોજનામાં પાણી ભરાતાં 1000થી વધુ રહીશો.

## વિશ્વામિત્રી 13 ફૂટે પહોંચતાં વડોદરા તંત્ર એલર્ટ

ઉપરવાસમાં ભારે વરસાદથી વિશ્વામિત્રી નદીની જળસપાટી 13 ફૂટે પહોંચતાં તંત્ર એલર્ટ બન્યું છે. પૂરની શક્યતાને પગલે નદીકાંઠાના નીચાણવાળા વિસ્તારોને સતર્ક રહેવા જણાવાયું છે. તંત્ર ચોવીસે કલાક સ્થિતિ પર નજર રાખી રહ્યું છે અને નાગરિકોને અફવાઓથી દૂર રહી સત્તાવાર માહિતી પર જ વિશ્વાસ રાખવા અપીલ કરાઈ છે.

અમરેલી જિલ્લાની જીવાદોરી સમાન શેત્રુંજી નદીએ ભારે વરસાદ બાદ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. જિલ્લામાં સૌથી મોટી શેત્રુંજી નદીમાં ઘોડાપૂરની સ્થિતિ સર્જાઈ છે. ગાવડકા ગામ નજીક શેત્રુંજી અને સાતલડી નદીના સંગમ સ્થળે પાણીનો ધસમસતો પ્રવાહ જોવા મળી રહ્યો છે. નદીમાં સતત પાણીની આવક થતાં જળસ્તર ઝડપથી વધ્યું છે. વહીવટી તંત્ર દ્વારા નદી કાંઠાના ગામોના લોકોને સાવચેત રહેવા અને નદી નજીક ન જવાની સૂચના આપવામાં આવી છે. બીજી તરફ, લાંબા સમય બાદ શેત્રુંજી નદીમાં ઘોડાપૂર આવતા જિલ્લામાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. નદીના વહેણના દ્રશ્યો નિહાળવા મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા છે.



## વિરપુરમાં તેલ હોકરા નદીના તણાયેલી કાર મળી આવી

રાજકોટ જિલ્લાના વિરપુરમાં તેલ હોકરા નદીના પૂરના પાણીમાં કાર તણાઈ મામલે SDRF અને ફાયર વિભાગ દ્વારા રેસ્ક્યૂ કામગીરી તેજ કરવામાં આવી છે. ઘટનાની જાણ થતાં જ જેતપુર અને ગોંડલ ફાયર બ્રિગેડની ટીમો તાત્કાલિક અસરથી સ્થળ પર પહોંચી ગઈ હતી અને શોધખોળ હાથ ધરી હતી.

પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને રાખીને સ્થાનિક મામલતદાર અને પોલીસ સહિતનો કાફલો પણ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. રેસ્ક્યૂ ઓપરેશનને વધુ ઝડપી બનાવવા માટે SDRF (સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ)ની ટીમને પણ બોલાવવામાં આવી હતી, જેણે સ્થળ પર પહોંચીને તુરંત બચાવ કામગીરી શરૂ કરી દીધી હતી. ભારે જહેમત બાદ કાર બહાર કઢાઈ. રેસ્ક્યૂ ટીમ અને સ્થાનિક તંત્ર દ્વારા ભારે જહેમત ઉઠાવ્યા બાદ પૂરના ધસમસતા પાણીમાંથી ઈલેક્ટ્રિક કારને સફળતાપૂર્વક બહાર કાઢવામાં આવી છે.

ગાંધીનગર શહેર તરફ જતા વાવોલ અંડરબ્રિજને વરસાદી પાણી ભરાઈ જવાના કારણે બંધ કરી દેવામાં આવ્યો છે. કરોડો રૂપિયાના ખર્ચે બનેલા આ બ્રિજમાં નજીવા વરસાદમાં જ દીવાલોમાંથી પાણીના ફુવારા નીકળવા લાગ્યા છે, જેના લીધે ભ્રષ્ટાચારની પોલ પણ બહાર આવી ગઈ છે. જો ભારે વરસાદ વરસે તો અંડર બ્રિજની દીવાલો ધોવાઈને ગમે ત્યારે ધસી પડે તેવી ભીતિ પણ સ્થાનિકોને સતાવી રહી છે.




**સુરતમાં ખાડીપૂરથી સ્થિતિ વિકટ બની |** સુરતમાં ભારે વરસાદના પગલે ખાડીપૂરની સ્થિતિ વધુ વિકટ બની છે, જેના આકાશી દૃશ્યો સામે આવતા જ પરિસ્થિતિની ગંભીરતા સ્પષ્ટ દેખાઈ રહી છે. ખાસ કરીને પર્વતગામ વિસ્તાર આખેઆખો બેટમાં ફેરવાઈ ગયો છે અને ચારેય તરફ માત્ર પાણી જ પાણી નજરે પડી રહ્યું છે. સ્થાનિકો માટે મુશ્કેલી એ છે કે, હજી પણ મીઠીખાડીના પાણી ઓસરવાનું નામ નથી લઈ રહ્યા અને તે મુખ્ય રોડ-રસ્તાઓ પર ફરી વળ્યા છે, જેના કારણે સમગ્ર વિસ્તાર જળમગ્ન થઈને સંપર્કવિહોણો બન્યો છે.

## વલસાડમાં લોકોની ઘરવખરીને મોટું નુકસાન



વલસાડના ભાઠી કરમબેલી ગામ પટેલ ફળિયામાં ગડાડૂબ પાણી ભરાયાં હતાં, જેથી ઘરવખરીને નુકસાન થયું હતું. લોકો કલાકો સુધી પાણીમાં ફસાયા હતા. વહીવટી તંત્ર અને સ્થાનિક જનપ્રતિનિધિઓએ દરકાર ન લેતા લોકોમાં રોશ જોવા મળ્યો હતો.વિસનગર શહેરમાં પડેલા વરસાદને લઈ શહેરના અનેક નીચાણ વાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા સર્જાઈ છે. શહેરના ધરોઈ કોલોનીથી મહેસાણા ચોકડી સુધી રોડ પર પાણી ભરાવાની સમસ્યા સર્જાઈ છે અને એપીએમસી ગેટ આગળ પણ પાણી ભરાયા છે. પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકાના વારાહી પંથક અને આસપાસના ગામોમાં વરસેલા ધોધમાર વરસાદથી ખેડૂતોમાં આનંદ અને ચિંતાનો મિશ્ર માહોલ સર્જાયો છે. લાંબા સમયની રાહ બાદ પડેલા આ વરસાદથી ખરીફ પાકને સંજીવની મળી છે તેમજ તળાવો અને ચેકડેમોમાં નવા નીર આવતાં ખેડૂતો તથા પશુપાલકોમાં ખુશી વ્યાપી છે. જોકે, નીચાણવાળા ખેતરોમાં પાણી ભરાઈ જતાં નવા વાવેતરને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. જો આગામી દિવસોમાં અતિભારે વરસાદ ચાલુ રહેશે તો પાકને મોટું નુકસાન થવાની શક્યતા હોવાથી ખેડૂતોમાં સાવચેતી અને ચિંતા જોવા મળી રહી છે. જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના બામણગામ વિસ્તારમાં મેઘરાજાની ધોધમાર બેટિંગને કારણે નદીમાં ઘોડાપૂર આવ્યું હતું. પાણીના તીવ્ર પ્રવાહમાં એક કાર નાળા પાસે ફસાઈ જતાં જોખમી સ્થિતિ સર્જાઈ હતી, જોકે સ્થાનિક લોકોએ તાત્કાલિક મદદે દોડી આવી ટ્રેક્ટર અને દોરડા વડે કારને સુરક્ષિત બહાર ખેંચી લીધી હતી. ગ્રામજનોની સમયસરની સતર્કતાથી મોટી હોનારત ટળી હતી. બીજી તરફ, નીચાણવાળા વિસ્તારો અને રસ્તાઓ પર પાણી ભરાતાં તંત્ર દ્વારા લોકોને વહેતા પાણી કે નાળામાંથી પસાર ન થવા અને સાવચેત રહેવા અપીલ કરવામાં આવી છે. અમરેલી જિલ્લાના બગસરા પંથકમાં સતત ભારે વરસાદના કારણે સાતલડી નદીમાં ઘોડાપૂર આવતાં પાણી ભયજનક સપાટી વટાવીને ખેતરો અને રહેણાંક વિસ્તારોમાં ફરી વળ્યા છે.


બેસણું



સ્વ. શૌનકભાઈ મંગલદાસ પરીખ

અમારા પૂજ્ય પિતાશ્રી શૌનક મંગલદાસ પરીખ તા. ૨૪/૦૭/૨૦૨૬ ને શુક્રવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. સદગત આત્માની શાંતિ અર્થે પ્રાર્થનાસભા તા. ૨૫/૦૭/૨૦૨૬ ને શનિવાર ના રોજ સવારે ૯ થી ૧૧ દરમ્યાન નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ: શ્રી કામનાથ મહાદેવ હોલ, સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલની સામે, મેમનગર, અમદાવાદ

તારીખ: ૨૫/૦૭/૨૦૨૬ સમય: સવારે ૯ થી ૧૧

- સ્વ. ડો. મંગલદાસ જી. પરીખ (ધોળકાવાળા)
- સ્વ. તરૂલતા મંગલદાસ પરીખ
- દીપિકા શૌનક પરીખ
- રૂચિર શૌનક પરીખ
- શીતલ રૂચિર પરીખ
- સાહિલ શૌનક પરીખ
- મિતાલી સાહિલ પરીખ
- ધૈર્ય રૂચિર પરીખ

પિયરપક્ષની પ્રાર્થનાસભા ઉપરોક્ત સમય અને સ્થળે રાખેલ છે.



દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...